અમદાવાદ સ્ટોક ટુડે

સોમવાર, 25 ઓક્ટોબર, 2026 ■ વર્ષ 13 અંક-106 | અમદાવાદ ■ તંત્રી : સીમા શાહ

કિંમત : ₹ 2 કુલ પાના-16 | વાર્ષિક લવાજમ ₹104

RNI No. GUJGUJ/2013/52004 ■ TC Code : GUJGUJ14760 ■ Rg. No. 124559

Subject to Juridiction Ahmedabad Email : stocktodaynews@gmail.com

સુવિચાર

લક્ષ્ય હંમેશા નિર્માણનું હોવું જોઈએ સાહેબ, બાકી કામ તો ઉધઈ પણ રાત દિવસ કરે છે, પરંતુ એ વિકાસ નહીં વિનાશ કરે છે...

પેજ-16

એકતાનગર ખાતે પ્રવાસીઓ માટે નવું આકર્ષણ

નાગરિકોને લશ્કરી તાલીમ અપાશે : PM ની જાહેરાતનો સમય

ગુજરાત સહિતના 12 રાજ્યોમાં 60000 લોકોની મજબૂત સિવિલ ડિફેન્સ ફોર્સ તૈયાર કરાશે

નવી દિલ્હી: કેન્દ્રીય ગૃહ મંત્રાલયે હવે ગુજરાત સહિત 12 રાજ્યો તથા કેન્દ્ર શાસીત પ્રદેશમાં સીવીલ ડીફેન્સ ફોર્સ ઉભી કરવા નિર્ણય લીધા છે. જેમાં 60000 લોકોને સામેલ કરાશે. આ એક લશ્કરી જેવી તાલીમ હશે અને તે સ્થાનિક નાગરિક સામાજીક સુરક્ષાની ભૂમિકા ભજવશે.

આ પ્રકારનો એક પાઈલોટ પ્રોજેકટ તયાર કરાયા છે. જે બાદમાં દેશભરમાં અમલી બનાવાશે. પ્રથમ તબકકામાં તેમાં પસંદ થતા નાગરિકોને ત્રણ દિવસની તાલીમ અપાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિન ભાષણમાં દેશમાં અતિ આધુનિક સાધનો સાથે તથા ટેકનોલોજી જાણકાર અને કટોકટીના સમયે પરીસ્થિતિ સંભાળી શકે તેવી મજબૂત સિવિલ ડીફેન્સ ફોર્સ રચવાની જાહેરાત કરી હતી.

આ પ્રકારની ફોજને સૈન્ય દ્વારા પણ તાલીમ અપાશે. આ માટે ડાયરેકટર જનરલ ફાયર સર્વિસ સિવિલ ડીફેન્સ તથા હોમગાર્ડ અને ગૃહમંત્રાલય સંયુક્ત રીતે કામ કરશે. આ માટે દરેક રાજયમાં 50 માસ્ટર ટ્રેનર 600 લોકોને તાલીમ આપશે. નવે. બીજા સપ્તાહથી તે શરૂ થઈ જશે. જે રાજ્યોમાં આ પ્રકારે સિવિલ ડીફેન્સ નેટવર્ક તૈયાર થશે. તેમાં ગુજરાત ઉપરાંત જમ્મુ-કાશ્મીર-પંજાબ-રાજસ્થાન-દિલ્હી-મેઘાલય, સિકકીમ, આસામ, ઉતરપ્રદેશ, કેરળ, કર્ણાટક અને તામિલનાડુનો સમાવેશ કરાયો છે. આ દળોને કોઈ અણધારી ધમકી, રક્ષણ અને તુર્તજ પ્રતિભાવ આપી શકે તે નિશ્ચિત કરાશે.

કટોકટીની સ્થિતિમાં એકશનમાં આવે તેવી ખોસ ફોજ : કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેરાત



ફટાકડા સ્ટોલમાં 'મેટલ શેડ' ફરજીયાત

દિવાલીના તહેવારોમાં ફટાકડાના કારણે દુર્ઘટનાઓ રોકવા નિર્ણય : માત્ર કાપડ અથવા જવલનશીલ મટીરીયલથી સ્ટોલ ઉભા નહી કરી શકાય

અમદાવાદ : દિવાળીના દિવસો નજીકમાં છે અને ફટાકડાના કારોબાર શરૂ થઈ ગયા છે ત્યારે માર્ગો પર ખડકાતા ફટાકડાના સ્ટોલ માટે કડક નિયમો નકકી કરવામાં આવ્યા છે. કાપડ કે સળગી શકે તેવા મટીરીયલના આધારે સ્ટોલ ઉભા નહીં કરી શકાય અને તેમાં પતરા કે મેટલના શેડ ફરજીયાત બનશે. અમદાવાદ સહિતના શહેરોમાં તાજેતરમાં ફટાકડાને લગતી દુર્ઘટનાને પગલે ફટાકડાના સ્ટોલમાં પતરા કે મેટલ આધારીત શેડ ફરજીયાત બનાવવામાં આવ્યા છે. માર્ગો



અથવા સોસાયટીઓમાં કે પછી મેદાનોમાં ઉભા કરાતા સ્ટોલમાં પતરા કે મેટલના શેડ રાખવાનું ફરજીયાત રહેશે અને આ સુરક્ષા નિયમોનો કડકાઈથી અમલ કરવાનો રહેશે.

ફટાકડાથી આગની દુર્ઘટના રોકવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુત્રોના કહેવા પ્રમાણે ફટાકડાના સ્ટોલ માટે ફાયરબ્રિગેડ દ્વારા મંજૂરી આપવામાં આવે જેના આધારે પોલીસ દ્વારા લાયસન્સ આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે દિવાળીના સમયમાં રાજયભરમાં માર્ગો મેદાનો પર ફટાકડાના કામચલાઉ સ્ટોલ ઉભા થઈ જતા હોય છે અનેક સ્ટોલધારકો જરૂરી નિયમોનું પાલન પણ કરતા નથી કે સરકારી મંજૂરી પણ મેળવતા નથી. રહેણાંક અથવા કોમર્શીયલ કે પછી ગીચ વિસ્તારોમાં કોઈ દુર્ઘટના સર્જાવાના સંજોગોમાં મોટુ જોખમ ઉભુ થાય છે. નવા નિયમો હેઠળ સ્ટોલ ધારકોએ મેટલ શેડ બનાવવાનું ફરજીયાત રહેશે અને તેમાં સળગી શકે તેવી સામગ્રીનો ઉપયોગ કરવા પર રોક મુકવામાં આવી છે. ફાયર સુરક્ષાના સાધનો પણ રાખવાના રહેશે. નિર્ધારીત ફાયરસેફટી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે. નિયમોનું ચુસ્ત પાલન થવાના સંજોગોમાં જ ફાયરબ્રીગેડ અરજી મંજુર કરશે અને તેના આધારે પોલીસ લાયસન્સ આપશે.

અમદાવાદમાં રૂ. 223 કરોડના ખર્ચે 521 પથારીનું ન્યૂરોસાયન્સ સેન્ટર બનશે; રાજ્યમાં 255 આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ અને 45 નવી કામગીરીઓનું ખાતમુહૂર્ત

ગુજરાતમાં રૂ. 532 કરોડના આરોગ્ય પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત



અમદાવાદ: રાજ્યમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ. 500 કરોડથી વધુના આરોગ્યલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત રૂ. 185 કરોડના ખર્ચે તૈયાર થયેલી 255 આરોગ્ય સુવિધાઓનું ઈ-લોકાર્પણ અને રૂ. 347 કરોડના ખર્ચે હાથ ધરાનારી 45 નવી કામગીરીઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ક્ષેત્રે સારવારની સાથે રોગપ્રતિકાર અને આરોગ્ય જાગૃતિ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આયુષ્માન ભારત યોજના હેઠળ રાજ્યના 2.87 કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં છે, જેના દ્વારા રૂ. 10 લાખ સુધીની મફત સારવારનો લાભ મળી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ 2001-02માં ગુજરાતમાં માત્ર આઠ મેડિકલ કોલેજો હતી, જેની સંખ્યા વર્ષ 2025-26માં વધીને 43 થઈ છે. એમબીબીએસની બેઠકો પણ 1,375થી વધીને 7,525 થઈ છે.

અમદાવાદમાં અત્યાધુનિક ન્યૂરોસાયન્સ સેન્ટર: અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં રૂ. 223 કરોડના ખર્ચે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યૂરોસાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આશરે 58,831 ચોરસ મીટર બિલ્ટ-અપ વિસ્તારમાં બનનારા આ કેન્દ્રમાં કુલ 521 પથારીની સુવિધા હશે. તેમાં 288 જનરલ વોર્ડ બેડ, 160 આઈસીયુ બેડ, 57 સ્પેશિયલ અને સેમી-સ્પેશિયલ બેડ તથા 16 ટ્રાયેજ બેડનો સમાવેશ થાય છે.

આ કેન્દ્રમાં 13 અદ્યતન ઓપરેશન થિયેટર, ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી વિભાગ, ઈમરજન્સી રેડિયોલોજી, આધુનિક પ્રયોગશાળા, બ્લડ બેંક અને ન્યુરો-રિહેબિલિટેશન સેન્ટર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. અહીં સ્ટ્રોક, બ્રેઇન ટ્યુમર, મગજ અને કરોડરજ્જુની જટિલ બીમારીઓ તેમજ અકસ્માતમાં થતી ન્યુરોલોજિકલ ઈજાઓની સારવાર મળી શકશે. આ કેન્દ્ર ગુજરાત ઉપરાંત આસપાસનાં રાજ્યોના દર્દીઓ માટે પણ ઉપયોગી બનશે.

મેડીસિટી અને સ્પાઇન હોસ્પિટલનું આયોજન: મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજકોટમાં એઇમ્સ કાર્યરત થઈ છે, જ્યારે જામનગરમાં ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન આકાર લઈ રહ્યું છે. અમદાવાદની જેમ વસઈ અને કામરેજ ખાતે પણ અંદાજે રૂ. 3,000 કરોડના ખર્ચે નવી મેડિસિટી વિકસાવવાનું આયોજન છે. આ ઉપરાંત ગાંધીનગર અને સુરતમાં કાર્ડિયોલોજી તથા ન્યુરોલોજીની સેવાઓનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરીયાએ જણાવ્યું હતું કે અમદાવાદમાં નિર્માણ પામનાર ન્યૂરોસાયન્સ સેન્ટર જટિલ ન્યુરોલોજીકલ બીમારીઓની સારવાર માટે મહત્ત્વપૂર્ણ બનશે. આગામી સમયમાં આ જ સંકુલમાં સ્પાઇન હોસ્પિટલ બનાવવાનું પણ આયોજન છે, જેથી ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને નજીકમાં જ અદ્યતન સારવાર મળી શકે.

દુનિયાનું સૌથી મોટું હેર-ડ્રાયર છે 5ફુટ, 9 ઇંચનું



બ્રિટનની એક એન્જિનિયર રુથ ઍમોસે વિશ્વનું સૌથી મોટું હેર-ડ્રાયર બનાવ્યું છે. એની લંબાઈ છે પાંચ ફુટ અને ૯ ઇંચ, જ્યારે ઊંચાઈ છે પાંચ ફુટ અને ૩ ઇંચ. સામાન્ય હેર-ડ્રાયર કરતાં અનેકગણું મોટું હોવા છતાં એ વાળ સૂકવવાનું જ કામ કરે છે. રુથને તેના મિત્ર શૉન બ્રાઉનની સાથે મળીને આ હેર-ડ્રાયર બનાવતાં ૩ વીક લાગ્યા હતા. રુથે કંઈક અવનવું બનાવવા માટે પોતાની યુટ્યુબ ચૅનલ પર બાળકો પાસેથી સજેશન્સ માગ્યાં હતાં. ચારથી ૧૧ વર્ષનાં બાળકોએ નવાં ઈનોવેશન્સ માટે ૫૦૦૦થી વધુ સજેશન્સ આપ્યાં હતાં. એમાંથી રુથે હેર-ડ્રાયર બનાવવાનું પસંદ કર્યું હતું. એમાં ૫૦૦૦ વૉટની બૅટરી છે અને એમાં બે મોટાં હીટર લગાવવામાં આવ્યાં છે. સાઇઝની સાથે એનું વજન પણ જબરું વધારે છે. લગભગ ૮૦ કિલો વજન ધરાવતા આ હેર-ડ્રાયરને ઊંચકવા અને ઑપરેટ કરવા માટે બે જણની જરૂર પડે છે.

ગૃહપ્રવેશનું મુહૂર્ત સાચવવા લગ્ન પછી દુલ્હન 4 કલાકમાં 18 કિમી ચાલીને પહોંચી સાસરે



ઉત્તરાખંડના ચકરાતા બ્લૉકના ઉદાવા ગામમાં પાકા રસ્તા ન હોવાથી લગ્ન પછી એક દુલ્હને પગપાળા ચાલીને સાસરે પહોંચવું પડ્યું હતું. બુલ્હાડ ગામમાં રહેતી શર્મિલા નામની યુવતીનાં લગ્ન ઉદાવા ગામના અનિલ ચૌહાણ નામના છોકરા સાથે થયાં હતાં. લગ્ન પછી દંપતી પાછું ઘરે આવી રહ્યું હતું. બુલ્હાડ ગામથી જાનની ગાડીઓનો કાફલો લોખંડી ગામ સુધી તો આરામથી આવી ગયો, પરંતુ એ પછીના ૧૮ કિલોમીટરનું અંતર કાપવામાં અસલી કસોટી થઈ. આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ અહીં પાકો રસ્તો નથી બન્યો. એને કારણે દુલ્હા-દુલ્હને ચાલીને ઘરે પહોંચવાનું હતું. બીજા જાનૈયાઓ માટે તો ઠીક હતું, પરંતુ શર્મિલા શાદીના લેહંગામાં ભારે દાગીના સાથે લદાયેલી હતી. જોકે એને કારણે તે ધીમે-ધીમે ચાલે તો ગૃહપ્રવેશ માટેનું મુહૂર્ત સચવાય એમ નહોતું. સાસુમાએ તેને જલદી પગ ઉપાડવા કહ્યું એ પછી દુલ્હને ઉબડખાબડ રસ્તાવાળો ૧૮ કિલોમીટરનો રસ્તો ચાલીને પાર કરી નાખ્યો. આ ઘટનાનો વિડિયો પણ સોશ્યલ મીડિયામાં શેર કર્યો હતો. દુર્ગમ પહાડી જેવા વિસ્તારમાં લગ્નના ભારે કૉસ્ચ્યુમમાં આટલા કિલોમીટરનું ચડાણ હસતાં-રમતાં કરી રહેલી શર્મિલાનો વિડિયો લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. એનર્જેટિક દુલ્હનની સામે બીજા થાકી ગયેલા જાનૈયાઓ પણ વિડિયોમાં જોઈ શકાય છે.

બેન્ગલોરના એક યુવાને AIથી કર્ણાટકનું વિધાનભવન ઉડાડી માર્યું



કર્ણાટકના વિધાનભવનને બૉમ્બધડાકાથી ઉડાડી માર્યું હોય એવો એક વિડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થયો છે. એમાં યુવાન એક આંગળીથી ગન બનાવતો હોય એવો ઇશારો કરે છે અને વિધાનભવન તરફ તાકે છે. એ જ વખતે બિલ્ડિંગ ધડાકાભેર આગની જ્વાળાઓમાં ફાટી નીકળે છે. આ ઘટના આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)થી ક્રીએટ કરવામાં આવી છે. ૨૦ ઑક્ટોબરે સોશ્યલ મીડિયા પર મૂકવામાં આવેલા આ વિડિયો પરથી બેન્ગલોર પોલીસે જાતે જ આ માણસની શોધ શરૂ કરીને કેસ દાખલ કર્યો હતો. પોલીસે ઇન્ટરનેટ પ્રોટોકૉલ (IP) ઍડ્રેસ પરથી વિડિયો અપલોડ કરનારનું અકાઉન્ટ શોધ્યું હતું અને હઝરત અલી નામના પચીસ વર્ષના યુવાનને પકડ્યો હતો. આ યુવાન મૂળ બિહારના અરરિયા જિલ્લાનો રહેવાસી છે અને થોડા મહિના પહેલાં જ બેન્ગલોર શિફ્ટ થયો છે. તે અહીં રોજમજૂર તરીકે કામ કરે છે. પોલીસે તેની અટકાયત કરીને આવું કરવા પાછળની મંશા માટે પૂછપરછ શરૂ કરી છે.

માત્ર 4 વર્ષની ઉંમરે 'મેન્સા'માં તથા 'ઇન્ટરટેલ'માં સભ્ય પદ મેળવ્યું !

5 વર્ષના અર્જુને ત્રણ હજાર પુસ્તકો વાંચી લીધા છે ઇંચ લેવલ 141 : અસાધારણ જિજ્ઞાસા ધરાવતો બાળક

અનંતમાંથી અનંત બાદ કરીએ તો શું વધે?' આ પ્રશ્ન 5 વર્ષનો બાળક અર્જુન પ્રજાપતિ પૂછે છે. જે ઉંમરે સામાન્ય બાળકો પોતાની આસપાસની દુનિયાને માત્ર સમજવાની શરૂઆત કરતા હોય છે, તે ઉંમરે અર્જુન ગણિતના જટિલ સિદ્ધાંતો, બ્લેક હોલ, માનવ જિનેટિક્સ (આનુવંશિકતા) અને રોગપ્રતિકારક શક્તિ જેવા વિષયોની ઊંડાણપૂર્વક ચર્ચા કરે છે

અર્જુન જ્યારે માત્ર 18 મહિનાનો હતો ત્યારથી જ વાંચનનો શોખ રાખતો ! ફિઝિશિયન અને ક્લિનિકલ રિસર્ચર ડો. વિશાલ વી. પ્રજાપતિ અને વકીલ માતા મહિત્તાના ઘરે જન્મેલા અર્જુને તેની અદમ્ય જિજ્ઞાસાવૃતિના આધારે આ અદભુત શૈક્ષણિક સફર શરૂ કરી છે



ન્યુયોર્ક : માત્ર 4 વર્ષની ઉંમરે તેણે 'મેન્સા' (Mensa) અને 'ઇન્ટરટેલ' (Intertel) નામની બે આંતરરાષ્ટ્રીય હાઇ-ઇંચ સોસાયટીઓની સભ્યપદની પાત્રતા મેળવી લીધી હતી. સ્ટેનફોર્ડ-બિનેટ એસેસમેન્ટ અનુસાર તેનો ફુલ સ્કેલ ઇંચ 141 નોંધાયો હતો, જે તેને વિશ્વની 99.7 ટકા વસ્તી કરતા આગળ મૂકે છે. તેને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની તરફથી અભિનંદન પત્ર પણ મળ્યો છે.

આ બધી સિદ્ધિઓ છતાં, તેના માતા-પિતા માટે આ વાત માત્ર ઇંચ સ્કોર કે સર્ટિફિકેટ્સ પૂરતી મર્યાદિત નથી. તેમનો બાળઉછેરનો ફિલોસોફી એકદમ સરળ છેઃ 'પ્રોત્સાહન આપો, દબાણ નહીં.' અર્જુને આશરે 18 મહિનાની ઉંમરે વાંચવાનું શરૂ કર્યું હતું અને અત્યાર સુધીમાં ગણિત, ખગોળશાસ્ત્ર, માનવ શરીરરચના, જિનેટિક્સ, માઇક્રોબાયોલોજી અને ઇતિહાસ જેવા વિષયો પર 3,000થી વધુ પુસ્તકો વાંચી લીધા છે. પુસ્તકો પ્રત્યેનો તેનો પ્રેમ એવો છે કે તેના માતા-પિતાએ તેમની ફેમિલી કારમાં પણ 8થી 10 પુસ્તકો રાખવા પડે છે. તેણે એકવાર તેના પિતાને કહ્યું હતું, 'પપ્પા, જો હું બોર થઈ જાઉં તો? મારી પાસે વાંચવા માટે ઓછામાં ઓછું એક પુસ્તક તો હોવું જ જોઈએ!'

ડો. પ્રજાપતિ અર્જુનના જન્મ સમયની એક ખાસ વાત યાદ કરતા જણાવે છે કે જન્મથી જ તે અલગ હતો. નવજાત શિશુ પોતાની આસપાસની વસ્તુઓને ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યું હતું. "મેં મારી પત્ની તરફ જોઈને કહ્યું હતું જે મને આજે પણ બરાબર યાદ છેઃ 'એને જો! બાકી બધી બાબતો સિવાય, તે કેટલો જિજ્ઞાસુ દેખાય છે!'"

ેમ જેમ અર્જુન મોટો થયો તેમ તેમ તેને કાર્ટુન ચિત્રોમાં રસ પડવા લાગ્યો. તેને પાના ફેરવવા, માતા પાસેથી વાર્તાઓ અને બાળગીતો સાંભળવા ગમતા હતા. ધીમે ધીમે આંકડા અને પેટર્ન પણ તેનું ધ્યાન ખેંચ્યું.

ટૂંક સમયમાં જ શબ્દો ઓળખવા કે તથ્યો યાદ રાખવા તેના માટે પૂરતા ન હતા. તેને દરેક બાબત પાછળનું કારણ જાણવું હતું. એકવાર તેણે પ્રશ્ન પૂછ્યો કે જો કોઈ મોટી આરી (Saw) લઈને પૃથ્વીને વચ્ચેથી કેન્દ્ર સુધી કાપી નાખે તો શું થાય? ડો. પ્રજાપતિ કહે છે, "તેના પ્રશ્નો એવા નહોતા જે અમે તેને શીખવ્યા હોય. આ પ્રશ્નો તેની કલ્પનાશક્તિ અને દુનિયાને સમજવાની તીવ્ર ઇચ્છામાંથી ઉદભવતા હતા."

ઇંચ ટેસ્ટમાં શું ખુલાસો થયો?

જ્યારે અર્જુન 4 વર્ષ અને 10 મહિનાનો હતો ત્યારે તેનું સત્તાવાર રીતે બૌદ્ધિક મૂલ્યાંકન (Cognitive Assessment) કરવામાં આવ્યું હતું. 11 જૂન, 2026ના ડાયગ્નોસ્ટિક રિપોર્ટ અનુસાર, 'સ્ટેનફોર્ડ-બિનેટ ઇન્ટેલિજન્સ સ્કેલ્સ' (5મી આવૃત્તિ) હેઠળ તેનો ફુલ સ્કેલ ઇંચ 141 નોંધાયો હતો.

આ ઉપરાંત, તેના નોન-વર્બલ IQ સ્કોર 149, ફ્લુઇડ રિઝનિંગ સ્કોર 144 અને વર્કિંગ મેમરી સ્કોર 146 નોંધાયા હતા. મૂલ્યાંકનમાં તેની બૌદ્ધિક ક્ષમતાને 'પ્રતિભાશાળી' (Gifted) તરીકે વર્ણવવામાં આવી હતી. આ જ પરિણામોના આધારે તેને 4 વર્ષની વયે મેન્સા અને ઇન્ટરટેલમાં પ્રવેશ મળ્યો હતો. મેન્સામાં પ્રવેશ માટે વસ્તીના ટોચના 2 ટકા અને ઇન્ટરટેલ માટે ટોચના 1 ટકા IQ ધરાવતા હોવું જરૂરી છે.

લૉરેન્સ બિશ્નોઇ ગેંગના દુશ્મન અને સંખ્યાબંધ ગુનામાં વૉન્ટેડ હિમાંશુ ભાઉ અને નિરજને એફબીઆઇએ પકડ્યા

ભારતના મોસ્ટ વૉન્ટેડ ગૅંગસ્ટરો પર અમેરિકામાં તવાઇ

ભારતના મોસ્ટ વૉન્ટેડ ગેંગસ્ટર હિમાંશુ ભાઉ તથા તેના નજીકના સાથી અને હરિયાણાના પલવલ જિલ્લાના ફરીદપુર ગામના રહેવાસી કુખ્યાત ગેંગસ્ટર તથા હિસ્ટ્રીશીટર નીરજ ફરીદપુરિયાની પણ અમેરિકામાંથી જ ધરપકડ કરવામાં આવી છે. હરિયાણા STFના ઇનપુટના આધારે તેને અમેરિકાના લાસ વેગાસમાંથી ઝડપી પાડવામાં આવ્યો હતો. નીરજ ફરીદપુરિયા બંબિહા ગેંગનો સરદાર છે અને લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો કટ્ટર દુશ્મન પણ છે. તે હત્યા, ખંડણી અને બળજબરીથી વસૂલી જેવા અનેક કેસોમાં વૉન્ટેડ હતો. વિદેશમાં બેસીને વસૂલી સિન્ડિકેટ ચલાવતા આ ગેંગસ્ટરને ભારત લાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. હિમાંશુ ભાઉની જેમ, નીરજ ફરીદપુરિયા પણ હરિયાણા પોલીસની 'મોસ્ટ વૉન્ટેડ' યાદીમાં સામેલ હતો. તેની વિરુદ્ધ હત્યા, અપહરણ અને બળજબરીથી વસૂલી જેવા અનેક કેસ નોંધાયેલા છે. મળતી માહિતી મુજબ, નીરજ અને હિમાંશુ ભાઉ બંનેને 22 ઓક્ટોબરે અમેરિકાના લાસ વેગાસમાંથી એકસાથે પકડવામાં આવ્યા છે. હરિયાણા STFના ઇનપુટના આધારે અમેરિકામાં આ કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકન એજન્સીની મદદથી બંને ગેંગસ્ટરોની ધરપકડ કરવામાં આવી છે. બંનેને ભારત ડિપોર્ટ કરાવવા માટે હરિયાણા STF કેન્દ્રીય એજન્સીઓ સાથે અમેરિકાના સંપર્કમાં છે. હિમાંશુ સામે દિલ્હી, હરિયાણા સહિત અનેક રાજ્યોમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને હથિયારોની તસ્કરી જેવા 30થી વધુ ગંભીર કેસ નોંધાયેલા છે. ઇન્ટરપોલે તેની વિરુદ્ધ 2023માં રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી.

હરિયાણા પોલીસે તેના પર 2.5 લાખ રૂપિયા અને દિલ્હી પોલીસે 1 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કર્યું હતું. 2022માં હરિયાણામાં 24 કલાકમાં ત્રણ હત્યાઓ થયા બાદ હિમાંશુ ચર્ચામાં આવ્યો હતો.

હિમાંશુ ભાઉની ગેંગે જ 2025માં યુટ્યુબર એલ્વિશ યાદવના ગુરુગ્રામ સ્થિત ઘર બહાર થયેલા ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી. હિમાંશુની લૉરેન્સ અને ગોલ્ડી બરાડ ગેંગ સાથે દુશ્મની હોવાનું માનવામાં આવે છે.

ટેક્નિકલ દેખરેખ અને બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે લાસ વેગાસમાં તેનું ઠેકાણું શોધી કાઢવામાં આવ્યું. ત્યારબાદ અમેરિકાની



કાયદા અમલીકરણ એજન્સીઓને તેનું લોકેશન શેર કરવામાં આવ્યું, જેમણે ગુરુવારે સાંજે તેની ધરપકડ કરી લીધી. 24 વર્ષીય હિમાંશુ ભાઉ હરિયાણાના રોહતક જિલ્લાના રિતોલી ગામનો રહેવાસી છે. તેણે 17 વર્ષની ઉંમરે રોહતકના શાકભાજી માર્કેટ વિસ્તારમાં ખંડણી વસૂલીને ગુનાની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. રિતોલી ગામના સ્થાનિક યુવક સનીની હત્યા બાદ હિમાંશુ ભાઉ 2020માં હિસારના બાળ સુધારગૃહમાંથી આશરે 20 છોકરાઓ સાથે ફરાર થઈ ગયો હતો. તે જેલમાં બંધ ગેંગસ્ટર નીરજ બવાનાને મળ્યો અને વેપારીઓને ખંડણી માટે ધમકાવવા લાગ્યો. બાદમાં તેણે પોતાની ગેંગ બનાવી લીધી. હરિયાણા અને દિલ્હી-એનસીઆરની અનેક ગુનાહિત ઘટનાઓમાં તેનું નામ સામે આવ્યું છે. તેના વિરુદ્ધ 16 હત્યા અને હત્યાના પ્રયાસ સહિત 30થી વધુ કેસ નોંધાયેલા છે.

10 દિવસમાં 12 જણને બચકું ભરનારા વાંદરાને પકડવા માટે રૂ. 51,000નું ઇનામ જાહેર



હરિયાણાના પલવલ જિલ્લાના એક ગામમાં લગભગ દસેક દિવસથી તોફાન મચાવતા વાંદરાએ લગભગ ૧૨ લોકોને બચકાં ભર્યાં હતાં. રસ્તામાં ગમે ત્યાં ચાલતા માણસો પર બેફામ ત્રાસ વર્તાવતા આ વાંદરાને પકડવા માટે ૫૧,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. વાંદરાના આતંકથી લોકો ઘરની બહાર નીકળતાં પણ ડરતા હતા. આખરે વાંદરો પકડાયો ત્યારે લોકો એટલા રોષે ભરાયેલા હતા કે તેમણે બાંધેલા વાંદરાને લાફા ઝીંક્યા હતા. વાઇરલ વિડિયોમાં એક માણસ વાંદરાના હાથ પીઠ પાછળ પકડીને ઊંચકીને જઈ રહ્યો છે અને એની પાછળ લોકોનું સરઘસ નારાબાજી કરી રહ્યું છે. કેટલાકે તો બંધાયેલા વાંદરાને લાફા ઝીંક્યા હતા. એ પછી બે જણ બાઇક પર વાંદરાને લઈને રવાના થઈ ગયા હતા. ગામના લોકોએ તાળીઓ પાડીને ખુશી વ્યક્ત કરી હતી અને રાહતનો શ્વાસ લીધો હતો. જોકે મૂંગા પ્રાણી પર ટોળાએ હાથ ઉપાડ્યો એ સામે સોશ્યલ મીડિયા પર પ્રાણીપ્રેમીઓની નારાજગી પણ ફાટી હતી.

ઉત્તર પ્રદેશના 75 જિલ્લાની સંસ્કૃતિ જાણવા માટે પગપાળા અને લિફ્ટ લઈને ફરવા નીકળ્યો બાવીસ વર્ષનો યુવાન



ઉત્તર પ્રદેશના બલિયામાં રહેતો બાવીસ વર્ષનો સૂર્યપ્રતાપ સિંહ આખા રાજ્યનું ભ્રમણ કરવા નીકળ્યો છે. તેણે આખા રાજ્યના દરેકેદરેક જિલ્લાની યાત્રા કરીને એની સંસ્કૃતિની વિશેષતા જાણવાનું નક્કી કર્યું છે. અત્યાર સુધીમાં સૂર્યપ્રતાપ ૧૦ જિલ્લા ફરી ચૂક્યો છે. સૂર્ય પ્રતાપનું કહેવું છે કે દુનિયા ફરવા તો બધા નીકળે છે પણ પોતાના રાજ્યની ખાસિયતો અને આગવી સંસ્કૃતિને જાણવા અને ફેલાવવાનું કામ કરવું બહુ જરૂરી છે. તે રોજના ૧૦ કિલોમીટર ચાલે છે અને જ્યારે જિલ્લાની સરહદો પાર કરવાની હોય ત્યારે લોકલ લોકો પાસેથી નાની-નાની લિફ્ટ લઈને આગળ વધે છે. એમ કરવાથી જે-તે જિલ્લા અને આસપાસનાં ગામોની સંસ્કૃતિ વિશે પણ આપ-લે થાય છે અને એની રીલ્સ બનાવીને તે સોશ્યલ મીડિયા પર મૂકે છે. જ્યાં રાત પડે ત્યાં નજીકમાં જ કોઈ મંદિર, ગુરુદ્વારા કે બસ-સ્ટોપ પર રાત ગાળે છે. સૂર્યપ્રતાપનું કહેવું છે ઉત્તર પ્રદેશની વાસ્તવિક હકીકત બહુ જુદી છે. અહીં દર ૫૦-૧૦૦ કિલોમીટરે લોકોની બોલી બદલાય છે, ખાવાપીવાની લઢણ બદલાય છે અને તહેવારો તેમ જ ઉજવણીની પરંપરાઓ પણ બદલાઈ જાય છે. સૂર્યપ્રતાપ એકલો જ નીકળ્યો છે. તેની સાથે કોઈ ટીમ નથી. તે માત્ર જરૂરી કપડાંની બૅગ અને પાણીની બૉટલ લઈને ફરે છે.

પત્ની-પીડિત પુરુષોએ રાવણને બદલે કર્યું શૂર્પણખાદહન



મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં ગઈ કાલે વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે કેટલાક પુરુષોએ એક સ્ત્રીના પૂતળાનું દહન કર્યું હતું. પત્ની-પીડિત પુરુષ આશ્રમના બૅનર સાથે પુરુષોના એક ગ્રુપે પરંપરાગત રાવણના પૂતળાને સ્થાને શૂર્પણખાનું પૂતળું બનાવ્યું હતું અને એનું દહન કર્યું હતું. પુરુષ સંગઠનના પ્રમુખ ભારત ફુલારેનું કહેવું છે કે પુરુષોના અધિકારોની રક્ષા માટે દેશમાં પુરુષ આયોગ બનવું જોઈએ જેથી ઘરેલુ હિંસાના જૂઠા આરોપોથી પુરુષો બચી શકે અને ન્યાય મળી શકે, અમારી આ માગણી સરકાર સુધી પહોંચાડવા માટે અમે અલગ પ્રકારે ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો.

મધ્યપુર્વમાં તનાવ ફરી વખત વધવાની આશંકા

નવા સૈન્ય હુમલાની ટ્રમ્પની ચેતવણી ઈરાનની ઈન્ટરનેટ કેબલ કાપવાની ધમકી



તહેરાન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ફરી એકવાર સૈન્ય કાર્યવાહી કરવાની શક્યતા વ્યક્ત કરી છે. ફ્લોરિડામાં એક રેલી દરમિયાન તેમણે સંકેત આપ્યો હતો કે અમેરિકા ઈરાન સામે વધુ એક મોટું સૈન્ય ઓપરેશન હાથ ધરી શકે છે.

ટ્રમ્પના આ નિવેદન બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ વધુ વ્યાપક બનવાની અને સમગ્ર ક્ષેત્રમાં તણાવ વધવાની ગંભીર આશંકા ઊભી થઈ છે. ફ્રાન્સ અને તૂર્કિયે સહિતના વિશ્વના અનેક દેશોએ આ પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં સ્પષ્ટ કર્યું છે કે નવી સૈન્ય કાર્યવાહીથી ઓઈલના ભાવમાં ભારે ઉછાળો આવી શકે છે અને આ સમસ્યાનો ઉકેલ માત્ર ડિપ્લોમસી અને વાટાઘાટો દ્વારા જ શક્ય છે.

અમેરિકા અને ઈઝરાયલ તરફથી શક્ય હુમલાની ચેતવણી વચ્ચે ઈરાની સુરક્ષા અધિકારીઓએ વળતો પ્રહાર કરવાની તૈયારી બતાવી છે. ઈરાને સ્પષ્ટ ધમકી આપી છે કે જો તેમના દેશ પર ફરી હુમલો થશે તો તેઓ પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ નીચે પાથરેલી મહત્વપૂર્ણ કોમ્યુનિકેશન અને ઈન્ટરનેટ કેબલ્સને નિશાન બનાવશે.

ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સના અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈરાન પાસે આ કેબલ્સ સુધી પહોંચવાના તમામ સાધનો છે અને તેઓ હોર્મુઝ સ્ટ્રેટ નીચે આવેલી 7 મુખ્ય ઈન્ટરનેટ કેબલ્સને નુકસાન પહોંચાડીને અમેરિકા અને તેના સહયોગી દેશોને ભારે આર્થિક તથા ટેક્નિકલ નુકસાન પહોંચાડી શકે છે.

સમુદ્ર નીચે પાથરેલીકેબલ્સ વૈશ્વિક ઈન્ટરનેટ ટ્રાફિકનો મોટો હિસ્સો વહન કરે છે, જેથી ઈરાન દ્વારા આ કેબલ્સને નુકસાન પહોંચાડવામાં આવે તો વિશ્વભરમાં ઈન્ટરનેટની સ્પીડ ધીમી પડી શકે છે. આનાથી ઓનલાઇન બિઝનેસ, ક્લાઉડ સર્વિસ અને નાણાકીય લેવડ-દેવડ પર ગંભીર અસર પડી શકે છે.

આ ઉપરાંત ગલ્ફ દેશોએ જે રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડેટા સેન્ટર્સ જેવા ટેકનોલોજી સેક્ટરમાં વિશાળ મૂડીરોકાણ કર્યું છે, તેના પર પણ મોટો ખતરો મંડરાઈ રહ્યો છે. યુદ્ધની સ્થિતિમાં સમુદ્રમાં આ કેબલ્સનું રિપેરિંગ કરવું અત્યંત મુશ્કેલ બનશે, જે ગલ્ફ દેશો તેમજ વૈશ્વિક ટેક કંપનીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

મૂછો સાથે જન્મ્યું બાળક! ઈન્ટરનેટ પર વાયરલ થઈ તસ્વીર; દુનિયાનો પહેલો કેસ



ઈન્ટરનેટ પર એક નવજાત બાળકનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ બાળકનો જન્મ મૂછો સાથે થયો છે. આ વીડિયો કોઈ હોસ્પિટલનો હોય તેવું લાગે છે, જ્યાં વાદળી રંગની ચાદરવાળા બેડ પર ટુવાલમાં લપેટાયેલ કાળા વાળવાળું આ બાળક ચૂપચાપ સૂતેલું નજરે પડે છે. વીડિયોમાં તેને પોતાની આંખો ખોલીને ડોક હલાવતાં અને મહિલાના અડવાથી હળવું મરક મરક હસતાં જોઈ શકાય છે. જો તમે વીડિયો ધ્યાનથી જોશો તો બાળકના ચહેરા પર માત્ર મૂછો જ નહીં, પરંતુ તેને દાઢી પણ છે. તેની થોડી કરચલીવાળી નેણ અને એકીટકે જોતી મોટી મોટી આંખો જોઈને એવું લાગે છે જાણે તે હમણાં જ દુનિયામાં નથી આવ્યો, પરંતુ કોઈ નિવૃત્ત થઈ ચૂકેલો એવો માણસ છે. આ વીડિયોને @Chevisjunior નામના યુઝરે ટીકટોક પર શેર કર્યો હતો, જે હવે બાકીના તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ વાયરલ થઈ રહ્યો છે. જોકે NDTV આ વીડિયોની પુષ્ટિ કરતું નથી. આ વીડિયો ક્યાંનો છે અને ક્યારનો છે, તેની પણ ખબર પડી શકી નથી. ઈન્ટરનેટ પર કેટલાક લોકો આ AI દ્વારા બનાવેલો હોવાનો દાવો કરી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો બાળકના ક્યૂટ રિએક્શન્સને પસંદ કરતા તેના પર પ્રેમ વર્સાવી રહ્યા છે.

સઉદી અરેબિયા માટે ઇન્ડિગોની ઉડાનો રદ



નવી દિલ્હી : સઉદી અરેબિયાની સુરક્ષાની બદલાતી સ્થિતિને જોતા ઇન્ડિગોએ હાલ પૂરતી પોતાની સેવાઓ બંધ કરવાની જાહેરાત કરી છે. સઉદી અરેબિયામાં ભારતીય દૂતાવાસે શુક્રવારે આ જાણકારી આપી.

દૂતાવાસે જણાવ્યું કે ઇન્ડિગોની રિયાદ માટે આવતી-જતી ફ્લાઇટ્સ 31 ઓક્ટોબર 2026 સુધી રદ રહેશે, જ્યારે જેદ્દાહ, દમ્મામ અને મદીના માટે આવતી-જતી ફ્લાઇટ્સ 27 ઓક્ટોબર 2026 સુધી રદ રહેશે.

ડ્રોન હુમલામાં ગોરખપુરના કમલેશનું મૃત્યુ: સઉદી અરેબિયાના દમ્મામ એરપોર્ટ પર 21 ઓક્ટોબરે થયેલા ડ્રોન હુમલામાં ગોરખપુરના બાસગાંવ ક્ષેત્રના કિશનપુર ઉર્ફે બગહી નિવાસી કમલેશ પાંડેનું મૃત્યુ થઈ ગયું હતું.

બીજી તરફ, સઉદી અરેબિયાના લાલ સાગરમાં હુમલાનો શિકાર થયેલી એક નૌકામાં સવાર 14 ભારતીય નાગરિકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. યમનમાં ભારતીય દૂતાવાસે શુક્રવારે આ જાણકારી આપી.

અમેરિકાનો સાથ આપનાર દુશ્મન થશે: ઈરાન ઈરાને ચેતવણી આપી છે કે જો ભવિષ્યમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી સૈન્ય સંઘર્ષ થાય છે, તો અમેરિકાનું સમર્થન કરનાર કોઈપણ દેશને તેહરાન વિરુદ્ધ શત્રુતાપૂર્ણ પગલું ભરનાર માનવામાં આવશે. ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના સભ્ય ફદા હુસૈને કહ્યું, આવી સ્થિતિમાં ઈરાનના ફેસલા તે દેશોમાં સૈન્ય ઠેકાણાઓ પર હુમલા સુધી સીમિત નહીં રહે, પરંતુ તેઓને પણ શત્રુ માનશું. વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું, અમેરિકાએ ત્રણ વર્ષમાં ઈઝરાયલની મિસાઈલ રક્ષા પ્રણાલી માટે કરદાતાઓના 11 અબજ ડોલર ખર્ચ કર્યા છે.

શ્રી રામચંદ્ર લિમિટેડ એડીશન વોચ : ભગવાન રામની ભક્તિનું સ્વરૂપ ઘડિયાળરૂપે

18 કેરેટ રોઝ ગોલ્ડની ઘડીયાળના માત્ર ત્રણ પીસ બનાવાયા





અમેરિકાની લકઝરી જવેલરી અને વોચમેકિંગ કંપની જેકબ એન્ડ કંપનીએ રામજન્મભૂમિની કહાણીથી લઈને ભક્તિનું એક નવું જ સ્વરૂપ ઘડીયાળરૂપે રજુ કર્યુ છે. આ ઘડિયાળનું નામ છે શ્રી રામચંદ્ર લિમિટેડ એડીશન, એસ્ટ્રોનોમિયા સોલર પર આધારિત આ ખાસ ક્રીએશનમાં ભગવાન રામ અને હનુમાનજીની સાથે અયોધ્યાના રામ મંદિરની પણ એક નાની પ્રતિકૃતિ દેખાડવામાં આવી છે. ઘડીયાળના ભુરા રંગના બેઝને પૃથ્વીનું પ્રતીક ગણવામાં આવ્યો છે. જે દર 60 સેક્ન્ડે કરે છે. એના પર અલગથી શ્રી રામ અને હનુમાન દેખાય છે. એક બાજુએ સુરજનું પ્રતીક છે. 45.5 મિલિમીટરના 18 કેરેટ રોઝ ગોલ્ડના ડાયલવાળી આ ઘડીયાળમાં 95 કમ્પોનન્ટસ છે. ડાયલની પાછળ જય શ્રી રામ લખેલું છે. દુનિયાભરમાં આ મોડલના માત્ર 3 પીસ બનાવવામાં આવ્યા છે.

જાપાનમાં ઉડાન ભરે તે પહેલા વિમાનમાં સાપ નજરે પડતા હડકંપ



વિમાનની ઉડાન રદ કરવામાં આવી : સો મણનો સવાલ-સાપ અંદર પહોંચ્યો કેવી રીતે

ફુકુઓકા : હવાઈ જહાજમાં સફર કરતા હોઈએ અને તેમાં સાપ જોવા મળે તો? આ કલ્પના હકીકત બની હતી. ફુકુઓકા એરપોર્ટ પર ઉડાનની તૈયારી કરી રહેલા એક વિમાનમાં સાંપ દેખાતા અફડાતફડી મચી ગઈ હતી. એક મિકેનીકે વિમાનની કેબીનમાં ફર્શ પર બીછાવેલી કાર્પેટ પર સાંપ જોયો હતો. જેના કારણે હડકંપ મચી ગયો હતો. આ ઘટના જાપાનનાં ફેફુઓકા એરપોર્ટ બની છે.જાપાન એર કોમ્પ્યુટરનાં એક વિમાનમાં લગભગ 40 સેન્ટીમીટર લાંબો સાપ દેખાયો હતો. વિમાનમાં સાપ મળી આવતા ઉડાન રદ કરી દેવાઈ હતી. બાદમાં એક વિશેષજ્ઞને બોલાવી સાપ શોધવાનું અભિયાન ચલાવાયું.જોકે આ ઘટના પર સૌથી મોટો સવાલ એ રહ્યો કે સાપ વિમાનમાં ઘુસ્યો કેવી રીતે? વિમાનમાંથી સાપ મળ્યા બાદ વિમાનની ઉડાન રદ કરી દેવાઈ હતી.બાદમાં સાંપને શોધવા માટે અભિયાન ચલાવાયું હતું અને અન્ય જીવના પકડવાનાં નિષ્ણાંતને બોલાવવામાં આવ્યો હતો વિમાનની ઉડાન રદ થતા યાત્રીઓ પરેશાન થઈ ગયા હતા.

`કુંગ ફુ લેજન્ડ : ગાર્ડિયન' રોબો કાર ઊંચકી શકે છે અને છરીધારી હુમલાખોરનો સામનો કરી શકે છે

ચીની કંપનીએ બનાવ્યો ફિલ્મી હીરો જેવો રોબો


માર્શલ આર્ટ્સના દાવપેચ સાથે કરશે બોડીગાર્ડનું કામ

બીજિંગ: ચીનની જાણીતી રોબોટિક્સ કંપની 'યુનિટ્રી'એ એક એવો અદભુત હ્યુમનોઇડ રોબો તૈયાર કર્યો છે જે ફિલ્મી હીરોની જેમ કુંગ ફુ માર્શલ આર્ટ્સના દાવપેચ કરી શકે છે અને માલિકના બોડીગાર્ડ તરીકેની જવાબદારી પણ નિભાવી શકે છે.

કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા એક ખાસ વિડિયોમાં આ રોબો હાથ-પગથી જબરદસ્ત કિક્સ મારતો અને હીરોની જેમ એક્શન કરતો જોવા મળે છે. વિડિયોમાં રોબો હાથમાં ચાકુ લઈને ઊભેલી વ્યક્તિનો સરળતાથી સામનો કરતો અને નિઃશસ્ત્ર કરતો નજરે પડે છે. આટલું જ નહીં, એક હાઇ-ઓક્ટેન સીનમાં તે કાર ઊંચકીને તેની નીચે ફસાયેલી વ્યક્તિને બચાવતો પણ દેખાય છે.

આ અદ્યતન રોબોનું નામ `H2-X' રાખવામાં આવ્યું છે, જ્યારે તેનું નિકનેમ `કુંગ ફુ લેજન્ડ: ગાર્ડિયન' આપવામાં આવ્યું છે. સામાન્ય માણસો કરતાં થોડી વધુ એટલે કે લગભગ 6 ફુટ જેટલી હાઇટ ધરાવતો આ રોબોટ સુરક્ષા ક્ષેત્રે ક્રાંતિ લાવી શકે છે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ રોબોટ સતત 8 કલાક સુધી સળંગ ઊભા રહીને કે પેટ્રોલિંગ કરીને પોતાના માલિકના બોડીગાર્ડ તરીકે સુરક્ષા પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. રોબોટિક્સ ક્ષેત્રે આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એક્શનનું અનોખું મિશ્રણ માનવામાં આવી રહ્યું છે.



Ebola Effect : તમે છેલ્લા 21 દિવસમાં કોંગોનો પ્રવાસ નથી કર્યોને! અમેરિકા જતા મુસાફરો માટે ડેકલેરેશન ફરજીયાત

વોશિંગ્ટન: આફ્રિકામાં ઈબોલા વાઈરસ ફાટી નીકળતા અને ડેમોક્રેટીક રિપબ્લીક ઓફ કોંગો અને આફ્રિકાના અન્ય હિસ્સોમાં પણ બુંડીબુગ્યો તરીકે ઓળખાતા આ ઈબોલા વાઈરસ પુરા આફ્રિકામાં ફેલાઈ રહ્યા હોવાના અહેવાલ બાદ હવે અમેરિકા સતર્ક થઈ ગયું છે. ભારત સહિતના દેશોમાંથી આવતા પ્રવાસીઓ માટે નવી હેલ્થ જોગવાઈ જાહેર કરી છે. તા.3 નવે.થી અમેરિકા પહોંચતા કોઈપણ મુસાફર એ ડીકલેરેશન આપવાનું રહેશે કે તેઓએ છેલ્લા 21 દિવસમાં કોંગોનો પ્રવાસ કર્યો નથી અને જે વ્યક્તિ આ ડેકલેરેશન ન આપી શકે તેને અમેરિકા જતી ફલાઈટમાં બેસવા દેવાશે નહી. આ નિયમ અમેરિકી નાગરિકો માટે પણ લાગુ કરવામાં આવ્યો છે. યુગાન્ડા અને દક્ષિણ સુદાન સહિતના દેશોમાં આ વાઈરસના પ્રભાવના કારણે અમેરિકાએ તે દેશોમાંથી આવતા વિદેશી નાગરિકોને અમેરિકા પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. આફ્રિકામાં ઈબોલા વાઈરસને કારણે 4700 જેટલા મોત નોંધાયા છે. બુંડીબુગ્યો એ ઈબોલા સાથે સંકળાયેલો છે અને આ વાઈરસ અમેરિકામાં ઘુસે નહી તે માટે આ નિર્ણય લેવાયો છે.



રિક્ટર સ્કેલ પર તીવ્રતા 4 થી 4.6 નોંધાઈ ભારત, ચીન અને અફઘાનીસ્તાનમાં પણ ધરા ધ્રુજી

તિબેટમાં ફરી ધરા ધણધણી : પાંચ કલાકમાં ત્રણ વાર ભૂકંપના આંચકા



નવી દિલ્હી : ગુરૂવારે તિબેટમાં 6 ની તીવ્રતાનો ભુકંપ આવ્યા બાદ આજે ફરી પાંચ કલાકમાં 80 કંપનના ત્રણ ઝટકા આવ્યા હતા. જે 4 થી 4.6 ની તીવ્રતાના હતા. ચીન, ભારત અને અફઘાનીસ્તાનમાં પણ ભૂકંપનાં ઝટકા અનુભવાયા હતા. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગુરૂવારે તિબેટમાં 7 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ આજે ફરી પાંચ કલાકમાં ભૂકંપના ત્રણ ઝટકા આવ્યા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર મુજબ ભૂકંપનો પહેલો આંચકો રાત્રે આઠ વાગ્યા આસપાસ આવ્યો હતો જેની તીવ્રતા 4.0 રહી હતી. ત્યારબાદ રાત્રે બે વાગ્યે લગભગ 4.6 ની તીવ્રતાનો બીજો ભૂકંપ આવ્યો હતો.જેની તીવ્રતા 4.6 ની હતી. જ્યારે સવારે સાડા પાંચ વાગ્યે ભૂકંપનો ત્રીજો આંચકો આવ્યો હતો જેની તીવ્રતા 4.5 હતી. ભારતમાં જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાં ડોડી, કિસ્તવાડ, પણ આંચકા આવ્યા હતા. જેની તીવ્રતા 2.4 થી 4.6 ની હતી. અફઘાનીસ્તાનમાં ચીનમાં પણ 4 ની તીવ્રતાના આંચકા અનુભવાયા હતા.

ટ્રમ્પ જેલમાં! તહેરાનમાં વિશાળ 'લાઈવ' હોર્ડીંગ



તહેરાન: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર ઈરાનીઓનો ગુસ્સો ઓછો થયો નથી અને તેથી તહેરાન સહિતના શહેરોમાં અવારનવાર ટ્રમ્પની હાંસી કરતા પોષ્ટર-તસ્વીર મુકાય છે. જેમાં હવે ટ્રમ્પને જેલમાં હોય તેવું દર્શાવાયુ છે. તહેરાનમાં વિશાળ એક લાઈવ હોર્ડીંગ લગાવેલ છે. જેમાં ટ્રમ્પ જેલના સળીયા પાછળ ધમપછાડા કરતા હોય તેવું દર્શાવાયુ છે. અહીના સૌથી મોટા ચોક નાજીરીથ સ્કવેરમાં આ લાઈવ હોર્ડીંગ મુકાયુ છે. ટ્રમ્પ જેલમાં એક બેડ- એક ટોઈલેટ- હોય તેમાં ગુસ્સો દર્શાવતા નજરે ચડે છે. અમેરિકી દળોએ એક લગ્ન સમારોહ પર જે રીતે હવાઈ હુમલો કર્યો તથા અનેકના મોત થયા તે પછી ટ્રમ્પ પર ગુસ્સો વધ્યો છે.

ગલવાન બાદ પ્રથમ વખત બંને દેશોના સૈન્યની સરહદી પ્રવૃતિ વધી

અરૂણાચલમાં LAC માં ભારત - ચીન સૈનિકો સામસામા : ITBP ડીજીનો ધડાકો



સરહદમાં અનેક પોઈન્ટ પર બંને દળોની ટક્કર જેવા દ્રશ્યો : સરહદી સુરક્ષાદળે સૈન્ય તૈયારી વધારી ડ્રોનની ખાસ સ્કવોર્ડન બનશે

નવી દિલ્હી : ભારત અને ચીન વચ્ચે સંબંધોમાં સુધારાના સંકેત વચ્ચે હવે ફરી એક વખત અરુણાચલ સીમા પર ચીનની આક્રમક લશ્કરી પ્રવૃતિ વધતા ફરી એક વખત માહોલ તનાવ ભર્યો થઈ ગયો છે. અહી લાઈન ઓફ એકચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર તૈનાત ઈન્ડો તિબેત બટાલિયન પોલીસના ડીજી શત્રુજીતકપુર એ અત્યંત ગંભીર માહિતી આપતા જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસથી ભારત અને ચીન વચ્ચેની અરુણાચલ સીમા પર અલગ અલગ પોઈન્ટ પર સીધી ટકકર થઈ રહી છે.

અગાઉ લદાખમાં ગલવાનમાં ભારત અને ચીનના સૈનિકો બાખડયા હતા અને તે બાદ બંને દળોએ સંયમ રાખ્યો હતો. પરંતુ હવે આ સરહદ પર ચીનના સૈન્યએ વધુ સૈનિકો ખડકતા અને યુદ્ધ જેવી તૈયારીઓનો સંકેત મળતા જ ઈન્ડો તિબેત બટાલિયન પોલીસ સાવધ થઈ ગઈ છે અને તમામ સરહદી બટાલિયનમાં ડ્રોન પ્લાટુનની રચના કરવામાં આવી છે અને અહી અર્ધલશ્કરી દળોના જવાનો માટે સ્ટ્રાઈક નામનો એક નવો કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો છે.


ડીજી શત્રજીતકપુરે જણાવ્યું કે ફકત એક સ્થળોએ નહી પણ અનેક સ્થળોએ આ પ્રકારનો તનાવ છે જેને પહોંચી વળવા હવે માઉન્ટેન ગુરીલ્લા ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે અને અહી દળોએ મોટાપાયે ભૂગર્ભ બંકર પણ બનાવવાનું શરુ કર્યુ છે.

તેઓ રાજસ્થાનના અલવરમાં ઈન્ડો તિબેત બટાલિયન પોલીસના શપથગ્રહણ સમારોહ દરમ્યાન આ માહિતી આપી હતી અને કહ્યું કે ડ્રોન એ આધુનિક યુદ્ધનું મહત્વનું સાધન બની ગયું છે અને તેથી ડ્રોન સેના તૈયાર કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા આ માટે 400 કરોડની ગ્રાન્ટ આપવામાં આવી છે.

શા માટે મૌન! વડાપ્રધાનને કોંગ્રેસનો પ્રશ્ન

ભારત-ચીન સરહદ પર તનાવ જેવી સ્થિતિમાં કોંગ્રેસે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રશ્ન પૂછયા છે. કોંગ્રેસના મીડીયા ઈન્ચાર્જ જયરામ રમેશે સોશ્યલ મીડીયામાં એક પોસ્ટ કરીને જયારે સીમા પર તનાવ છે તો વડાપ્રધાન અને તેની ટીમ શા માટે ચુપ છે તે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું કે સરકારે ચીન નીતિ પર પ્રશ્નોની જડીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત અને ચીન વચ્ચે જે પ્રશ્નો છે તેમાં સરકાર સતત મૌન ધારણ કરી રહી છે.

તાઇવાનમાં વાવાઝોડા 'ચામ્પી'નો પ્રકોપ



શાળા, કોલેજ, ઓફિસો અને શેરબજાર બંધ; 600થી વધુ ફ્લાઇટ્સ કેન્સલ

નવી દિલ્હી : તાઇવાનમાં વાવાઝોડા 'ચામ્પી'ને કારણે મોટા પાયે કામકાજ બંધ રહ્યું હતું. 600થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી અને બેંકો પણ બંધ રહી. જોકે તાઇફૂન 'ચામ્પી' નબળું પડી રહ્યું છે. તેના સીધા દરિયાકાંઠાના વિસ્તાર સાથે અથડાવવાની સંભાવના નથી, છતાં તેના કારણે તેજ પવન અને ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તાઇવાનના પરિવહન મંત્રાલયે જણાવ્યું કે, 23 ઓક્ટોબર માટે નિર્ધારિત તમામ 262 સ્થાનિક ફ્લાઇટ્સ અને 350થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. તાઇવાનના નાણાકીય બજારો પણ આખો દિવસ બંધ રહ્યા. તાઇવાનના મોટાભાગના તમામ વિસ્તારોમાં શાળાઓ અને ઓફિસો બંધ રહી. માત્ર તાઇવાનના નિયંત્રણ હેઠળના કિંમેન દ્વીપ સમૂહ પર કામકાજ સામાન્ય રહ્યું, જે ટાપુ ચીની દરિયાકાંઠાની ખૂબ નજીક આવેલો છે. રાજધાની તાઇપેઇમાં તેજ પવન અને વરસાદ વચ્ચે મેટ્રો અને અન્ય જાહેર પરિવહન સેવાઓ મર્યાદિત રૂપે ચાલુ રહી. તાઇવાનનો મોટાભાગનો વિસ્તાર વાવાઝોડા 'ચામ્પી'ના આગમન પહેલા જ બંધ કરી દેવાયો હતો. તેના કારણે તેજ પવન અને ભારે વરસાદ થવાનું અનુમાન છે. તાઇવાનના સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશન (CWA) અનુસાર, ક્યારેય સુપર તાઇફૂન રહેલું અને આ વર્ષે પ્રશાંત મહાસાગરના સૌથી શક્તિશાળી વાવાઝોડાં પૈકીનું એક એવું 'ચામ્પી'નું કેન્દ્ર હજુ પણ લગભગ 191 કિમી પ્રતિ કલાક (119 માઇલ પ્રતિ કલાક)ની ઝડપે પવન ધરાવે છે.

રાતા સમુદ્રમાં આખરે શું થયું હતું?

રાતા સમુદ્રમાં 14 ભારતીયોવાળી નૌકા પર સાઉદી અરબે હુમલો કર્યાનો હુતીનો દાવો



અમે ભારતીયોને બચાવ્યા : હુતી પ્રવકતા:ભારતીય દુતાવાસે કહ્યું - અમે તથ્યોની તપાસ કરશુ

યમન : યમનનાં તટ પાસે એક નૌકા પર હુમલો થયો હતો. જેના પર 14 ભારતીયો સવાર હતા. આ મામલે હુતી વિદ્રોહીઓએ દાવો કર્યો છે. કે સાઉદી અરબી તે નૌકાને નિશાન બનાવી હતી. આ મામલે ભારતીય દુતાવાસે કહ્યું હતું કે અમે મામલાની તપાસ કરી રહ્યા છીએ કે રાતા સમુદ્રમાં આખરે શુ થયુ હતું. કેટલાંક અરબ મીડિયા સંસ્થાનોએ ગુરૂવારે યમનનાં હુતી વિદ્રોહીઓના પ્રવકતા યાહ્યા સરીના હવાલાથી દાવો કર્યો હતો કે સાઉદી અરબની સેનાએ રાતા સમુદ્રમાં યમનના તટ પાસે યુકર દ્વિપ નજીક એક ભારતીય નૌકાને નિશાન બનાવાઈ હતી. હુતી પ્રવકતાએ દાવો કર્યો હતો કે, નૌકા પર 14 ભારતીય નાગરીક સવાર હતા અને હુતી લડાયકો તેમને બચાવવા માટે અભિયાન ચલાવી રહ્યા છે. બીજી બાજુ યમનમાં ભારતીય દુતાવાસે કહ્યું હતું કે અમે ઘટનાના બારામાં વધુ જાણકારી મેળવવાની કોશીશ કરી રહ્યા છીએ. જોકે હજુ સુધી કંઈ ઉપલબ્ધ નથી થયુ

યુક્રેનના ઓલેશ્કી ક્ષેત્રમાં માનવીય મદદ પહોંચાડવા યુદ્ધ વિરામ : મેલાનીયા ટ્રમ્પ



અમેરિકાના ફસ્ટ લેડીની જાહેરાત : રશિયાના કબ્જાના ક્ષેત્રમાં ભોજન - દવાઓની કારમી અછત

કિવ: લગભગ પાંચ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં માનવીય સ્થિતિ અત્યંત કરુણાજનક બની રહી છે. ખાસ કરીને રશિયાએ યુક્રેનના કેટલાક વિસ્તારો કબ્જે કર્યા છે ત્યાં ભોજન-દવા અને અન્ય માનવીય જરૂરિયાતની પણ કારમી તંગી છે.

તે વચ્ચે અમેરિકાના ફર્સ્ટ લેડી મેલાનીયા ટ્રમ્પે દાવો કર્યો છે જયાં ભોજન-દવાઓની અત્યંત ગંભીર સ્થિતિ છે તે રશિયાના કબ્જાવાળા ઓલેશ્કી ક્ષેત્રમાં કામચલાવ યુદ્ધ વિરામની સમજુતી થઈ છે.

આ ક્ષેત્રમાં રાષ્ટ્રસંઘની સહાયતા પહોંચી શકે તે માટે આ યુદ્ધવિરામ અમલીનો નિર્ણય લેવાયાનો ફર્સ્ટ લેડીએ દાવો કર્યો છે. આગામી મહિને રશિયા-યુક્રેન-અમેરિકા વચ્ચે કાયમી યુદ્ધ વિરામ અંગે બેઠક યોજાવાની તે પુર્વે આ નિર્ણય લેવાયો હોવાનો દાવો થયો છે.

મેલાનીયાએ દાવો કર્યો કે, તા.29થી આ અમલ શરુ થશે તે સાથે ખાદ્ય-દવા વિ. માનવીય મદદોના ટ્રકો આ ક્ષેત્રમાં જશે. ઓલેશ્કીએ રશિયા-યુક્રેનની સરહદી ક્ષેત્ર છે અને ત્યાં લાંબા સમયથી રશિયાનો કબ્જો છે. અહી હજારો લોકો બન્ને તરફના કોલ ફાયરમાં ફસાયા છે અને ખોરાક-દવા વિ.ની ભારે તંગીના રિપોર્ટ આપ્યા છે.

ઓનલાઈન એપ્રુવલ ફરજીયાત : દિલ્હી - મુંબઈ બે જ ચાઈનીઝ કચેરી વિસા અરજી સ્વીકારશે : બીએફએસની બાદબાકી

ગુજરાતમાંથી ચીનના વિસા માટે દિલ્હી એમ્બેસીમાંજ અરજી કરવાની રહેશે : વ્યવસ્થા બદલી



નવી દિલ્હીઃ ચીને ભારતીયો માટેની વિસા પ્રક્રિયામાં મોટો ફેરફાર કર્યો છે જે તા.26 ઓકટોથી અમલ થશે. જેમાં વિસા કંપની બીએફએસ હવે ચાઈનીઝ વિસા અરજી સ્વીકારશે નહી.

ચીનની વિસા એપ્લીકેશન સેન્ટર જે દિલ્હી-મુંબઈ તથા કોલકતા નવી અરજી સ્વીકારવાનું બંધ કરશે. ફરી ચીનની નવી દિલ્હી એમ્બેસી તથા મુંબઈ-વાણિજય કચેરી (કોન્સ્યુલેટ જનરલ) જ વિસા અરજી સ્વીકારશે જે માટે રાજયવાઈઝ કામગીરી સોપાઈ છે.

મહારાષ્ટ્ર-કર્ણાટકની વિસા અરજી મુંબઈમાં સુપ્રત કરવાની રહેશે અને પ.બંગાળ, ઓડીસા, ઝારખંડ, બિહાર તથા છતીસગઢની અરજી હાલ નવી દિલ્હી કચેરી કામચલાવ રીતે સ્વીકારશે જયારે ગુજરાત સહિત બાકીના રાજયોની અરજી નવી દિલ્હી એમ્બેસી પર સ્વીકારાશે. આ માટે ઓનલાઈન મંજુરી જરૂરી રહી છે.

અરજદારે ઓનલાઈન ફોર્મ ભરીને પહેલા મંજુરી લેવાની રહેશે. તે બાદ પાસપોર્ટ તથા અન્ય દસ્તાવેજો રૂબરૂ દેવાના રહેશે. ઓનલાઈન અરજી માટે કોઈ ચાર્જ લાગશે નહી. આ વ્યવસ્થા તા.23ના બપોરે પાંચ વાગ્યેથી શરૂ થશે

જેઓએ ફી ભરી દીધી છે અને ઓનલાઈન અરજી સુપ્રત કરી છે તે પરત મળશે નહી અને પ્રોસેસ થયેલા પાસપોર્ટ તા.30 ઓકટો. બપોરે 12 વાગ્યા સુધીમાં લઈ લેવાના રહેશે.

ફ્રાન્સમાં કર્ફ્યુ વચ્ચે ભારતીય દૂતાવાસની ભારતના લોકોને સલાહ - સતર્ક રહો

ભીડ કે દેખાવ થતા હોય તેવા સ્થળે ન જવા ભારતીય દૂતાવાસની અપીલ




પેરિસ : ફ્રાન્સમાં હિંસક દેખાવો અને અનેક શહેરોમાં કર્ફ્યુ દરમિયાન ભારતે પોતાના નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. પેરિસ સ્થિત ભારતીય દૂતાવાસે ફ્રાન્સમાં રહેતા ભારતીયો અને ત્યાં જવાની તૈયારી કરી રહેલા લોકોને સાવધાની રાખવા જણાવ્યું છે. દૂતાવાસે દેખાવો વાળી જગ્યાઓએ અને ભીડવાળા વિસ્તારોથી દૂર રહેવાની અપીલ કરી છે. સ્થાનિક પ્રશાસનના નિર્દેશોનું પાલન કરવાની પણ અપીલ કરી છે. દૂતાવાસે બુધવારે જાહેર કરેલ એડવાઈઝરીમાં કહ્યું હતું કે, કેટલાક વિસ્તારમાં લગાવવામાં આવેલ કર્ફ્યુને જોતા ભારતીય નાગરિક સતર્ક રહે. ઈમરજન્સીની સ્થિતિમાં પેરિસમાં આવેલ ભારતીય દૂતાવાસ અને માર્સિલે સ્થિત ભારતીય વાણિજય દૂતાવાસનો સંપર્ક કરે.

દાઉદ 1993થી ભારત માટે વોન્ટેડ અને પાક સરકારના શરણમાં છે

લાદેન હતો તેમ દાઉદ ઈબ્રાહીમ હાલ પાકિસ્તાનમાં જ છે : ભૂલ સુધારો, રાષ્ટ્રસંઘને ભારતની ફટકાર

આ પ્રકારના અહેવાલ આપનાર રાષ્ટ્રસંઘ રિપોર્ટર સામે પગલા લેવા પણ માંગણી : અગાઉના અહેવાલમાં ખોટી માહિતી અપાઈ છે



નવી દિલ્હી : સંયુક્ત રાષ્ટ્રસંઘે તેના આતંકવાદ વિરોધી અને માનવ અધિકાર બાબતોના ખાસ રિપોર્ટર બેન સોલ ના રિપોર્ટમાં જે રીતે માફીયા દાઉદ ઈબ્રાહીમ ભારતમાં જ રહે છે તેવો જે રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો તેની સામે ભારતે તિવ્ર વાંધો ઉઠાવતા રાષ્ટ્રસંઘને કડક શબ્દોમાં જણાવ્યું છે કે, આ મોસ્ટ વોન્ટેડ માફીયા પાકિસ્તાનમાં જ રહે છે અને ઓસામાબિન લાદેનની જેમ તેને પણ પાકિસ્તાન સરકારની સુરક્ષા અપાઈ છે.

ભારતે આ પ્રકારે જુઠા રિપોર્ટ આપવા બદલ જવાબદારી પણ નિશ્ચિત કરવાની માંગ કરી છે અને કહ્યું છે કે જો રાષ્ટ્રસંઘ તેમાં આગળ નહી વધે તો સમગ્ર સંસ્થાની પ્રતિષ્ઠા સામે પ્રશ્ન સર્જાશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતના સ્થાયી મિશનના પ્રથમ સચીવ રઘુ પુરી એ કહ્યું કે, હું રેકોર્ડ માટે આ માહિતી આપી રહ્યો છું. દાઉદ ઈબ્રાહીમ 1993 બાદ ભારત છોડીને નાસી ગયો હતો અને પ્રારંભમાં અન્ય દેશોમાં રહ્યા બાદ તે પાકિસ્તાનમાં એક સરકારી સંરક્ષણ હેઠળ રહે છે અને તેને પાકિસ્તાનને જ પોતાનું મથક બનાવ્યું છે. પરંતુ રાષ્ટ્રસંઘના રિપોર્ટમાં જે રીતે દાઉદ ઈબ્રાહીમ ભારતમાં છે તેવું કહેવાયુ છે તેમાં સુધારો જરુરી છે અને આ રિપોર્ટની જવાબદારી પણ નિશ્ચિત થવી જોઈએ. ભારતીય પ્રતિનિધિએ એ પણ યાદ અપાવ્યું કે આજે પણ ઓસામા બિન લાદેન ભારત માટે વોન્ટેડ આરોપી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સૂચી અનુસાર દાઉદ ઈબ્રાહીમ એ જ દેશમાં રહે છે જયાં ઓસામા બિન લાદેન મળી આવ્યો હતો. તેમનો ઈશારો લાદેનને જે રીતે પાકિસ્તાનના અબટાબાદમાં સૈન્ય છાવણી નજીક જ સુરક્ષીત રખાયો હતો અને અમેરિકન દળોએ ઝડપી લીધો હતો તેના તરફ હતો. દાઉદ ઈબ્રાહીમ 1993થી જ ભારત માટે વોન્ટેડ છે અને અનેક વખત આ વૈશ્વિક સમુદાયને જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત જમ્મુ કાશ્મીર અને લદાખ અંગે પણ ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે આ તમામ ભારતના અભિન્ન અંગ છે અને પાકિસ્તાન કે અન્ય કોઈ દેશને તેના પર ટિપ્પણી કરવાનો અધિકાર નથી.

અમેરિકાની ચાર મોટી બેન્કો પર સાયબર હુમલો : એલર્ટ



PHP ક્ષતિનો ગેરલાભ ઉઠાવી Ai એજન્ટો (હેકર્સ) મોર્ગન સ્ટેનલી, બેન્ક ઓફ અમેરિકા, જે.પી. મોર્ગન ચેઝ તથા વેલ્સ ફાર્ગો જેવી દિગ્ગજ બેન્કોની ચિંતા વધી, ગ્રાહકોને પાસવર્ડ/યુઝર્સનેમ શેર નહી કરવા સલાહ - હાલ ફકત એકાઉન્ટ જોઈ શકાય તેવા રીડ-ઓન્લી સાયબર ટુલ સક્રીય કરાયા

વોશિંગ્ટનઃ દુનિયાભરની ઈન્ટરનેટ-વેબસાઈટ પર સૌથી વધુ ઉપયોગમાં લેવાતી PHP લેંગ્વેજમાં બે ક્ષતિઓ ખુલ્લી થયા બાદ હેકર્સ તે સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને દુનિયાભરમાં સર્વરો પર હુમલા કરી રહ્યા હોવાના તરખાટ વચ્ચે હવે એ.આઈ. એજન્ટ પરવાનગી વગર જ બેન્કોના સર્વરમાં ઘુસી રહ્યા હોવાનું જાહેર થતા જ દુનિયાની સૌથી મોટી બેન્કીંગ સીસ્ટમ ધરાવતા અમેરિકામાં ટોચની બેન્કોની હાલત ખરાબ થઈ ગઈ છે.


જેથી મોર્ગન, મોર્ગન સ્ટેનલી, સીટી બેન્ક, બેન્ક ઓફ અમેરિકા સહિતની બેન્કોના સર્વરમાં આ ક્ષતિના આધારે થર્ડ પાર્ટી એઆઈ એજન્ટ ઘુસી રહ્યા છે તથા ગ્રાહકની સૂચના કે મંજુરી વગર જ નાણાકીય વ્યવહારે કરવાની કોશિશ થઈ હોવાનું પણ નોંધ્યું છે.

અમેરિકાની ચાર મોટી બેન્કોમાં દિગ્ગજ કંપનીઓ નાણાકીય સંસ્થાઓના કારોબાર ચાલે છે. મોર્ગન સ્ટેનલીએ તો આ થર્ડ પાર્ટી એ.આઈ. એજન્સીને રોકવા માટે કામગીરી શરૂ કરી છે તો અન્ય બેન્કો તેના એકસેસ પર નિયંત્રણો મુકી રહ્યા છે. આ થર્ડ પાર્ટી એઆઈ એજન્ટ બેન્કના સર્વરમાં ઘુસીને તેના એકાઉન્ટ ઓપરેટ કરવાની ક્ષમતા ધરાવે છે અને તે કોઈ પણ કામ માટે ફંડ ટ્રાન્સફર કરી શકે છે તેની બેન્કોએ હાલ રીડ-ઓન્લી' ટેકનીકલ સ્પીડ બ્રેકર કે બેરીકેડ મુકી દીધી છે. જેની આ એઆઈ એજન્ટ ફરી ખાતાઓની માહિતી જોઈ શકે છે પણ કોઈ વ્યવહાર કરી શકતા નથી અને ગ્રાહકને જો વ્યવહાર કરવા હોય તો બેન્ક સપોર્ટ કરે છે.

બેન્કોએ ચેતવણી આપી છે કે, જો ગ્રાહક આ થર્ડ પાર્ટી એઆઈ એજન્ટની રીકવેસ્ટ પર જો તેના પાસવર્ડ- લોગ ઈન- આઈડી શેર કરશે તો પછી જે કંઈ નાણાકીય વ્યવહારો થશે તેના માટે બેન્ક જવાબદાર રહેશે નહી. બેન્કોએ તેની આવી કોઈ રીકવેસ્ટ કે લીંક નહી ખોલવા ખાસ તાકીદ કરી છે. હવે બેન્ક સાયબર સિકયોરિટીની મદદથી આ પ્રકારે કોઈ થર્ડ પાર્ટી એઆઈ એજન્ટ એકટીવ થાય તો તેને નિષ્ક્રીય કરવાના ખાસ ટુલ તૈયાર કરવા લાગી છે. ખાસ કરીને ગ્રાહકોના નાણાકીય ડેટા જાહેર ન થાય તે ચિંતા બેંક કરી રહી છે.

ઓપન એઆઈને હાલના સમયની સૌથી મોટી સાયબર સલામતી ક્ષતિ બતાવી

ભારત સહિત સમગ્ર વિશ્વ પર સાયબર હુમલાનો ખતરો



અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર - એફબીઆઈ તથા યુરોપીયન એજન્સીઓનું એલર્ટ : PHP@shell નામ અપાયું : પ્રોગ્રામીંગ લેંગ્વેજમાં જ બે મોટી ક્ષતિ હોવાનું જાહેર હેકર્સ કોઈ પાસવર્ડ - યુઝર્સ નેમ વગર ગમે તે સર્વરમાં ઘુસી શકે છે - PHPની તમામ જૂની એડીશન પ્રભાવિત

નવી દિલ્હી: હાલમાં જ દેશની સૌથી મોટી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના સર્વર પર થયેલા સાયબર હુમલા બાદ હવે અમેરિકાની નેશનલ સિકયોરિટી એજન્સી (એનએસએ) તથા એફબીઆઈ અને સીઆઈએસએએ ભારત સહિત દુનિયાભરમાં સાયબર હુમલા સામે એલર્ટ જાહેર કર્યુ છે.

ખાસ કરીને PHP પ્રોગ્રામીંગ લેંગ્વેજ કોર ફ્રેમવર્કમાં બે અત્યંત ગંભીર ખામીઓ (ઝીરો ડે વુલનેરાબિલીટીએસ) જોવા મળી છે અને તેને PHP@shell નામ આપવામાં આવ્યું છે. આ પ્રકારની મુખ્ય સુરક્ષા ખામીઓ મેનરી કરેકશન અને આઉટ ઓફ મેમરી હેન્ડલીંગ સાથે જોડાયેલી છે.

આ પ્રકારની ક્ષતિઓ સર્વરમાં સાયબર જે જુની મેમરી કલીયર થઈ હોય તેને ફરી ઉપયોગ કરી શકે છે અને અત્યંત જોખમી સ્થિતિ બનાવે છે. હેકર્સ તેના માધ્યમથી આઈડી કે પાસવર્ડ વગર જ સર્વર પર રીમોટ-કોડ એકઝીકયુટ કરી શકે છે એટલે કે તમારા સર્વરમાં ઘુસવા માટે કોઈ મંજુરીની જરૂરી નથી. આ ખામી મુળ લેંગ્વેજ સ્ટ્રકચરની છે. આથી હુમલો કરનાર આવી વેબસાઈટ- યુઝર્સ ડેટાબેઈઝ ફાઈલ કે સર્વર પર કબ્જો કરી શકે છે. આ પ્રકારે હુમલાથી તે આઈટી ક્ષેત્રે ઓટોમેટેડ એઆઈ ટુલ દ્વારા આ લોપહોલ પકડાતા યુરોપીયન સંઘ, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોએ તેની સરકારી વેબસાઈટ સાવચેતી રૂપે તાત્કાલીક બંધ કરી દીધી છે.

જેમાં PHP ફાઉન્ડેશન દ્વારા જે સિકયોરિટી પંચ અપગ્રેડ કરવા અને આ મુદ્દે જો તાત્કાલીક શકય ન હોય તો વેબસાઈટ કે ઈન્ટરનેટ તાત્કાલીક બંધ કરવા સલાહ અપાઈ છે તથા જે તે સર્વરને આઈસોલેટ પણ કરી શકાશે. તમારી સલામતી સીસ્ટમથી ફાયરપોલમાં કોઈ અસામાન્ય રીકવેસ્ટ હોય તો તેને ફોલો નહી કરવા પણ સલાહ અપાઈ છે એટલું જ નહી.

ફોનનું બ્લુટુથ બંધ રાખવા તથા સલામત સિવાય ઓપન વાઈ-ફાઈ સુવિધાનો ઉપયોગ નહી કરવા તથા તમારા ફોન- કોમ્પ્યુટર પર કોઈ અજાણી લીન્ક નહી ખોલવાની પણ સલાહ અપાઈ છે.

ખાસ કરીને એપીકે કે એમટીએમએલ લીંક પર નહી જવા સલાહ અપાઈ છે. ઓપન એઆઈએ આ સાયબર હુમલાને હાલના સમયનો સૌથી વધુ અસર કરનાર સાયબર સિકયોરિટી મુદો હોવાનો દાવો કર્યો છે. આ ક્ષતિ એક દશકાથી કોઈના ધ્યાનમાં આવી ન હતી. લગભગ 70% ઈન્ટરનેટ સેવા અસરગ્રસ્ત થઈ છે.

અનેક દેશોએ સતાવાર વેબસાઈટ બંધ કરી

આ પ્રકારની ક્ષતિના કારણે કેનેડા, જાપાન, ફ્રાન્સ, નેધરલેન્ડ, ફીનલેન્ડ સહિતના દેશોએ તેમની સતાવાર વેબસાઈટ બંધ કરી છે.

70% ઈન્ટરનેટ પ્રભાવિત ફોન- કોમ્પ્યુટર ધારકોએ શું સાવધાની જરૂરી છે

- કોઈપણ અનઅધિકૃત વેબસાઈટ ખોલવી નહી.
- તમારા ફોનનું બ્લુટુથ બંધ રાખો.
- કોઈ બિનસલામત ઓપન વાઈફાઈનો ઉપયોગ કરવો નહી.
- ઈ-મેલ-મેસેજીંગ એપ. પર કોઈ અજાણી લીંક ખોલવી નહી. એપીકે ફાઈલ કે અન્ય શંકાસ્પદ લીંક પર કલીક કરવી નહી.

ભારતીય મુસાફરના હોબાળાથી અધવચ્ચેથી વિમાન બેંગકોક પરત ફર્યું



નવી દિલ્હી : બેંગકોકથી મુંબઈ આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટ AI 2338ને એક મુસાફરના હોબાળાને કારણે પરત ફરવું પડ્યું હતું. વિમાને બુધવારે રાત્રે 8:20 વાગ્યે બેંગકોકના સુવર્ણભૂમિ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. ત્યારબાદ મુસાફરના વિચિત્ર વર્તનને કારણે પાઇલટે વિમાનને પરત લઈ જવાનો નિર્ણય કર્યો. વિમાન રાત્રે 10:40 વાગ્યે બેંગકોક એરપોર્ટ પર ઉતર્યું હતું. વિમાનમાં સવાર એક મુસાફરે જણાવ્યું કે વિમાનમાં સવાર એક ભારતીય મુસાફર વિચિત્ર રીતે વર્તી રહ્યો હતો અને હોબાળો કરી રહ્યો હતો. પરિસ્થિતિને જોતા પાઇલટે જાહેરાત કરી કે વિમાનને પરત બેંગકોક લઈ જવામાં આવી રહ્યું છે. વિમાન બેંગકોકમાં ઉતર્યા બાદ મેડિકલ ટીમ પહોંચી અને મુસાફરને પોતાની સાથે લઈ ગઈ. હાલ મુસાફરે આ રીતે વર્તન શા માટે કર્યું અને તેની તબિયત અંગે કોઈ માહિતી સામે આવી નથી. આના 45 મિનિટ બાદ ફ્લાઇટે બેંગકોકથી મુંબઈ માટે ઉડાન ભરી. એર ઈન્ડિયા તરફથી પણ આ ઘટના અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. વિમાનમાં હોબાળો કરનાર મુસાફર સામે તેના વર્તન મુજબ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. જો મુસાફર ક્રૂના નિર્દેશોનું પાલન ન કરે, કોઈને ધમકી આપે અથવા વિમાનની સુરક્ષામાં અડચણ ઊભી કરે, તો મામલો ગંભીર બની શકે છે. આવી સ્થિતિમાં પાયલટને વિમાન પરત લઈ જવાનો નિર્ણય પણ લેવો પડી શકે છે.

ન્યૂ મેક્સિકોની અદાલતનો મોટો ચુકાદો; 4.3 કરોડથી વધુ ઉલ્લંઘનો બદલ દંડ, મેટા કરશે અપીલ

ફેસબુકની પેરેન્ટ કંપની મેટાને રૂ. 25 અબજ ડોલરનો દંડ : યુઝર્સની પ્રાઇવસી અંગે ગેરમાર્ગે દોરવાનો આરોપ

અમેરિકા: ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સને યુઝર્સના વ્યક્તિગત ડેટાની સુરક્ષા અંગે ગેરમાર્ગે દોરવા બદલ અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યની અદાલતે 25 અબજ ડોલરનો દંડ ફટકાર્યો છે.

અમેરિકાના કોર્પોરેટ ઈતિહાસમાં કંપની સામેના આ સૌથી મોટા નાણાકીય દંડ પૈકીનો એક છે. જ્યુરીએ સપ્ટેમ્બર મહિનામાં મેટા દ્વારા યુઝર્સને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાનું ઠરાવ્યું હતું.

આ કેસ વર્ષ 2021માં દાખલ કરવામાં આવ્યો હતો. 2016ની અમેરિકી પ્રમુખપદની ચૂંટણી દરમિયાન રાજકીય સલાહકાર કંપની કેમ્બ્રિજ એનાલિટિકાએ તૃતીય પક્ષની એપ્લિકેશન મારફતે લાખો ફેસબુક યુઝર્સનો વ્યક્તિગત ડેટા મેળવ્યો હોવાના અહેવાલો બાદ વિવાદ સર્જાયો હતો. આ ડેટાનો ઉપયોગ મતદારોની પ્રોફાઇલિંગ અને તેમને લક્ષ્ય બનાવી રાજકીય જાહેરાતો પહોંચાડવા માટે થયો હતો. ન્યૂ મેક્સિકો સરકારે આરોપ લગાવ્યો હતો કે મેટાએ યુઝર્સને તેમના ડેટા સુધી કોને પહોંચ હતી, કંપની ડેટાનું સંચાલન કેવી રીતે કરતી હતી અને પ્લેટફોર્મ પર હાનિકારક સામગ્રી તથા ખોટી માહિતી સામે શું પગલાં લેવાતાં હતાં તે અંગે ગેરમાર્ગે દોર્યા હતા. સપ્ટેમ્બરમાં જ્યુરીએ મેટા અને તેના નેતૃત્વ દ્વારા કરવામાં આવેલા 29 નિવેદનોમાંથી 26ને ભ્રામક ગણાવ્યાં હતાં. આ નિવેદનોના સંદર્ભમાં ન્યૂ મેક્સિકોના ગ્રાહક સુરક્ષા કાયદાનું 4.3 કરોડથી વધુ વખત ઉલ્લંઘન થયું હોવાનું જ્યુરીએ ઠરાવ્યું હતું. કાયદા હેઠળ દરેક




ઉલ્લંઘન માટે મહત્તમ 5,000 ડોલર સુધીનો દંડ થઈ શકે છે. ન્યાયાધીશ ફ્રાન્સિસ મેથ્યુએ કાયદા મુજબ ગણતરી કરતાં દંડની રકમ 219 અબજ ડોલરથી વધુ થતી હોવાનું નોંધ્યું હતું, પરંતુ અંતે તેને ઘટાડીને 25 અબજ ડોલર નક્કી કરી હતી.

મેટા અપીલ કરશે મેટાના ચીફ લીગલ ઓફિસર સી.જે. મહોનીએ જણાવ્યું હતું કે કંપની આ ચુકાદાને અપીલમાં પડકારશે અને તેને વિશ્વાસ છે કે અપીલમાં સફળતા મળશે. કંપનીના મતે, આ પ્રકારનો ચુકાદો ન્યૂ મેક્સિકોમાં વ્યવસાય કરવાનું મુશ્કેલ બનાવી શકે છે. બીજી તરફ, રાજ્યના એટર્ની જનરલ રાઉલ ટોરેઝે ચુકાદાને ટેકનોલોજી કંપનીઓને જવાબદાર ઠેરવવા માટે મહત્ત્વપૂર્ણ ગણાવ્યો હતો. હવે આ કેસમાં મેટાની અપીલ અને આગળની કાનૂની કાર્યવાહી પર નજર રહેશે.

પાઈલટ બોડીએ સુરક્ષા જોખમોનું કારણ આપ્યું, પરંતુ ફ્લાઈટ્સ રદ થવાથી ભારતીય એવિએશન સેક્ટરને મોટા નુકસાનની ભીતિ

ઈરાન - અમેરિકા યુદ્ધ : યુએઈની ફ્લાઈટ્સ બંધ કરવાની માંગથી એરલાઈન્સ કંપનીઓ મુશ્કેલીમાં



નવી દિલ્હી : ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલાં યુદ્ધને કારણે સુરક્ષાનું જોખમ વધતાં ભારતનાં પાઈલટ્સ એસોસિએશને સરકારી એજન્સી DGCA ને પત્ર લખ્યો છે. તેમણે સંયુક્ત અરબ અમીરાત ખાસ કરીને દુબઈ અને અબુ ધાબી તથા આસપાસનાં અખાતી દેશોની તમામ ફ્લાઈટ્સ તરત જ બંધ કરવાની માંગ કરી છે.

યુદ્ધની અસરમાંથી માંડ માંડ બહાર આવી રહેલી ભારતીય વિમાન કંપનીઓ માટે જો આ નિર્ણય લાગું થાય, તો તેમની મુશ્કેલીઓ ફરી વધી શકે છે અને વિમાન સેવાઓ ખોરવાઈ શકે છે.

આ માંગ પાછળનું મુખ્ય કારણ એ છે કે, ભારતીય એરલાઈન્સ કંપનીઓ માટે યુએઈનું માર્કેટ ખૂબ મહત્વનું છે. ભારતથી વિદેશ જતાં કુલ મુસાફરોમાંથી સૌથી વધુ એટલે કે લગભગ 26.2 ટકા (વર્ષ 2026 ના પહેલા ત્રણ મહિનામાં) મુસાફરો માત્ર યુએઈની ફ્લાઈટ્સના જ હોય છે. જો આ વિસ્તારની ફ્લાઈટ્સ બંધ કરવામાં આવે તો ભારતીય વિમાન કંપનીઓની કમાણી પર બહુ મોટી માઠી અસર પડી શકે છે.

વિશ્વ ધરોહરની રેસમાં ભારતના 3 નવા સ્થળો

નવી દિલ્હી: ભારતની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ થવાની સંભાવના ધરાવતા ત્રણ નવા સ્થળોને યુનેસ્કોની અસ્થાયી યાદીમાં સ્થાન મળ્યું છે. આની સાથે જ ભારતની આ યાદીમાં સામેલ સ્થળોની સંખ્યા વધીને 81 થઈ ગઈ છે.

1. બારાટાંગ



ચૂના પથ્થરની ગુફાઓ અને કીચડના જ્વાળામુખી

- ક્યાં આવેલું છે: અંદમાન અને નિકોબાર ટાપુઓ
- વિશેષતા: અહીં ચૂના પથ્થરની અનેક ગુફાઓ અને સક્રિય કીચડના જ્વાળામુખી આવેલા છે.
- પ્રાકૃતિક મહત્ત્વ: ગુફાઓનો દુર્ગમ વિસ્તાર અને ઊબડ-ખાબડ જમીન તેને વૈજ્ઞાનિક સંશોધનની દ્રષ્ટિએ ખાસ બનાવે છે.
- ચટ્ટાનો કેવી રીતે બની: દરિયાઈ જીવોના ખોળ, પરવાળા અને તેના અવશેષો વર્ષો સુધી જમા થઈને ચૂના પથ્થર બન્યા.

2 નારકોન્ડમ અને બેરેન આયલેન્ડ (ટાપુઓ):



જ્વાળામુખીઓની અનોખી દુનિયા

- ક્યાં આવેલું છે: અંદમાન ટાપુ સમૂહ
- વિશેષતા: આ ટાપુઓ બર્મા-અંદમાન-જાવા જ્વાળામુખી ક્ષેત્રની આંતરિક શૃંખલામાં ચતુર્થ કલ્પના જ્વાળામુખી છે.
- પ્રાકૃતિક મહત્ત્વ: એકાંત અને અલગ-થલગ રહેવાને કારણે આ ટાપુઓ જ્વાળામુખીની ગતિવિધિઓ અને સ્થાનિક પ્રજાતિઓના અભ્યાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

3. સિરપુર: ઇતિહાસ, ધર્મ અને સ્થાપત્યનો સંગમ



- ક્યાં આવેલું છે: મહાસમુંદ જિલ્લો, છત્તીસગઢ
- વિશેષતા: મહાનદીના પૂર્વ તટે આવેલું આ પુરાતત્વ સ્થળ રાયપુરથી ૭૮ કિલોમીટર દૂર છે.
- ઐતિહાસિક મહત્ત્વ: પ્રાચીન સિરપુરને શરભપુરીય વંશના શાસનકાળમાં કોસલ રાજ્યની રાજધાની તરીકે વિકસાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પાંડુવંશી વંશ દરમિયાન પણ તેનો વિકાસ થયો હતો.

ઈજાગ્રસ્તોમાં ભારતીય સામેલ : અમેરિકાએ નાગરીકોને સાઉદી છોડવા આદેશ કર્યો

સાઉદીમાં એરપોર્ટ તથા અરામકો તેલક્ષેત્ર પર ફરી ભીષણ હુમલો : 3 ના મોત, 8 ઘાયલ



તહેરાન : મધ્યપૂર્વમાં હુમલાઓનો સિલસિલો જારી જ રહ્યો હોય તેમ હુથી બળવાખોરોએ આજે વધુ એક વખત સાઉદી અરેબીયાને નિશાન બનાવ્યુ હતું. એરપોર્ટ ઉપરાંત તેલક્ષેત્ર પર પણ હુમલા કર્યા હતા. તેમાં 3 ના મોત નિપજયુ હ્યું. જયારે ભારતીય સહીત આઠ લોકો ઘાયલ થયા હતા. હુમલાથી વ્યાપક નુકશાનીના અહેવાલ છે.

દમ્મામમાં કીંગ ફરદ એરપોર્ટ પર હુમલામાં એકનુ મોત થયુ હતું. આ સિવાય અરામકોનાં શાયબા ઓઈલ ફીલ્ડ પર ડ્રોન હુમલાનો પ્રયાસ થયો હતો. ડ્રોન તોડી પડાયું હતું. પરંતુ તેનો કાટમાળ તેલક્ષેત્ર પર ખાબકતા આગ ફાટી નીકળી હતી. નેપાળ-ફીલીપીન્સનાં એક એક નાગરીકનું મોત થયુ હતું.

ગ્લોબલ ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર માહિતી જાહેર કરવામાં આવી હતી કે મધરાતે હુમલા બાદ મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખીને ઘણી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સના રૂટ તાત્કાલિક ડાયવર્ટ કરવામાં આવ્યા હતા.

આ વિસ્તાર અગાઉ પણ હૂથી બળવાખોરોની મિસાઈલો અને પ્રોજેક્ટાઈલ હુમલાઓનું નિશાન બની ચૂક્યો છે. જોકે આ તાજા હુમલા અંગે ઈરાન સમર્થિત હૂથી જૂથ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ સાઉદી ગઠબંધને જણાવ્યું છે કે તેમણે દેશના પૂર્વીય ક્ષેત્રમાં 4 ડ્રોન હુમલાઓને સફળતાપૂર્વક ઈન્ટરસેપ્ટ કર્યા હતા.

એરપોર્ટ પર થયેલા હુમલાના થોડા સમય પહેલાં જ દક્ષિણ-પૂર્વીય સાઉદી અરેબિયામાં વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની 'અરામકો' દ્વારા સંચાલિત શાયબહ ઓઈલ ફિલ્ડ પર ઈન્ટરસેપ્ટ કરાયેલા ડ્રોનનો કાટમાળ પડ્યો હતો.

ગયા મહિને પણ હવામાં તોડી પાડવામાં આવેલા હૂથી ડ્રોનનો કાટમાળ પડવાથી સાઉદીમાં રહેતા 1 યમની નાગરિકનું મોત થયું હતું, જે શિપિંગ અને ઓઈલ સાઈટ્સ પર હુમલા શરૂ થયા પછી નાગરિક મોતમાં પ્રથમ ઘટના હતી. આ મહિનાની શરૂઆતમાં પણ સાઉદીના પૂર્વીય પ્રાંતમાં હુમલા બાદ અરામકોની એક વહીવટી ઈમારતમાં મર્યાદિત સ્તરે આગ લાગી ચૂકી છે.

સુરક્ષાની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વોશિંગ્ટનથી અમેરિકાના વિદેશ વિભાગે સાઉદી અરેબિયામાં તૈનાત પોતાના નોન-ઈમરજન્સી સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક અમેરિકા પરત ફરવાનો આદેશ આપ્યો છે. વિદેશ મંત્રાલયે આ સાથે ચેતવણી આપી છે કે હુમલાઓનું આ ક્ષેત્ર હવે સાઉદીની સરહદોથી આગળ વધીને વધુ ફેલાઈ શકે છે.

સિક્યુરિટી અને પાડોશીઓએ સ્ટૂલ ટેકવીને જીવ બચાવ્યો

ચીનમાં 12મા માળેથી નીચે લટકતી 3 વર્ષની બાળકીનો આબાદ બચાવ

માતા શાકભાજી લેવા ગઈ અને બાળકી બારીની ગ્રીલમાં ફસાઈ : નીચેના માળેથી યુવકોએ જીવના જોખમે મદદ કરી



બેઈજિંગ : ચીનના ફુજિયાન પ્રાંતના ઝાંગપિંગ શહેરમાં એક હૃદયધબકાવી દે તેવી ઘટના સામે આવી છે. અહીં એક રહેણાંક સોસાયટીના 12મા માળે આવેલા એપાર્ટમેન્ટની બારીની લોખંડની ગ્રીલ વચ્ચે 3 વર્ષની બાળકીનું માથું ફસાઈ જતાં તે હવામાં અધ્ધર લટકી ગઈ હતી. જોકે, ફાયરબ્રિગેડની ટીમ પહોંચે તે પહેલાં જ નીચેના માળે રહેતા સિક્યુરિટી સ્ટાફ અને પાડોશીઓએ અદભુત સૂઝબૂઝ બતાવીને બાળકીને નીચે પડતાં બચાવી લીધી હતી. મળતી માહિતી મુજબ, બાળકી ઘરે એકલી હતી ત્યારે તે રમતાં રમતાં બારીની સેફ્ટી ગ્રીલ પર ચડી ગઈ હતી, જ્યાં તેનું માથું બે સળિયા વચ્ચે ફસાઈ ગયું હતું. તે ગ્રીલને બંને હાથે પકડીને 12મા માળેથી નીચે લટકી રહી હતી.

નીચેના માળેથી સ્ટૂલ ટેકવીને બાળકીને આધાર આપ્યો એક સ્થાનિક રહીશે બાળકીને લટકતી જોઈ તરત જ સોસાયટીના વોટ્સએપ ગ્રૂપમાં ફોટો શેર કરીને એલર્ટ આપ્યું હતું. બાળકીના ઘરમાં કોઈ ન હોવાથી સિક્યુરિટી ગાર્ડ અને પ્રોપર્ટી મેનેજમેન્ટનો સ્ટાફ તાત્કાલિક 11મા માળે એટલે કે નીચેના ફ્લેટમાં પહોંચ્યો હતો. ત્યાંથી બે યુવકોએ બારીમાંથી બહાર નમીને બાળકીના પગ નીચે એક લાકડાનું સ્ટૂલ ટેકવી દીધું હતું, જેથી તેના શરીરનું વજન ગ્રીલ પર ન પડે અને તે નીચે પડી જવાથી બચી શકે. બાળકીની સ્થિતિ એવી હતી કે તેને નીચેના માળેથી ખેંચી લેવી શક્ય નહોતી, છતાં ફાયરબ્રિગેડ ન આવે ત્યાં સુધી તેઓ સ્ટૂલ પકડીને ઊભા રહ્યા હતા.ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી સર્વિસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ ફ્લેટનો દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને ગ્રીલમાંથી બાળકીને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. બાદમાં તેને તબીબી તપાસ માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ઘટના સમયે બાળકીના પિતા નોકરી પર ગયા હતા અને માતા બાળકીને ઊંઘતી મૂકીને શાકભાજી ખરીદવા બહાર ગઈ હતી. સ્થાનિક લોકો અને સ્ટાફની ત્વરિત કામગીરીને કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી.

ઈરાન પર મહાબોંબ ઝીંકવાની તૈયારી?

ઈરાન પર આખરી - વિનાશક પ્રહાર કરવા ટ્રમ્પની વિચારણા



વોશિંગ્ટન : અમેરિકા અને ઈઝરાયલ મિડટર્મ ચૂંટણીઓ પછી ઈરાનના પરમાણુ અને ઊર્જા ઠેકાણાઓ પર નાના અને તીવ્ર સૈન્ય હુમલાની યોજના બનાવી રહ્યા છે. સંભવિત લક્ષ્યોમાં ઈરાનના પરમાણુ કેન્દ્રો, મિસાઈલ-ડ્રોન ભંડાર અને ઊર્જા માળખાનો સમાવેશ થાય છે. આ ઝુંબેશ ત્રણ દિવસની ટૂંકી પરંતુ તીવ્ર હોઈ શકે છે, જેનો હેતુ ઈરાનની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડીને તેને પરમાણુ મુદ્દે સમજૂતી કરવા માટે મજબૂર કરવાનો છે.

ઈરાનના પહાડો નીચે છુપાયેલા પરમાણુ સેન્ટર `પિકએક્સ માઉન્ટેન' પર હુમલાની પ્રબળ સંભાવના છે. તાજેતરમાં જ અમેરિકન પ્રમુખે જણાવ્યું હતું કે તેઓ આ જગ્યા સામે 22,000 પાઉન્ડ વજની GBU-43/B, , જેને MOAB એટલે કે `મધર ઓફ ઓલ બંબ્સ' કહેવામાં આવે છે, તેના ઉપયોગ પર વિચાર કરી રહ્યા છે.

બીજી તરફ, અમેરિકન અધિકારીઓ એ વાતને લઈને પણ ચિંતિત છે કે જો ઓઈલ રિફાઈનરી પ્લાન્ટ્સ પર હુમલો થાય તો અમેરિકામાં પેટ્રોલના ભાવ વધી શકે છે, જેથી ઊર્જા માળખાને નિશાન બનાવવા અંગે હજુ થોડી મૂંઝવણ છે.

જો નવો હુમલો થશે તો જવાબી કાર્યવાહી મર્યાદિત નહીં રહે તેવી સ્પષ્ટ ચેતવણી ઈરાને આપી છે. તેહરાને સંકેત આપ્યો છે કે તે સાઉદી અરેબિયાના ઓઈલ પ્લાન્ટ, ડેટા સેન્ટરો અને સમુદ્ર નીચે પાથરેલા ઈન્ટરનેટ કેબલોને પણ નિશાન બનાવી શકે છે.

આ દરમિયાન ઈઝરાયલ દ્વારા ઈરાનની સરહદ નજીક એક મોટો વાયુસેના અભ્યાસ કરવામાં આવ્યો છે, જે સંભવિત હુમલાના માર્ગ જેવો જ હતો. ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે આ માત્ર એક તાલીમ અભ્યાસ હતો જેનો ઉદ્દેશ્ય ઈરાનને કડક સંદેશ આપવાનો હતો.

આ તમામ યોજનાઓ તૈયાર હોવા છતાં, અમેરિકા માટે નવી જંગના રસ્તે ત્રણ મોટી મુશ્કેલીઓ છેઃ ઓઈલની કિંમતોમાં અચાનક ઉછાળો, ક્ષેત્રીય યુદ્ધનો ફેલાવો અને અમેરિકામાં મિસાઈલ-ઈન્ટરસેપ્ટરની કમી. જ્યાં સુધી ઈરાન પરમાણુ મંત્રણાના નહીં કરે, ત્યાં સુધી યુદ્ધની આશંકા યથાવત રહેશે. હાલ તો ટ્રમ્પ પ્રશાસન કૂટનીતિક રસ્તો અપનાવવો કે હુમલાને મંજૂરી આપવી તે અંગે વિચારણા કરી રહ્યું છે.

અદ્યતન ટેકનોલોજી - સંકલીત-કામગીરી નિહાળી

વિશ્વની સૌથી મોટી રિલાયન્સ રીફાઈનરીની મુલાકાત લેતા US વિદેશમંત્રી માર્કો રૂબીયો

ભારત ખાતેના અમેરિકી રાજદૂત સર્જીયો ગોર પણ જોડાયા... રીલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી, એકઝી.ડિરેકટર અનિલ અંબાણી દ્વારા સ્વાગત : અમેરિકી કંપનીઓ સાથે સહયોગની તકો અંગે ચર્ચા, પુરૂ સંકુલ નિહાળ્યું : રિલાયન્સની ન્યુ એનર્જી ગીગા ફેકટરી : ઉર્જા અને ડિજીટલ ઈન્ફ્રા.ની ક્ષમતા દર્શાવાઈ



અમદાવાદ : ગુજરાત અને દેશના ગૌરવ સમાન તથા દુનિયાની સૌથી મોટી કુડતેલ રિફાઈનરી, જામનગર સ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ગઈકાલે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબીયોની મુલાકાતે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યુ છે.

ખાસ કરીને હાલની જીયો ભૌગોલિક સ્થિતિ તથા કુડતેલની વૈશ્વિક બજારોની અનિશ્ચિતતા વચ્ચે આ મુલાકાતને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વિશ્વમાં પેટ્રોલિયમ ઉત્પાદનોમાં સૌથી મોટો સપ્લાયર બનવાની ક્ષમતા ધરાવે છે તે નિશ્ચિત થયુ છે.

અમેરિકી વિદેશમંત્રી માર્કો રૂબીયો તથા ભારત ખાતેના અમેરિકી રાજદૂત સર્જીયો ગોરે રિફાઈનરી ઉપરાંત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નિર્માણાધીન ડેટા સેન્ટર સહિતની મુલાકાત લીધી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી તથા એકઝીકયુટીવ ડિરેકટર અનંત અંબાણીએ બન્ને અમેરિકી મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું તથા આ વિશ્વસ્તરીય રીફાઈનરી સંકુલ નિહાળવામાં સાથે જોડાયા હતા તથા અદ્યતન ટેકનોલોજી તથા કાર્યકર્તાનો પરિચય કરાવ્યો હતો.

રૂબીયોની રિફાઈનરી મુલાકાતથી ભારત સરકાર 'દુર' જ નથી વિદેશમંત્રી એસ.જયશંકર ફરી મુંબઈમાં સાથે રહ્યા

ગઈકાલે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબીયોની જામનગર રિલાયન્સ રીફાઈનરીની મુલાકાત સમયે ભારત સરકારના કોઈ પ્રતિનિધિ હાજર ન હતા તથા આ મુલાકાત અમેરિકા અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રી વચ્ચેની બની રહી હતી. શ્રી રૂબીયો સીધા મુંબઈ પહોંચ્યા હતા.

જયાં વિદેશમંત્રી શ્રી એસ.જયશંક સાથે દ્વીપક્ષી મુદાઓ પર ચર્ચા કરી હતી પણ તેઓની જામનગર મુલાકાતમાં એસ.જયશંકર કે ભારત સરકારના કોઈ પ્રતિનિધિ જોડાયા ન હતા. ફકત જામનગર જીલ્લા તંત્રએ અમેરિકી વિદેશમંત્રીના આગમન તથા પરત જવા સમયે સુરક્ષા સહિતની વ્યવસ્થા ગોઠવી હતી.

ટ્રમ્પે ડીલ ઝડપથી થવાના આપ્યા સંકેત

ભારત-અમેરિકા વચ્ચે વ્યાપાર સમજુતી અગાઉ કરતા બિલકુલ અલગ હશે : ટ્રમ્પ

મુંબઈમાં કાર્યક્રમમાં અમેરિકી વિદેશ મંત્રીએ ભારત - અમેરિકા વચ્ચેના રણનીતિક તાલમેલને અસાધારણ ગણાવ્યો

વોશિંગ્ટન : અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા લાંબા સમયથી ચાલતી વાતચીત બાદ વ્યાપાર સમજુતીની ઘણા નજીક પહોંચી ગયા છે. તેમણે સંકેત આપ્યો હતો કે પ્રસ્તાવિત સમજુતી સામાન્ય સમજુતીથી અલગ હોઈ શકે છે. તો ભારતના પ્રવાસે આવેલા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબીયોએ પણ બન્ને દેશો વચ્ચે વેપાર વાર્તામાં પ્રગતિની વાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વ્યાપાર સમજુતીની વાતચીત હવે નિર્ણાયક વળાંકે આવી ગઈ છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે બન્ને દેશો વ્યાપાર સમજુતીને અંતિમ રૂપ આપવાની ઘણી નજીક આવી ગયા છે.

વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ (ભારત) સમજુતી કરવા માંગે છે. અમે સમજુતી કરીશું. હા, અમે તેની ઘણી નજીક છીએ. આ અત્યાર સુધીમાં કરવામાં આવેલી સમજુતીથી બિલકુલ અલગ પ્રકારની સમજુતી હશે.

દરમિયાન રૂબિયો અને ભારતના વિદેશમંત્રી એસ.જયશંકર વચ્ચે મંગળવારે મુંબઈમાં મુલાકાત થઈ હતી. જયાં બન્ને નેતાઓએ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વ્યાપાર સમજુતી જલદી પુરા કરવા પર પ્રતિબદ્ધતા દોહરાવી હતી. મુંબઈમાં આયોજીત કાર્યક્રમમાં રૂબિયોએ ભારત અને અમેરિકા વચ્ચેના રણનીતિક તાલમેલને 'અસાધારણ' બતાવ્યો હતો.



ન્યૂયોર્કના મેયર મમદાની રંગેચંગે ગુજરાતના ગરબે રમ્યા!




ભારતીય-ગુજરાતી સમુદાય બોલી ઉઠયા-આવા છે અમારા મેયર : મમદાનીએ મંદિરમાં દર્શન પણ કર્યા

ન્યુયોર્ક : ગુજરાતમાં વિધર્મીઓને ગરબીમાં આવવા સામે ભલે પ્રતિબંધ મુકાયો હતો પણ અમેરિકામાં ન્યુયોર્ક શહેરના વિધર્મી મુસ્લીમ મેયર જોહરાન મમદાની કાળા શૂટ પર દુપટ્ટો લગાવીને રંગેચંગે ગરબા રમ્યા હતા! અને ન્યુયોર્ક સિટીના ભારતીય ગુજરાતી સમુદાયના લોકો બોલ્યા હતા. આવા છે અમારા મેયર. ગરબામાં રાસે રમ્યા બાદ મમદાની એક મંદિરમાં પણ ગયા હતા જયાં પૂજારીએ તેને આશીર્વાદ આપ્યા હતા. મમદાનીએ સોશિયલ મીડિયા પર હિન્દુ સમુદાયને નવરાત્રી પર અભીનંદન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે મમદાની ભારતીય મૂળના ફિલ્મ મેકર મીરા નાયર અને યુગાન્ડાના પ્રોફેસર મહમુદ મમદાનીના પુત્ર છે.

જીયો જે સેવા રૂા.699માં આવે તે સ્ટારલીંક રૂા.5000માં પડી શકે : ભારતીયો ઝડપ કરતા ભાવ જુએ છે

સસ્તી સેટેલાઈટ બ્રોડબેન્ડ સેવામાં એલન મસ્કને હરીફાઈ કરવી મુશ્કેલ





મુંબઈ: દુનિયાના સૌથી ધનવાન તથા જીનીયસની કક્ષામાં આવતા ઉદ્યોગપતિ એલન મસ્કની કંપની સ્ટાર લીંકને ભારતમાં સેટેલાઈટ- ઈન્ટરનેટ સેવા આપવાના મુદે હવે આખરી મંજુરીનો વિવાદ છે.

તે સમયે રિલાયન્સ જીયોએ તો આગામી સમયમાં આ સેવા આપવા તૈયારી કરી છે તો ભારતી એરટેલ પણ લાઈનમાં છે તથા એમેઝોન સહિતની કંપનીમાં પણ ભારતમાં આ સેવા આપવા તૈયાર છે.

સૌથી મોટો પ્રશ્ન શ્રેષ્ઠ સેવા કરતા ભારતમાં સસ્તી સેવાના છે અને ખાસ કરીને જીયો-એરટેલ એ ભારતમાં 80% બ્રોડબેન્ડ ઈન્ટરનેટ ગ્રાહકો ધરાવે છે. વોડાફોન-બીએસએનએલ સહિતની કંપનીઓ છે તેમાં સ્ટારલીંકે ઘુસવાનો સસ્તા ડેટા એ ભારતના 100 કરોડથી વધુ મોબાઈલ-ઈન્ટરનેટ સેવા મેળવનાર ગ્રાહકો માટે સૌથી મોટો ફાયદો છે તો સ્ટાર લીંક સસ્તી સેવામાં તે ભારતમાં સ્પર્ધા માટે ટકી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

સ્ટાર લીંકની આવક 2025માં 11.39 અબજ ડોલરની રહી છે તે મસ્કની સૌથી કમાણી કરતી કંપની છે. સ્પેસ એકસ જે સ્ટાર લીંક સાથે સંકળાયેલ છે તે તો 4.9 અબજ ડોલરનું નુકશાન કરે છે. હાલ તે દુનિયામાં સૌથી વધુ 10068 સેટેલાઈટ ધરાવે છે અને વધુ 11000 મોકલવાની તૈયારીમાં છે.

સ્ટાર લીંગ પાસે આ તમામ ઈન્ફાસ્ટ્રકચર છે તેથી તે સ્પર્ધાઓમાં તો શ્રેષ્ઠ સેવાઓ મેદાન મારી શકે છે પણ સસ્તી સેવા આપી શકે કે કેમ તે પ્રશ્ન છે. હવે દુનિયાની એરલાઈન પણ મસ્કની ઈન્ટરનેટ સેવા લે છે જે દુનિયામાં સૌથી ઝડપી છે પણ તેની ચિંતા ભારતીયો સસ્તુ પહેલા શોધે છે તે છે.

ભારતમાં મોબાઈલ ડેટાની કિંમત પ્રતિ ગીગાબાઈટ રૂા.6 છે. જીયો ફાઈબર 100 એમબીપીએસ સ્પીડ સાથે બ્રોડબેન્ડ પ્રતિ માસ રૂા.699માં આવે છે. સ્ટાર લીંક આ સેવા અમેરિકામાં 55 ડોલર (રૂા.5000માં) આવે છે. આમ કિંમતનો મોટો તફાવત છે જે ગેપ પુરવો સ્ટાર લીંક માટે મોટો પડકાર હશે.

26/11ના હુમલા વખતે તાજ હોટેલમાં ફરજ પર રહેલા સુરક્ષા અધિકારીને મળ્યા માર્કો રુબિયો

અમેરિકાના વિદેશ મંત્રીએ હુમલાની પ્રત્યક્ષ માહિતી મેળવી; એસ.જયશંકરે તાજ હોટેલના સુરક્ષા વડા સુનીલ કુડિયાડીનો પરિચય કરાવ્યો



મુંબઈ: અમેરિકાના વિદેશ મંત્રી માર્કો બિયોએ મુંબઈની તાજ મહેલ પેલેસ હોટેલની મુલાકાત દરમિયાન 26 નવેમ્બર, 2008ના આતંકવાદી હુમલા વખતે હોટેલમાં ફરજ પર હાજર રહેલા સુરક્ષા વડા સુનીલ કુડિયાડી સાથે મુલાકાત કરી હતી. કુડિયાડીએ તેમને હુમલા અંગે પ્રત્યક્ષ માહિતી આપી હતી અને હોટેલમાં આતંકવાદીઓએ કેટલો સમય કબજો જમાવ્યો હતો તે સહિતની વિગતો સમજાવી હતી.

માર્કો બિયોએ તાજ હોટેલમાં આવેલા 26/11 સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ હુમલામાં છ અમેરિકન નાગરિકો પણ માર્યા ગયા હતા.

બિયોએ જણાવ્યું હતું કે હુમલામાં જીવ ગુમાવનારાઓને યાદ કરવા ઉપરાંત, તેમણે સંકટ સમયે લોકોની મદદ કરનારા અને બહાદુરીપૂર્વક ફરજ બજાવનારા લોકોનું સન્માન કર્યું છે. તેમણે ભારત અને અમેરિકા વચ્ચે આતંકવાદ સામેની લડાઈમાં સહયોગ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે માર્કો બિયોને તાજ હોટેલના સુરક્ષા વડા સુનીલ કુડિયાડીનો પરિચય કરાવ્યો હતો. કુડિયાડી 2008ના હુમલા સમયે હોટેલમાં હાજર હતા અને તેમણે તે દરમિયાન બનેલી ઘટનાઓની વિગતો આપી હતી.

કુડિયાડી તાજ હોટેલમાં સુરક્ષા અને સલામતી વિભાગના એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ તથા સુરક્ષા વડા તરીકે ફરજ બજાવે છે. હુમલા દરમિયાન હોટેલના કર્મચારીઓએ પોલીસને પરિસરની રચના સમજવામાં અને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરી હતી.

ઈટાલીમાં મેલોનીનો આકરો નિર્ણય

આંદોલનમાં લુંટફાટ થાય તો સગીરના માતા-પિતા પાસેથી નુકશાની-દંડ લેવાશે

હિંસક ઘટનાઓ બાદ નિર્ણય : 14 થી 17 વર્ષના સગીરોને પણ કસ્ટડીમાં લેવાની છૂટ



રોમ : ઈટાલીની સરકારે પ્રદર્શનો દરમિયાન થતી હિંસા અને લૂંટફાટ પર અંકુશ મેળવવા માટે સુરક્ષાને લગતા કેટલાક કડક નિર્ણયોને મંજૂરી આપી દીધી છે. તાજેતરમાં ઉત્તરી ઈટાલીના કેટલાક શહેરોમાં થયેલી હિંસા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

જેમાં મિલાન જેવા મોટા શહેરો પણ સામેલ છે. અહીં યુવાનોના જૂથોએ દુકાનોના કાચ તોડીને લૂંટફાટ ચલાવી હતી અને પોલીસ પર હુમલો કર્યો હતો. આ નવા કાયદાઓ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે.

આ નવા કાયદા હેઠળ જો કોઈ સગીર તોડફોડ કે લૂંટફાટમાં સામેલ હશે, તો તેના માતા-પિતાને આર્થિક નુકસાનની ભરપાઈ કરવા માટે જવાબદાર ઠેરવવામાં આવશે. આ ઉપરાંત, 14થી 17 વર્ષની વયના એવા યુવાનો કે જેમણે કોઈ ગુનો કર્યો નથી પરંતુ તેમના તરફથી જોખમ હોવાના પુરાવા છે, તેમને પણ પોલીસ કસ્ટડીમાં લઈ શકાશે.

અગાઉ આ નિયમ માત્ર પુખ્ત વયના લોકો માટે જ લાગુ પડતો હતો. પ્રદર્શન દરમિયાન જાહેર સુરક્ષા માટે જોખમ ઊભું કરનારને 5 વર્ષ સુધીની જેલ અને 20 હજાર યુરો સુધીનો દંડ થઈ શકે છે.

પીએમ જ્યોર્જિયા મેલોનીએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કર્યું છે કે તોડફોડ અને ચોરી એ કોઈ ક્રાંતિકારી કાર્ય નથી, પરંતુ તે એક ગંભીર અપરાધ છે. આગામી સમયમાં થનારા પ્રદર્શનોમાં હિંસાની આશંકાને ધ્યાનમાં રાખીને, સરકાર દ્વારા મિલાન શહેરમાં વર્ષ 2026ના અંત સુધીમાં પોલીસની સાથે 500 સૈનિકોને તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૈન્ય દ્વારા મહત્ત્વપૂર્ણ સ્થળોની સુરક્ષા અને સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ નજર રાખવામાં આવશે.

ચીનમાં નદીની નીચે દોડતી ટ્રેનમાં લેસર શોનો અનોખો નજારો




શાંઘાઈ : ચીનના શાંઘાઈ શહેરમાં પર્યટક હુઆંગપૂ નદીની નીચેથી પસાર થતી એક અનોખી ટ્રેનમાં સફર દરમિયાન લેઝર શોનો રોમાંચક અનુભવ કરી શકાય છે. 'બંડ સાઈટ સઈંગ ટનલ નામનો અન્ડર ગ્રાઉન્ડ રસ્તો નદીના એક કિનારે વસેલ ઐતિહાસિક બંડ વિસ્તારને બીજી તરફની યુ ડોંગ ક્ષેત્ર સાથે જોડે છે. આ સફેરના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક બ્લોગર સીડીઓથી નીચે ઉતરીને સુરંગ સુધી પહોંચે છે અને ટીકીટ ખરીદયા બાદ ટ્રેનમાં બેસે છે. ત્યાર બાદ શરૂ થાય છે પ્રકાશ અને અવાજોથી ભરેલો અનોખો અનુભવ સુરંગની અંદર રંગબેરંગી એલઈડી લાઈટો, લેઝર પ્રોજેકશન અને અંતરિક્ષ સાથે સંકળાયેલ ધ્વનિ અસર જોવા મળે છે. સુરંગ લગભગ 647 મીટર લાંબી છે તેમાં સામાન્ય મેટ્રો ટ્રેનની જગ્યાએ સ્વચાલિત (ઓટોમેટિક) નાની ગાડીઓ ચાલે છે. તે યાત્રીઓને લગભગ 3થી 5 મિનિટમાં નદીની બીજી બાજુ પહોંચાડી દે છે. આ દરમિયાન સુરંગમાં ખાસ પ્રકાશ અને ધ્વનિનો શો પણ દર્શાવવામાં આવે છે. આ સફરમાં આવવા જવાની ટીકીટ 70 યુઆન એટલે કે લગભગ 993 રૂપિયા છે.

દર ચારમાંથી એક તબીબ નિવૃત્તિના આરે

દુનિયામાં તબીબોની અછત સર્જાશે : WHO ની ચેતવણી

ભારત સહીત 122 રાષ્ટ્રોમાં 1.11 કરોડ આરોગ્ય કર્મીઓની ઘટ પડવાનો અંદાજ : તાત્કાલીક નીતિગત ફેરફારો કરવાની સલાહ



જીનીવા : દુનિયાભરમાં તબીબો તથા આરોગ્ય કર્મચારીઓની અછત મામલે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દ્વારા ગંભીર ચેતવણી જારી કરવામાં આવી છે. 2030 સુધીમાં વિશ્વભરમાં 1.1 કરોડ આરોગ્ય કર્મીની અછત સર્જાવાનું ચેતવણીમાં જણાવાયું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનાં રિપોર્ટમાં એમ કહેવામાં આવ્યુ છે કે દુનીયાભરમાં દર ચારમાંથી એક ડોકટર નિવૃતિની ઉંમરના આરે છે અને આવતા દાયકામાં નિવૃત થશે. સમયસર કદમ ઉઠાવવામાં નહીં આવે તો આરોગ્ય ક્ષેત્રે મોટુ સંકટ સર્જાય શકે છે.

'નેશનલ હેલ્થ વર્કફોર્સ એકાઉન્ટસ 2026' ના રીપોર્ટ પ્રમાણે ભારત સહિત દુનિયાના 122 દેશોમાં સરેરાશ 25 ટકા ડોકટર્સની ઉંમર 55 વર્ષથી વધુ છે. અર્થાત ચારમાંથી એક ડોકટર નિવૃતિની નજીક છે અને આવતા 10 વર્ષમાં રિટાયર થઈ જશે.

સમૃદ્ધ ઉંચી આવક ધરાવતા દેશોની હાલત તો વધુ ચિંતાજનક છે. જયાં 30 ટકા ડોકટરો નિવૃતિનાં આરે છે.વિશ્વ આરોગ્ય સંગઠને આ હકીકતને ગુપ્ત વર્કફોર્સ સંકટ તરીકે ગણાવ્યું છે. રીપોર્ટ પ્રમાણે છેલ્લા બે દાયકામાં વૈશ્વિક સ્તરે આરોગ્ય કર્મચારીઓની સંખ્યામાં બાવન ટકાની વૃધ્ધિ થઈ છે. દુનિયાભરમાં હાલ 7 કરોડથી વધુ સ્વાસ્થ્ય કર્મીઓ છે. પરંતુ દરેક દેશોમાં પરિસ્થિતિ એક સમાન નથી. દુનિયાનાં 67 દેશો એવા હશે જયાં 2030 સુધીમાં પોતાની વસ્તીને પાયાની આરોગ્ય સુવિધા પુરી પાડવામાં પણ મુશ્કેલી થશે. આ દેશો પાસે પર્યાપ્ત ડોકટર તથા નર્સ કે અન્ય આરોગ્ય કર્મચારીઓ ઉપલબ્ધ નહિં હોય ઓછી કે મધ્યમ આવક ધરાવતા રાષ્ટ્રોને વધુ સંકટનો સામનો કરવો પડશે. આવા 10 દેશોને 11 ટકા આરોગ્ય વર્કફોર્સની અછત રહેશે. વિશ્વ આરોગ્ય સંગઠનના ડો.ખાસૌમ ડીયાલોએ કહ્યુ કે આરોગ્ય કર્મચારીઓની વધતી ઉંમર ગંભીર પડકાર છે. દુનિયાભરનાં દેશોએ વધુ અસરકારક નીતિ બનાવવી પડશે. ભવિષ્યની જરૂરીયાતોને પહોંચી વળવા માટે શિક્ષણ રોજગાર નવા આરોગ્ય કર્મીઓની ભરતી તથા તેઓને જાણવવા માટેના પગલાની આવશ્યકતા છે.

સિબીડીટી એક્ટિવેટ પ્રશ્ને ધ્યાને લઈ

પૂરવઠા વિભાગ દ્વારા ચાલુ માસનો જથ્થો ફિંગરપ્રીન્ટનાં આધારે આપવાનો નિર્ણય



અમદાવાદ : સિબીડીટી એકટિવેટ પ્રશ્ને છેલ્લા કેટલાંક સમયથી હેરાન થતા રાજયનાં રેશનિંગ વેપારીઓનો પ્રશ્ન હાલ પૂરતો પૂરવઠા તંત્રએ હલ કર્યો છે અને હવે નવેમ્બર માસનો જથ્થો તબકકાવાર આપવા માંગણી પણ કરી છે. ઓલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનના હોદેદાર હિતુભા જાડેજાના જણાવ્યા મુજબ રાજ્યના લગભગ 11 લાખ સીબીડીસી એક્ટિવેટ રેશનકાર્ડ ધારકને આજ તા.24 ઓક્ટોબરથી ઓક્ટોબર માસ દરમિયાન બાયોમેટ્રિક ફિંગર કેપ્ચર દ્વારા અનાજ મળી રહેશે.

આવો નિર્ણય રાજ્યની પુરવઠાશાખા દ્વારા લેવામાં આવ્યો છે. જે ગરીબ જરૂરિયાતમંદ અને લાચાર રેશનકાર્ડ ધારક અને આર્થિક અને માનસિક શોષિત વાજબી ભાવના દુકાનદાર ના હિતમાં લિધેલો નિર્ણય છે. આ માટે ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન સહીત દરેક તાલુકા જીલ્લા મથકેથી આગેવાનો અને વેપારીભાઈઓએ કરેલા સંઘર્ષ થી શક્ય બન્યુ છે. વધુમાં હિતુભાએ જણાવેલ હતું કે શ્રાદ્ધ, નવરાત્રી તથા દશેરાના તહેવારોને કારણે રેશનકાર્ડ ધારકો દ્વારા અનાજ જથ્થો લેવામાં થોડી ઉદાસીનતા રહી હતી, તેમજ ઈઈઉઈ (સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી) ટેકનિકલ પ્રક્રિયાની થોડી ખામીના કારણે ઓક્ટોબર માસનું વિતરણ ખૂબ ઓછું થયેલ છે. જેના લીધે વ્યાજબી ભાવની દુકાનોમાં અનાજનો જથ્થો ભરાયેલો પડ્યો છે. હાલમાં નવેમ્બર માસનો જથ્થો પણ ઉતારવાનો થતો હોય, દુકાનોમાં જગ્યાના અભાવે જથ્થો સમાવવાની મોટી મુશ્કેલી ઉભી થાય તેમ છે. આવા સંજોગોમાં જો ઓક્ટોબર માસના વિતરણની ટકાવારીને ધ્યાનમાં રાખીને નવેમ્બર માસનો જથ્થો એકસાથે આપવાને બદલે બે કે ત્રણ તબક્કામાં ઉતારવામાં આવે, તો દુકાનોમાં જગ્યાની સમસ્યા નિવારી શકાય તેમ છે. તથા નવેમ્બર માસના જથ્થાનું વિતરણ ઓક્ટોબર માસની આશરે 25 તારીખથી જ શરૂ કરવામાં આવે, તો દુકાનોમાં રહેલો જૂનો જથ્થો પણ વિતરણ થઈ જાય અને આગામી દિવાળીના પવિત્ર તહેવારો પહેલા રેશનકાર્ડ ધારકોને સરળતાથી નવેમ્બર માસનો જથ્થો મળી રહે.

લોકશાહીમાં વીજ ગ્રાહકોને હિસાબ માંગવાનો પણ અધિકાર: ડો.મનીષ દોશી

વિજ ગ્રાહકો પર 3.99 ટકાનો સરચાર્જ શુ કામ? કોંગ્રેસના સરકારને આકરા સવાલ

અમદાવાદ : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે મોંઘવારીમાં પીસાઈ રહેલી જનતા પર 3.99 ટકાનો સરચાર્જ શા માટે? વીજળીના ઉત્પાદન અને ખરીદીના ખર્ચમાં ખરેખર કેટલો વધારો થયો છે? સરકાર અને વીજ કંપનીઓ તેનો સ્પ્ટ હિસાબ જાહેર કરશે/ કોલસાથી વીજળી બને છે તો ખર્ચનો હિસાબ કયાં છે? કોલસા ઉપરાંત ગેસ, અન્ય વીજ સ્ત્રોતો અને વીજ ખરીદીના ખર્ચમાં થતા ફેરફારોને ધ્યાનમાં લઈને એફપીપીએએસ નકકી થાય છે.

તો ગ્રાહકોને ખર્ચનો પારદર્શક હિસાબ કે ન આપવામાં આવે? આ વધારો સપ્ટેમ્બર મહિનાના વીજ બીલથી લાગુ થશે. જોકે તેની ગણતરી 1 જુલાઈથી કરવામાં આવનાર હોવાથી જુલાઈ અને ઓગષ્ટ મહિનાના બીલમાં થયેલા તફાવતની રકમ પણ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવશે. ખેતીવાડી વીજ જોડાણોને બાદ કરતા રહેણાક મકાનો, દુકાનો, ઓફીસો અને કારખાનાઓ સહિતના વીજ ગ્રાહકોને આ વધારાની અસર થશે. ગુજરાત સરકાર અને વીજ કંપનીઓએ જવાબ આપવો જોઈએ આ વધારાની ગણતરી કયા



ખર્ચના આધારે થઈ? ગ્રાહકોને વિગતવાર હિસાબ અને યોગ્ય માહિતી કયારે મળશે? વીજળીના બીલને સામાન્ય પરિવાર માટે પરવડે તેવું રાખવા શું પગલા લેવાશે? લોકશાહીમાં ગ્રાહક માત્ર બીલ કરવા માટે નથી: તેને હિસાબ માંગવાનો પણ અધિકાર છે તેમ પ્રવકતા ડો.મનીષ દોશીએ પ્રશ્ન ઉઠાવ્યો છે.

અનેક મેડીકલ ઉપકરણો સામાન્ય સ્ટરીલાઈઝ કરીને ફરી ઉપયોગ થાય છે

સિંગલ યુઝ મેડીકલ ડિવાઈઝનો ફરી ઉપયોગ થઈ શકશે નહી : આદેશ

તમામ સરકારી તેમજ ખાનગી હોસ્પીટલો તેમજ કલીનીકોને આ પ્રકારના ડિવાઈઝ જેનો નાશ કરવાનો હોય તેનો વારંવાર ઉપયોગ કરવાની પ્રથા બંધ કરવા તાકીદ : ગંભીર ચેપનો ભય : સ્ટરીલાઈઝ નહી કરી શકાય



નવી દિલ્હી : દેશમાં સરકારી અને ખાનગી ક્ષેત્રની હોસ્પિટલોમાં દર્દીઓના સારવાર માટે ઉપયોગમાં લેવાતા મેડીકલ ઉપકરણો અંગે હવે સરકારે ખાસ નિતી બનાવી છે અને ડાયરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસ દ્વારા તા.16ના રોજ એક પરિપત્રમાં તમામ સરકારી ઉપરાંત ખાનગી અને કોર્પોરેટ હોસ્પીટલોને દર્દીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતા સિંગલ યુઝ ડિવાઈસ એટલે કે સાધનોનો ફરી ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

ખાસ કરીને કાર્ડીયોલોજી, ન્યુરોલોજી, ઓંકોલોજી સહિતના રોગોની સારવાર સમયે જે રીતે સિંગલ યુઝ સાધનો હોસ્પીટલ દ્વારા સ્ટરીલાઈઝ કરીને ઉપયોગ કરવામાં આવે છે તે પ્રથા બંધ કરવા આદેશ આપ્યો છે.

આ પ્રકારના સાધનોના ઉપયોગથી કોઈ દર્દીનું ઈન્ફેકશન (ચેપ) બાદમાં બીજા દર્દીને લાગી શકે છે તે ભય રહે છે. સરકારે આ માટે મેડીકલ ડીવાઈઝ રૂલ 2017 અને કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એકટ 2010ની જોગવાઈઓનો કડક અમલ કરવા આદેશ આપ્યો છે.

રાજયના આરોગ્ય વિભાગ તથા ડ્રગ કન્ટ્રોલ ઓથોરિટીને આ રીતે હોસ્પીટલો સિંગલ યુઝ મેડીકલ ડીવાઈઝ ફરી ન ઉપયોગ કરે તે પણ ખાસ જોવા જણાવ્યું છે અને આ પ્રકારના સાધનોના ઉપયોગ કરવા અંગે કંપનીઓ દ્વારા જે નિયમો નિશ્ચિત કરાયા છે તેનું પણ પાલન કરવાનું ફરજીયાત બની જશે. વાસ્તવમાં હોસ્પીટલો આ પ્રકારના સિંગલ યુઝ ડિવાઈસ સ્ટરીલાઈઝ કરીને ફરી ઉપયોગ કરે છે અને તેનો પુરેપુરો ચાર્જ દર્દીઓ પાસેથી પણ વસુલ કરે છે અથવા તો સરકાર પાસેથી તે વળતર મેળવે છે. પરંતુ હવે તેમ કરી શકશે નહી. ખાસ કરીને એન્જીયોપ્લાસ્ટી અને ડાયાલીસીસ તેમજ અનેક સર્જીકલ ઈન્સ્ટ્રુમેન્ટ જેમાં ઈન્જેકશનની નીડલ અને સીરીંજનો પણ સમાવેશ થાય છે તે એકથી વધુ દર્દીઓ પર ઉપયોગ કરવાથી ચેપ ફેલાવાનો ભય રહે છે. એસો. ઓફ ઈન્ડીયન મેડીકલ ડીવાઈઝ ઈન્ડસ્ટ્રીએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે અને તેનો ગંભીરતાથી અમલ થાય તે જોવાની માંગણી કરી છે.

દર ચારમાંથી એક તબીબ નિવૃતિના આરે

બેંકિંગ કામગીરી માટે સાવધાન! જુલાઈમાં આટલા દિવસ બેંકો રહેશે બંધ

અમદાવાદ : જુલાઈ મહિનાની શરૂઆત સાથે જ જો તમે બેંક સંબંધિત કોઈ મહત્વના કાર્યો પૂર્ણ કરવાનું વિચારી રહ્યા હોવ, તો રજાઓની સત્તાવાર યાદી જોઈ લેવી ખૂબ જ અનિવાર્ય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા જાહેર કરવામાં આવેલા વાર્ષિક રજાઓના કેલેન્ડર મુજબ, ચાલુ વર્ષના જુલાઈ મહિનામાં દેશભરની તમામ સરકારી અને ખાનગી ક્ષેત્રની બેંકોમાં કુલ ૧૨ દિવસ માટે કોઈ કામકાજ થશે નહીં. આ રજાઓમાં દ્વિતીય અને ચતુર્થ શનિવાર તથા ચાર રવિવારની સાપ્તાહિક રજાઓ સામેલ છે. તે ઉપરાંત, દેશના જુદા-જુદા રાજ્યોમાં સ્થાનિક ઉત્સવો, સામાજિક અને ધાર્મિક તહેવારોના પ્રતિક રૂપે છ દિવસ દરમિયાન પ્રાદેશિક રજાઓ રહેશે. જેના કારણે ગ્રાહકોએ તેમના નાણાકીય વ્યવહારો અગાઉથી ગોઠવી લેવા હિતાવહ રહેશે.

આજના સમયમાં ડિજિટલ બેંકિંગના વ્યાપને કારણે મોટાભાગના નાણાકીય વ્યવહારો ઓનલાઈન માધ્યમથી ઘરબેઠા પતી જાય છે, તેમ છતાં સહીની ચકાસણી, નવા લોકરની ફાળવણી, ફિઝિકલ ડ્રાફ્ટની તૈયારી કે પાસબુક પ્રિન્ટિંગ જેવા મહત્વના કામો માટે ગ્રાહકોએ શાખાની ફિઝિકલ મુલાકાત લેવી જ પડે છે. જ્યારે પણ બેંકોમાં લાંબી રજાઓ હોય છે, ત્યારે નાણાકીય આયોજન ખોરવાઈ જવાની ભીતિ રહે છે. ખાસ કરીને વ્યાપારીઓ અને ઉદ્યોગ સાહસિકોને આવી રજાઓ દરમિયાન કેશ ક્રેડિટ કે વિથડ્રોઅલ કરવામાં મુશ્કેલી પડી શકે છે. તેથી, બેંક શાખા પર જતા પહેલા જુલાઈ મહિનામાં કયા દિવસે અને કયા રાજ્યમાં રજા રહેશે, તેની વિગતવાર સમજ મેળવવી જરૂરી છે.

સાપ્તાહિક રજાઓ અને રાષ્ટ્રીય બંધનું સંપૂર્ણ કેલેન્ડર ભારતીય બેંકિંગ નિયમો અનુસાર, સામાન્ય રીતે દર મહિનાના બીજા અને ચોથા શનિવારે દેશની તમામ બેંકોમાં સત્તાવાર રીતે રજા પાળવામાં આવે છે. આ સિવાયના પ્રથમ, ત્રીજા તેમજ પાંચમા શનિવારે નિયમિત મુજબ સામાન્ય દિવસોની જેમ જ બેંકિંગ કામગીરી ચાલુ રહે છે. જુલાઈ મહિના દરમિયાન આ રજાઓ દેશભરની તમામ જાહેર, ખાનગી



તેમજ સત્તાવાર સહકારી બેંકોને સમાન રૂપે લાગુ પડે છે. રવિવારની સાપ્તાહિક રજાઓ પણ આ વૈશ્વિક કેલેન્ડરનો જ એક ભાગ છે. નીચે આપેલા કોષ્ટકમાં સામાન્ય રીતે સમગ્ર દેશમાં લાગુ પડતી સાપ્તાહિક અને નિયત રજાઓની વિગતો દર્શાવવામાં આવી છે:

રાજ્ય સ્તરે આવતી પ્રાદેશિક રજાઓની વિગતવાર યાદી રાષ્ટ્રીય સ્તરની રજાઓ ઉપરાંત જુલાઈ મહિનામાં ભારતના જુદા-જુદા પ્રદેશોમાં છ વૈવિધ્યસભર રજાઓ છે. આ રજાઓ જે તે રાજ્યની સાંસ્કૃતિક સત્તાવાર જાહેરાત તેમજ પ્રાદેશિક તહેવારો આધારિત હોય છે. તેથી, દેશના અન્ય ભાગોમાં બેંકો નિયમિતપણે કાર્યરત રહેશે, પરંતુ સંબંધિત પ્રાદેશિક ક્ષેત્રોમાં સ્થાનિક શાખાઓ સંપૂર્ણપણે બંધ રહેશે. વિવિધ પ્રાદેશિક ઉત્સવો જેમ કે રથયાત્રા, ખારચી પૂજા અને પ્રાદેશિક બલિદાન દિવસો આ યાદીમાં મુખ્ય છે.

આ કોષ્ટકમાં દર્શાવવામાં આવેલી રજાઓ પૂર્વોત્તર અને પર્વતીય રાજ્યો પૂરતી સીમિત છે. ઉદાહરણ તરીકે, ૧૬ જુલાઈએ ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં રથયાત્રા પર્વના કારણે રજા રહેશે પરંતુ ગુજરાત, મહારાષ્ટ્ર કે અન્ય પશ્ચિમી ભારતના રાજ્યોમાં આ દિવસે બેંકો સામાન્ય દિવસોની જેમ જ કાર્યરત રહેશે. ગ્રાહકોએ ખાસ આ પદ્ધતિ સમજી લેવી જોઈએ કે બધી પ્રાદેશિક રજાઓ સમગ્ર ભારતીય પ્રદેશમાં લાગુ થતી નથી.

રજાઓના ગાળામાં પણ કાર્યરત રહેતી વૈકલ્પિક સેવાઓ ભલે ભૌતિક બેંક શાખાઓ રજાઓના કારણે બંધ રહેતી હોય, પરંતુ તેનાથી ગ્રાહકોની રોજિંદી નાણાકીય ખરીદી કે ટ્રાન્સફર વ્યવસ્થા પર કોઈ બહુ મોટી અસર પડતી નથી. હાલની અદ્યતન ટેકનોલોજીના પ્રભાવે મોટાભાગની બેન્કિંગ પદ્ધતિઓ સેલ્ફ-સર્વિસ મોડ પર ચોવીસે કલાક કાર્યરત રહે છે. જેથી સામાન્ય વ્યવહારો કોઈ પણ હડતાળ કે રજા વગર ચાલુ જ રહે છે. તમામ ડિજિટલ ચેનલો દ્વારા નાણાકીય વિનિમય સરળતાથી ચલાવી શકાય છે. ઉદાહરણ તરીકે, યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એટલે કે ગૂગલ પે, ફોન પે જેવા માધ્યમોની સેવાઓ સતત ચાલુ રહેશે. ઈન્ટરનેટ બેંકિંગ તેમજ અધિકૃત મોબાઈલ બેંકિંગ એપ્લિકેશનના માધ્યમથી ગ્રાહકો નેટ ટ્રાન્સફર વાપરીને સેકન્ડોમાં નાણાં મોકલી શકશે. કેશ વિથડ્રોઅલ માટે ઓટોમેટેડ ટેલર મશીન (ATM) ની ફિઝિકલ કિયોસ્ક મશીનો પણ સક્રિય રહેશે. તેમ છતાં, કેટલીક ક્લિયરિંગ સિસ્ટમ્સ રજાના દિવસે સંચાલિત થતી ન હોવાથી, રજા દરમિયાન પ્રસ્તુત કરાયેલા આંતર-બેંક ચેકનું અંતિમ સેટલમેન્ટ આગામી પ્રથમ કામકાજના દિવસે જ પ્રક્રિયામાં મૂકાશે. તેથી ચેક ડિપોઝીટ કરતા વખતે ખાતાધારકોએ વ્યાજની ગણતરી કે પેરેન્ટ ટ્રાન્ઝેકશનની છેલ્લી તારીખોને મનમાં રાખીને વ્યવસ્થા કરવી યોગ્ય રહેશે. ગ્રાહકો માટે મહત્વના સૂચનો અને આયોજન નાણાકીય સુવિધા માટે ગ્રાહકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ રજાની આ યાદી જોઈને પોતાના બેન્કિંગ કાર્યો ગોઠવી લે. જો જુલાઈ મહિના દરમિયાન ટેક્સ પેમેન્ટ ભરવાની છેલ્લી તારીખો હોય કે કોઈ ડ્રાફ્ટની મુદત પૂરી થવાની હોય, તો આવી મહત્વની કામગીરી છેલ્લી ઘડી સુધી મુલતવી રાખવાને બદલે અઠવાડિયા અગાઉ જ આટોપી લેવી શાણપણનું કાર્ય છે. ખાસ કરીને જો તમારે અન્ય કોઈ ચોક્કસ રાજ્યમાં મુસાફરી કરવાની હોય, તો ત્યાં સ્થાપિત બેંકો બંધ છે કે નહીં તેની અગાઉથી તપાસ કરી લો. આથી બિનજરૂરી હાલાકીથી બચી શકાશે અને અગવડભરી પરિસ્થિતિ ઊભી થશે નહીં. ડિજિટલ મોડનો ઉપયોગ વધારવો એ આવી રજાઓ દરમિયાન એક અદભુત અને ઉપયોગી વિકલ્પ સાબિત થશે. સમયસરનું આયોજન ગ્રાહકોને નાણાકીય સમસ્યાઓ અને બિનજરૂરી ચિંતાથી દૂર રાખે છે. જૂન માસના અંતિમ સપ્તાહમાં જ પોતાના લેવડદેવડ અને બેન્કિંગ સંબંધિત જરૂરી દસ્તાવેજોનું કામ પૂર્ણ કરી લેવાથી જુલાઈ મહિનાની આ રજાઓનો તમારી દિનચર્યા કે વ્યવસાય પદ્ધતિ પર નકારાત્મક પ્રભાવ પડશે નહીં.

રાજકોટ ઉપર તોળાતા જળ સંકટ વચ્ચે..

સારા સમાચાર : એકાદ - બે દિવસમાં જ નર્મદા નીર છોડાશે!



અમદાવાદ : ચાલુ વર્ષે નબળા ચોમાસાનાં પગલે રાજકોટ ઉપર જળ સંકટ તોળાઈ રહ્યું છે. ખાસ તો, છેલ્લા કેટલાક દિવસોથી સૌની યોજનાના નિર પણ જળાશયોમાં છોડવાનું બંધ કરાયું છે. ત્યારે ફરી એકવાર રાજકોટવાસીઓ માટે સારા અને રાહતરૂપ સમાચાર સિંચાઈ વિભાગમાંથી આવ્યા છે. જે મુજબ હવે ફરી એકાદ-બે દિવસમાં જ શહેરને પાણી પુરૂ પાડતા આજી-1 અને ન્યારી-1 ડેમમાં સૌની યોજના થકી નર્મદાનિર છોડવાનું શરૂ કરી દેવાશે. આ અંગે રાજકોટ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર અંકિત પિનારાનો સંપર્ક સાધતા તેઓએ 'સાંજ સમાચાર'ને જણાવેલ હતું કે નર્મદા વિભાગ સાથે સતત સંકલન કરાઈ રહ્યું છે. અને સંભવતઃ આજે સાંજ સુધીમાં નર્મદા વિભાગ સૌની યોજનાનું પાણી છોડવાની મંજૂરી આપી દેશે. અત્રે ઉલ્લેખનિય છે કે આજની સ્થિતિએ રાજકોટના આજી-1 ડેમમાં 49.40 ટકા જળ જથ્થો છે અને 29 ફૂટે છલકાતો આજીની સપાટી 20.90 ફૂટે છે. જયારે 25 ફુટે છલકાતા ન્યારી-1માં હાલ 41.37 ટકા પાણી છે અને જળાશયની સપાટી 15.90 ફૂટ ભરેલી છે. આમ આ બન્ને ડેમમાં હજુ રાજકોટને એક માસથી વધુ ચાલે તેટલુ પાણી ઉપલબ્ધ છે. અને એકાદ-બે દિવસમાં જ ફરી પાણી મળવા લાગશે. ઉલ્લેખનીય એ પણ છે કે રાજકોટ શહેરને પાણી પુરૂ પાડતો ભાદર-1 ડેમ કે જે 34 ફૂટે છલકાય છે. તેની આજની સ્થિતિએ સપાટી 16.20 ફૂટ છે અને ડેમમાં 18.11 ટકા જ જથ્થો ઉપલબ્ધ છે અને જો જરૂર પડશે તો ભાદર-1માં પણ સૌની યોજનાનું પાણી છોડવાની તૈયારી છે.

LPG: 'બુકિંગથી લઈને કનેક્શન સરેન્ડર કરવા સુધી', 1 જૂનથી બદલાશે નિયમો?

જૂન 2026થી દેશભરના કરોડો LPG ગ્રાહકો માટે કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારોની સંભાવના છે. ગુડરિટર્ન્સના અહેવાલ મુજબ, ઘરેલુ ગેસ સિલિન્ડરની બુકિંગ પ્રક્રિયા, રિફિલ લોક-ઈન પિરિયડ, કિંમતોમાં સંભવિત વધારો અને PNG કનેક્શન પછી LPG કનેક્શન સરેન્ડર કરવા જેવા નિયમોમાં પરિવર્તન આવી શકે છે. ઈન્ડેન, ભારત ગેસ અને HP ગેસના ગ્રાહકો પર આની સીધી અસર પડશે.

સતત વધતી LPG કિંમતોએ આમ જનતા પર બોજ નાખ્યો છે. મે 2026માં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ 19 કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો નોંધાવ્યો, જેના પછી જૂન 2026ના નવા નિયમોની ચર્ચાએ જોર પકડ્યું છે.

અગાઉ એપ્રિલ 2026માં LPG કિંમતો 218 સુધી અને માર્ચ 2026માં બે વખત વધી હતી. નિષ્ણાતો મધ્ય-પૂર્વમાં ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવોને આ વૃદ્ધિનું મુખ્ય કારણ માને છે. મે મહિનાના વધારા બાદ કોલકાતામાં કિંમત 3,355, ચેન્નઈમાં 3,259.5, મુંબઈમાં 3,046.5 અને દિલ્હીમાં 3,071.5 પ્રતિ સિલિન્ડર થઈ હતી. જૂન 2026થી LPG રિફિલ લોક-ઈન પિરિયડમાં ફેરફાર શક્ય છે. સરકાર અને OMCs દ્વારા વારંવારની બુકિંગ નિયંત્રિત કરવા આ નિયમ સુધારી શકે છે. એટલે કે, એક સિલિન્ડરની ડિલિવરી બાદ બીજાની બુકિંગ માટે ન્યૂનતમ સમયગાળો નક્કી થશે.

PG કનેક્શન સરેન્ડર અંગે સરકારે 25 મે, 2026ના રોજ એલપીજી (આપૂર્તિ અને વિતરણનું વિનિયમન) સંશોધન આદેશ 2026માં સુધારો કર્યો છે. PNG કનેક્શન ધારક ગ્રાહકોને રાહત મળશે. નવા નિયમો



મુજબ, PNG કનેક્શન લીધા બાદ LPG કનેક્શન બંધ કરવું અને સિક્યોરિટી ડિપોઝિટ પાછી મેળવવી હવે વધુ સરળ બનશે. આ નવા નિયમોની અસર ઈન્ડિયન ઓઈલની ઈન્ડેન ગેસ, ભારત પેટ્રોલિયમની ભારત ગેસ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમની HP ગેસ સેવાઓ પર પડશે.

ત્રણેય મોટી કંપનીઓના સંચાલન અને ગ્રાહક સેવા પ્રક્રિયાઓમાં બદલાવ આવી શકે છે. જોકે, 29 મેના રોજ LPG ભાવોમાં કોઈ તત્કાળ પરિવર્તન નોંધાયું નથી. 29 મે, 2026 મુજબ, ઘરેલુ (14.2 કિગ્રા) LPG સિલિન્ડરના ભાવો: નવી દિલ્હી 913.00, કોલકાતા 939.00, મુંબઈ 912.50, ચેન્નઈ 928.50, ગુડગાંવ 921.50, નોઈડા 910.50, બેંગ્લોર 915.50, ભુવનેશ્વર 939.00, ચંડીગઢ 922.50, હૈદરાબાદ 965.00, જયપુર 916.50, લખનૌ 950.50 અને પટના 1,002.50. વાણિજ્યિક (19 કિગ્રા) LPG સિલિન્ડરના ભાવ (29 મે, 2026 મુજબ): નવી દિલ્હી 3071.50, કોલકાતા 3201, મુંબઈ 3024, ચેન્નઈ 3237, ગોરખપુર 3255.5, આગ્રા 3125.5, લખનૌ 3194, જયપુર 3099 અને પટના 3361.

યુરોપમાં આ વર્ષે ગરમીથી 50 હજારના મોત, ભીષણ ગરમીના 26 વર્ષનો રેકોર્ડ તૂટ્યો

જલવાયુ પરિવર્તન : 7 દાયકામાં ઉતર ભારતમાં ગરમ ક્ષેત્રોમાં વધારો

શુષ્ક ક્ષેત્ર અગાઉ પશ્ચિમ ઉતરપ્રદેશ સુધી જ સીમિત હતું, જે હવે પૂર્વી ભાગ સુધી ફેલાયું : દક્ષિણ ભારતમાં ભેજ અને વરસાદની માત્રા વધી



નવી દિલ્હી : ભારતના જલવાયુમાં છેલ્લા 70 વર્ષમાં ચિંતાજનક પરિવર્તન જોવા મળ્યુ છે. એક અધ્યયન અનુસાર ઉતર ભારતના મોટાભાગ ગરમ અને સુકા હવામાન તરફ ખસી ગયા છે. સુકુ અને શુષ્ક ક્ષેત્ર જે પહેલા પશ્ચિમ ઉતર પ્રદેશ સુધી સીમિત રહેતું હતું તે હવે રાજયનાં રવિ ભાગો સુધી ફેલાઈ ચુકયા છે. જ્યારે બીજી બાજુ આ સમયગાળા દરમ્યાન દક્ષિણ ભારતમાં ભેજ અને વરસાદની માત્રામાં વધારો થયો છે.

હવામાનનાં આંકડાનું વિશ્લેષણ

ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)ની પત્રિકા મોસમમાં શુક્રવારે પ્રકાશીત આ અધ્યયનમાં સંશોધકોએ સતત 30 વર્ષમાં બે માન્ય સમયગાળા 1951-1991 અને 1991-2020 ના હવામાનનાં આંકડાનું વિશ્લેષણ કરી ભારતનાં જલવાયુનો નકશો નવેસરથી તૈયાર કર્યો છે.

લગભગ 7 ટકા ભુભાગ હવે અધિક દુષ્કાળ ક્ષેત્રમાં બદલ્યો

સંશોધન અનુસાર ઉતર-પશ્ચિમ ભારતમાં અત્યાધિક ગરમી અને ઓછા વરસાદ વાળા ક્ષેત્રનું ક્ષેત્ર વર્ષ 1951-1980 દરમ્યાન એક ચર્તુથાંશ ભાગથી વર્ષ 1991-2020 દરમ્યાન એક ચતુર્થાશ ભાજથી વર્ષ 1991-2020 દરમ્યાન વધીને એક તૃતિયાંશ ભાગમાં ફેલાઈ ગયો. લગભગ 7 ટકા ભૂભાગ હવે વધુ સુકા ક્ષેત્રમાં બદલાઈ ગયો છે.જ્યારે દ્વિપ્રકલ્પ ભારતમાં ગરમ અર્ધ-શુષ્ક ક્ષેત્ર 30 ટકાથી ઘટીને 16 ટકા રહી ગયો છે.

યુરોપના 30 દેશોનાં 854 શહેરોમાં ગરમીથી મોત

યુરોપમાં આ વર્ષે ભીષણ ગરમીથી 50 હજારથી વધુ લોકોના મોત થયાનું અનુમાન છે તે 26 વર્ષમાં ગરમીથી મોતનો સૌથી મોટો આંકડો છે.વૈજ્ઞાનિકોનાં નવા અધ્યયન મુજબ તેમાં લગભગ 32600 મોત સીધી જલવાયુ પરિવર્તન સાથે જોડાયેલ છે.

32 હજાર 600 જીવાક્ષ્મ ઈંધણનો ઉયોગ મોતનું કારણ સીધા જલવાયું પરિવર્તનથી થતા પ્રદુષણ આ ફેરફારનું મુખ્ય કારણ છે. નેચર હેલ્થ જર્નલમાં પ્રકાશીત બે સંશોધન પત્રોનું અનુસાર જુનથી ઓગસ્ટ દરમ્યાન યુરોપનાં 30 દેશોના 854 શહેરોમાં ગરમીથી થનારી મોતનું આકલન કરવામાં આવ્યું.

આ વર્ષે ગરમીથી 50 હજારથી વધુ મોત

સંશોધકોએ આ વર્ષનાં તાપમાનની તુલના જે જલવાયું પરિવર્તન નહીં હોવાની સ્થિતિમાં રહેવાની સંભાવના હતી.ત્યારબાદ તાપમાનની તુલના એ તાપમાન સાથે કરાઈ જે જલવાયું પરિવર્તન ન હોવાની સ્થિતિમાં રહેવાની સંભાવના હતી. ત્યારબાદ તાપમાન અને રોજ થતા મોત આધારીત મોડલથી મોતનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. અધ્યયનમાં ગરમીથી થતા કુલ મોતનો આંકડો 50391 રહ્યો.

ખેતી પર તોળાયુ સંકટ

આઈએમડી પુણેની વૈજ્ઞાનિક અનન્યા કર્મકાર કહ્યું હતું. 1951 થી 2020 સુધી ભારતના જલવાયું નકશાની તુલના કરવા પર ઉતરમાં સૌથી સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યા, ગરમ શુષ્ક, ક્ષેત્ર પુર્વી ઉતર પ્રદેશમાં ફેલાઈ ગયુ છે. આ દેશના મહત્વપૂર્ણ કૃષિ ક્ષેત્રોમાંનુ એક છે.એટલે વાવણી અને કાપણીના સમયે ઝીણવટભરી નજર રાખવાની જરૂર છે.

નવા ભળેલા વિસ્તારો માટે 435 કરોડ ખર્ચાયા

પાણી, રોડ, ડ્રેનેજના કામો ચાલુ : વીજ પોલ માટે કોર્પોરેટર દીઠ પાંચની મર્યાદા

અમદાવાદ : રાજકોટ મનપામાં 2020માં નવા ભળેલા ગામો મોટા મવા, મુંજકા, માધાપર, મનહર પુર-1, ઘંટેશ્વરમાં પ્રાથમિક સુવિધાઓ આપવા માટે અત્યાર સુધીમાં કુલ રૂ.435 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની હદમાં નવા ભળેલા વિસ્તારો નાગરિકોને પીવાનું પાણી, ગટર, રસ્તા તથા અન્ય પાયાની સુવિધાઓ આપવા માટે કોઈ નિર્ધારીત સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ નથી. પરંતુ જેમ જેમ ગ્રાન્ટની ઉપલબ્ધતા તથા બજેટ જોગવાઈ મુજબ કામગીરી ચાલે છે. અત્યાર સુધીમાં નવા ભળેલા વિસ્તારોમાં ભૂગર્ભ ગટરનાં રૂ.176.45 કરોડનાં 28 કામ પાણી પુરવઠાનાં 174.09 કરોડનાં ખર્ચે 23 કામ, રસ્તાનાં રૂ.85.24 કરોડનાં ખર્ચે કુલ 25 કામ કરવામાં આવેલ છે. આ નવા ભળેલા અનેક વિસ્તારમાં હજુ પણ અંધારપટ જેવી સ્થિતિ છે. જે અંગેના સવાલના પ્રત્યુતરમાં તંત્રવાહકોએ લેખિતમાં જણાવ્યું હતું કે, શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં સ્ટ્રીટલાઈટ સુવિધા આપવા માટે વીજ પોલ હયાત ન હોય ત્યાં નવા વીજ પોલ ઉભા કરવા એક સોસાયટીમાં પાંચ નંગ વીજ પોલની મર્યાદામાં કોર્પોરેટરની ગ્રાંટમાંથી વીજ પોલ ઉભા કરવામાં આવે છે.આ ઉપરાંત ધારાસભ્ય અને સાંસદ સભ્યની ગ્રાંટમાંથી પણ વીજ પોલ ઉભા કરાવવામાં આવે છે.

દર્દીને સવાલો પૂછીને રોગનું નિદાન કરશે AI

માઇક્રોસોફ્ટે ખાસ ટૂલ બનાવ્યું; ડોક્ટરની જેમ તબક્કાવાર પૂછશે સવાલો, સાયન્સ જર્નલમાં પ્રકાશિત સંશોધનમાં દાવો; જરૂર જણાતાં તપાસનો નિર્ણય પણ લેશે, 300 થી વધુ કેસમાં અભ્યાસ દરમિયાન આ ટૂલનું પરીક્ષણ કરાયું



નવી દિલ્હી : માઈક્રોસોફ્ટે એક એવું AI ટૂલ તૈયાર કર્યું છે, જે ડોક્ટરની જેમ દર્દીને સવાલો પૂછીને, લેબોરેટરી તપાસના રિપોર્ટ સમજીને અને એક-એક ડગલું આગળ વધીને બીમારીનું સચોટ નિદાન કરી શકે છે. કંપનીએ દાવો કર્યો છે કે જટિલ રોગોના કિસ્સામાં આ ટૂલે સામાન્ય ડોક્ટરો કરતાં પણ વધુ સારું પ્રદર્શન કર્યું છે. હવે હોસ્પિટલોમાં તેનું વ્યવહા પરીક્ષણ કરવામાં આવશે. 'સાયન્સ' જર્નલમાં પ્રકાશિત સંશોધન અનુસાર, આ AI મોડેલ નક્કી કરે છે કે દર્દીને કયા સવાલો પૂછવા જોઈએ અને કઈ તપાસ કરાવવી જોઈએ. આમાં એક ખાસ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને 'ઓર્કેસ્ટ્રેટર' કહેવામાં આવે છે. આ ટેકનોલોજી નક્કી કરે છે કે AI કોઈ મેડિકલ સમસ્યાને કેવી રીતે ઉકેલશે. આ માટે તે વિવિધ મેડિકલ સ્પેશિયાલિસ્ટ તરીકે કામ કરતા AI ટેકનોલોજીનું એક જૂથ તૈયાર કરે છે, જે મળીને રોગનું નિદાન કરવાનો પ્રયાસ કરે છે.

સંશોધકોએ આ ટૂલને 300થી વધુ મેડિકલ કેસોમાં બીમારીનું નિદાન કરવાનું કામ સોંપ્યું હતું. આ પરીક્ષણમાં AI મોડેલે સાચું નિદાન કરવામાં સામાન્ય ડોક્ટરોની સરખામણીએ બમણા કરતાં પણ વધુ ચોકસાઈ દર્શાવી હતી.

AI દ્વારા શોધાયેલી ખામીઓ મુશ્કેલી વધારી શકે છે : નિષ્ણાતો

AI ની ટેકનિકલ પ્રગતિના કારણે સોફ્ટવેરમાં રહેલી નવી સાયબર ખામીઓની ઝડપથી ખબર પડી રહી છે, જેનાથી ભવિષ્યમાં વૈશ્વિક સ્તરે ઈન્ટરનેટ અને સરકારી વેબસાઈટ્સના કામકાજમાં ભારે મુશ્કેલી ઊભી થઈ શકે છે. સાયબર નિષ્ણાતોએ આ અંગે ચેતવણી આપી છે.

મેસાચુસેટ્સ સ્થિત થ્રેટ ઈન્ટેલિજન્સ ફર્મ 'વલ્નચેક' ના રિસર્ચ અનુસાર, AI ની મદદથી સામે આવતી ડિજિટલ ખામીઓ/મર્યાદાઓની સંખ્યા બમણી થઈ ગઈ છે.

અન્ય AI મોડેલ્સથી તદ્દન અલગ

હાલના મેડિકલ AI મોડેલ્સ સામાન્ય રીતે એક જ વારમાં દર્દીના તમામ લક્ષણો, લેબ ટેસ્ટ રિપોર્ટ અને તપાસનું વિશ્લેષણ કરીને બીમારીનું નામ જણાવી દે છે. તેનાથી વિપરીત, આ નવું AI ટૂલ બીમારીનું નિદાન કરવા માટે તબક્કાવાર આગળ વધે છે.


સૌથી પહેલાં, AI એ નક્કી કરે છે કે દર્દીની અગાઉની બીમારીઓ, મેડિકલ હિસ્ટ્રી અને સ્વાસ્થ્ય સંબંધિત માહિતી અંગે કયા પ્રશ્નો પૂછવા જોઈએ. ત્યારબાદ તે એ સમજવાનો પ્રયાસ કરે છે કે દર્દીની શારીરિક તપાસમાં કઈ બાબતો મહત્વપૂર્ણ છે.

દર્દી પાસેથી મળેલી માહિતીના આધારે AI નક્કી કરે છે કે કયા ટેસ્ટ કરાવવાની જરૂર છે. પછી તે તપાસના પરિણામો પર વિચાર કરે છે અને જરૂર જણાતાં આગળની તપાસ કરાવવાનો નિર્ણય પણ લે છે.

ઈતિહાસમાં સૌપ્રથમ વખત પ્રશાંત મહાસાગર અસામાન્ય 'ગરમ' બન્યો

અલ-નીનો વધુ તાકાતવર! પેસીફીકનું તાપમાન પ્રથમવાર 30 ડીગ્રી

ડીસેમ્બર સુધીમાં તાપમાનના નવા - નવા રેકોર્ડ સર્જાવાની ભીતિ; નોર્મલ કરતા 3.7 ડીગ્રી ઉંચુ તાપમાન થઈ શકે : 2027 સુધી અસર રહેશે



નવી દિલ્હી : ભારતમાં નબળા ચોમાસા ઉપરાંત વિશ્વસ્તરે હવામાનમાં અનેક અસામાન્ય ફેરફારો માટે જવાબદાર અલ-નીનો વધુને વધુ શક્તિશાળી બની જ રહ્યું છે અને આવતા દિવસોમાં હજુ વધુ ભયાનક અસર વર્તાવાની ભીતિ સેવવામાં આવી રહી છે ત્યારે ઈતિહાસમાં પ્રથમ વખત પ્રશાંત મહાસાગરનુ તાપમાન 30 ડીગ્રીને આંબી જતા વિજ્ઞાનીઓ પણ સ્તબ્ધ બન્યા છે.

અલ-નીનોને ટ્રેક કરવા માટે હવામાન વિજ્ઞાનીઓ પ્રશાંત મહાસાગરના તાપમાન પર નજર રાખી જ રહ્યા છે. અમેરિકી નેશનલ એશિયેનિક એન્ડ એટમોસ્ફીયર એડમીનીસ્ટ્રેશનના રિપોર્ટ મુજબ ગત ગુરુવારે 22 ઓકટોબરે- પેસીફીકનુ તાપમાન 30 ડીગ્રીને વટાવી ગયુ છે. પેસીફીકની સપાટીના તાપમાનનો આ અત્યાર સુધીનો રેકોર્ડ છે. અત્યાર સુધીના ઉપલબ્ધ રેકર્ડમાં તાપમાન કયારેય 30 ડીગ્રી સુધી પહોંચ્યુ ન હતું.

વિશ્વ હવામાન સંગઠને નોંધ્યુ છે કે મધ્ય અને પુર્વીય પેસીફીકમાં ઓકટોબરથી ડીસેમ્બરના સમયગાળામાં તાપમાન નવા-નવા રેકોર્ડ સર્જી શકે છે અને તે માટે અલ-નીનો જ કારણરૂપ હશે. અલનીનો ડીસેમ્બરમાં સૌથી વધુ શક્તિશાળી બનવાની સંભાવના છે.

અલ-નીનો એક કુદરતી વાતાવરણની પેટર્ન છે. જેમાં મધ્ય અને પુર્વીય પેસીફીકનુ તાપમાન અસામાન્ય રીતે ગરમ થાય છે. આ ઉંચા તાપમાનથી પવન અને વરસાદી વાદળોની મુવમેન્ટ પ્રભાવિત થાય છે અને મહાસાગર સિવાયના ક્ષેત્રોના હવામાનમાં પણ મોટા બદલાવ જોવા મળતા હોય છે.

વિશ્વ હવામાન સંગઠનના રિપોર્ટ મુજબ જુનમાં પેસીફીક સપાટીનુ તાપમાન નોર્મલથી 0.6 ડીગ્રી વધુ હતું. ઓગષ્ટમાં 2.5 ડીગ્રી વધુ થયુ હતું. ઓકટોબરથી ડીસેમ્બરમાં નોર્મલ કરતા 3.7 ડીગ્રી ઉંચે પહોંચી શકે છે.

આ પુર્વે નવેમ્બર 2015થી જાન્યુઆરી 2016ના સમયગાળામાં તાપમાન નોર્મલથી 2.6 ડીગ્રી ઉંચે પહોંચ્યુ હતું તે અત્યાર સુધીનો રેકોર્ડ હતો. 11 વર્ષ બાદ હવે નવો રેકોર્ડ સર્જાય રહ્યો છે.

અલ-નીનોની ભારત પર તીવ્ર અસર પડી જ રહી છે. નૈઋત્ય ચોમાસુ નબળુ રહ્યુ હતું. 13 ટકાની વરસાદી ખાધ રહી છે. એટલું જ નહીં અત્યારે પણ શિયાળાની આહટને બદલે ઉનાળાના દિવસો જેવી ગરમી છે. આ ઘટનાક્રમો પાછળ અલ-નીનો જ જવાબદાર છે.

વિશ્વ હવામાન સંસ્થા દ્વારા સમગ્ર દક્ષિણ એશિયામાં ઓકટોબરનુ તાપમાન નોર્મલ કરતા ઉંચે જ રહેવાની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ ઓકટોબરથી ડીસેમ્બરમાં મધ્ય અને દક્ષિણ પેનીનસ્યુલર દક્ષિણ એશિયામાં વરસાદમાં તફાવત જોવા મળી શકે છે.

ભારતને લાગે વળગે છે ત્યાં સુધી માત્ર અલનીનો જ હવામાનમાં બદલાવમાં ભૂમિકા ભજવે તેવુ નથી. અન્ય હવામાન પરિબળો તથા લોકલ ફેક્ટરોઝ અને તાપમાન પણ વરસાદમાં ભાગ ભજવે છે.

જોકે, પ્રશાંતનુ તાપમાન અસામાન્ય રીતે ગરમ થતા હવામાન પેટર્ન વેરવિખેર થઈ જ જાય છે. અલનીનોની અસર 2027ના પ્રારંભે યથાવત રહેવાની શકયતા હોવાથી હવામાન નિષ્ણાંતો પેસીફીકના તાપમાન પર સતત નજર રાખી રહ્યા છે.

બંગાળની ખાડીમાં વાવાઝોડાનો ખતરો

28મીએ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના તટથી ટકરાશે



ભુવનેશ્વર : બંગાળની ખાડીમાં બનેલા લો પ્રેસરના ક્ષેત્રમાં વાવાઝોડામાં બદલવાની આશંકા છે. આ વાવાઝોડુ 28 ઓકટોબરની સવારે ઉતરે આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓરિસ્સાના કિનારા પાસે પહોંચી શકે છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ આ આગાહી કરી છે. હવામાન વિભાગના અનુસાર પુર્વ મધ્ય બંગાળની ખાડી અને તેની સાથે સંકળાયેલા દક્ષિણ-પુર્વી બંગાળની ખાડી ઉપર લો પ્રેસરનું ક્ષેત્ર બન્યુ છે. તે આજે 24 ઓકટોબરે ડિપ્રેસનમાં બદલાઈ ગયું છે. 25 ઓકટોબર સુધીમાં ઉંડા ડિપ્રેસનમાં બદલવાની સંભાવના છે. ત્યારબાદ 26 ઓકટોબરની સવાર સુધી આ મધ્ય બંગાળની ખાડી ઉપર ચક્રવાતનું રૂપ લઈ શકે છે. હવામાન વિભાગના અનુસાર હવામાન સીસ્ટમના પશ્ચિમ-ઉતર-પશ્ચિમ દિશામાં આગળ વધવા અને 28 ઓકટોબરની સવાર સુધીમાં ઉતર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓરિસ્સાના તટ સુધી પહોંચવાનું અનુમાન છે. હાલમાં પુર્વ-મધ્ય બંગાળની ખાડીમાં 45થી55 કિલો મીટર-પ્રતિ કલાકની ગતિ હોઈ શકે છે. જયારે 26 ઓકટોબર સુધીમાં આ ગતિ 70થી80 કિલોમીટર સુધી પહોંચી શકે છે. આ ઉપરાંત 27મી ઓકટોબર વરસાદ અને 28-28 ઓકટોબરે અત્યંત ભારે વરસાદનું અનુમાન છે. હવામાન વિભાગે માછીમારોને મધ્ય અને દક્ષિણ-પુર્વી બંગાળની ખાડીમાં સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.

વીજ સંકટની ચિંતા વચ્ચે રેસકોર્સનો દિવાળી કાર્નિવલ રદ્દ કરવા તૈયારી

દોઢથી બે કરોડના ખર્ચે થતો ચાર દિવસનો જલ્સો આ વર્ષે નહીં : સાદાઇથી કાર્યક્રમો યોજવા વિચારણા : મંગળવારે મેયર અંતિમ નિર્ણય લેશે : ધનતેરસની આતશબાજી યથાવત



અમદાવાદ : દિવાળીના તહેવાર આડે હવે પખવાડીયુ રહ્યું છે ત્યારે આ વર્ષે અપુરતા વરસાદ અને સંભવિત વીજ સંકટના પગલે સરકારે પણ નવા આયોજનો કરવાનું શરૂ કર્યુ છે. આ પડકાર વચ્ચે રાજકોટ મહાપાલિકા દ્વારા પણ અમદાવાદ કોર્પો.ના પગલે રોશનીથી ચાર-ચાર દિવસ ઝગમગતો દિવાળી કાર્નિવલ રદ્દ કરવાની વિચારણા શરૂ કરી દીધાનું જાણવા મળ્યું છે.

દર વર્ષે દોઢથી બે કરોડના ખર્ચે આ કાર્નિવલ રેસકોર્સ રીંગ રોડ પર યોજાઈ છે પરંતુ વર્તમાન સંજોગોમાં સાદાઈથી આ ઉત્સવ ઉજવવાની જાહેરાત બે'ક દિવસમાં થાય તેવા નિર્દેશ છે.

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં અપૂરતા વરસાદના કારણે પાણી તથા વીજળીનો પ્રશ્ન હવે ગંભીર બનવાની ચિંતા છે. અમદાવાદ કોર્પો.ના પગલે રાજકોટ મનપાએ પણ વીજળીની બચત કરવા દિવાળી કાર્નિવલ રદ કરવાની વિચારણા હાથ ધરી છે.

રેસકોર્સ રિંગ રોડ પર દર વર્ષે યોજાતા ચાર દિવસના કાર્નિવલમાં મોટા ખર્ચ સાથે વીજળીનો ખુબ ઉપયોગ થતો હોય છે. આથી આ કાર્નિવલ સાદાઈથી ઉજવવામાં આવે તો વીજળી બચે અને સરકારના પ્રયાસોમાં પણ મદદ મળે તેમ છે.

દિવાળી પર બારસથી અમાસ સુધી રંગારંગ કાર્યક્રમો, રોશની, ડી.જે., નેતાઓની બગીમાં રજવાડી સવારી, વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે. સમગ્ર રેસકોર્સ રિંગ રોડને રોશનીથી શણગારવામાં આવતો હોવાથી વીજળીનો પણ મોટા પાયે ઉપયોગ થાય છે.

તેવામાં આ દિશામાં શાસકોએ નવી વિચારણા શરૂ કરી છે. વળી ચાર દિવસ રોશની અને સંગીતની ધમાલ, ટ્રાફિક પ્રશ્ન, રહેવાસીઓને મુશ્કેલી સહિતના પ્રશ્નો પણ આવતા હોય છે. આ કારણે જ દર વર્ષે રેસકોર્સમાં યોજાતો મેળો સહિતના કાર્યક્રમ નવા રીંગ રોડ પર લઇ જવા વિચારણા થાય છે. પરંતુ સરકાર અને કલેકટર તંત્ર છેલ્લી ઘડીએ રેસકોર્સનો જ ઉપયોગ કરે છે.

હાલ અમદાવાદમાં કાર્નિવલ રદ્દ કરવાના મેસેજ મળતા રાજકોટ કોર્પો.એ વિગતો મંગાવી છે. કાર્નિવલના બદલે અન્ય એકાદ બે કાર્યક્રમ યોજીને મોટો ખર્ચ પણ ટાળી શકાય છે. આવા ખર્ચમાં કરકસરએ મેયરની પહેલી પ્રાથમિકતા પણ રહેલી છે.

હાલ મેયર ડો. નેહલ શુકલ કેન્દ્ર સરકારની મેયર કોન્ફરન્સમાં ભાગ લેવા ગયા હોવાથી તેમના પરત ફર્યા બાદ મંગળવારે અંતિમ નિર્ણય લેવાય તેવી શકયતા છે. જોકે લોકોને ખુબ પ્રિય એવો રેસકોર્સ ક્રિકેટ સ્ટેડીયમનો ધનતેરસનો આતશબાજીનો કાર્યક્રમ યથાવત રહેવાનો છે.

ઘોંઘાટમાંથી છુટકારો : રહેણાંક વિસ્તારોને થશે રાહત લોકમેળાના ટ્રાફિક, રસ્તા બંધની સમસ્યા યથાવત : હવે દિવાળી ઉત્સવ રદ્દ થાય એટલે હજારો પરિવારને પણ શાંતિ મળશે

શહેરના રેસકોર્સ મેદાનમાં અને રીંગ રોડ ફરતે વર્ષમાં બે વખત યોજાતા સૌથી મોટા બે સરકારી આયોજનને કારણે પૂરા રીંગ રોડ ફરતેની સોસાયટીઓ, શેરીઓ સહિતના વિસ્તારમાં રહેતા હજારો પરિવાર ટ્રાફિક અને ઘોંઘાટથી ત્રસ્ત થઈ જાય છે તે પણ હકીકત છે. આ દિવાળી કાર્નિવલ કાર્યક્રમ રદ્દ થવાથી લોકોની મજામાં સામાન્ય અસર પડશે, હજારો પરિવારોને રાહત થશે તે હકીકત છે.

દર વર્ષે સાતમ-આઠમના તહેવાર વખતે સરકારી તંત્ર જિલ્લા પંચાયત ચોકથી સીધા મેળાના મેદાન તરફના તમામ રસ્તા બંધ કરી દે છે. ખરેખર આ રસ્તો બહુમાળી ચોકથી પણ બંધ કરી શકાય છે. પરંતુ કલેકટર અને પોલીસ તંત્ર જિલ્લા પંચાયતથી રેસકોર્સનો રોડ બંધ કરી દેતા હોય, અન્ય રસ્તા પર અંધાધુંધી થાય છે.

આ સહિતના કારણોથી લોકમેળો નવા રીંગ રોડ પર લઈ જવા ઘણા સમયથી ધારાસભ્ય ડો.દર્શિતા શાહ કલેકટર અને સરકારને રજુઆત કરી રહ્યા છે. પરંતુ લોકોની તકલીફમાં ઘટાડો થતો નથી. સામે પરંપરાગત આનંદનો મુદ્દો પણ હોય છે.

હવે થોડા વર્ષોથી રેસકોર્સ રીંગ રોડ ફરતે દિવાળી કાર્નિવલ યોજાય છે. રસ્તાની એક તરફ રંગોળી સ્પર્ધા ત્રણ દિવસ હોય છે. આથી ટ્રાફિકની સમસ્યા વધે છે. લાઈટીંગ ઉપરાંત તોતીંગ સ્પીકર સાથેના ડી.જે.ના ઘોંઘાટથી વિશાળ રહેણાંક વિસ્તાર ત્રસ્ત બની જાય છે અને ધારાસભ્ય, કોર્પોરેટરો, પદાધિકારીઓને ફરિયાદ કરે છે.

પોલીસ ઉપર પણ ફોનના મારા ચાલુ રહે છે. ખરેખર મેળો અને આવા પ્રસંગોનું સ્થળ હવે રેસકોર્સ સિવાય અન્યત્ર નકકી કરવાના સૂચન અગાઉ પણ થયા છે. કારણ કે મજા કરતા ટ્રાફિક સમસ્યા વધી જતી હોય છે તે નેતાઓ પણ જાણે છે.

કૃષિક્ષેત્રે મોટી વિજમાંગ સામે સપ્લાયના આયોજનની ચર્ચા માટે સીનીયર અધિકારીઓ સાથે બેઠક

વિજ સંકટ : PGVCLના અધિકારીઓને સરકારનું તેડુ



અમદાવાદ : કોલસાની અછત, હાઈડ્રોજન પાવર ઉત્પાદનમાં ઘટાડો તથા ઉનાળા જેવા માહોલથી ડીમાંડ-વપરાશમાં વૃદ્ધિને પગલે ગુજરાત સહિત દેશના એકાદ ડઝન રાજ્યોમાં વિજ સંકટનું જોખમ સર્જાયુ છે અને સરકાર તાત્કાલીક એકશન પ્લાન ઘડવા લાગી છે. ત્યારે પીજીવીસીએલના સીનીયર અધિકારીઓને સરકારમાંથી તેડુ આવતા ગાંધીનગર પહોંચ્યા છે.

માહિતગાર સુત્રોએ કહ્યું કે વિજ ખેંચની હાલતમાં સપ્લાય જાળવવા કે નિયંત્રીત કરવાના મામલે સમીક્ષા માટે અધિકારીઓને તેડાવાયા છે. મેનેજીંગ ડાયરેકટર, ચીફ ઈજનેર સહિતના અધિકારીઓ ગાંધીનગરમાં છે.

રાજયમાં વિજ વપરાશ 29000 મેગાવોટથી વધુના રેકોર્ડ સ્તરે છે.વરસાદ ઓછો થયા બાદ પાક ઉતારવા તથા શિયાળુ વાવણી માટે કૃષિ વિજ વપરાશમાં મોટો વધારો છે. કૃષિ વપરાશ જ અંદાજીત 14000 મેગાવોટ છે સાથોસાથ ઉનાળા જેવી ગરમીથી રહેણાંક-કોમર્શીયલ વિજ વપરાશમાં પણ વધારો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં કૃષિ વધુ એટલે તે વિજ સપ્લાય કેવી રીતે નિયંત્રીત થઈ શકે તેની ચર્ચા માટે પીજીવીસીએલના અધિકારીઓને તેડાવાયા હોવાનું મનાય છે. રાજયમાં જયોતિગ્રામ સપ્લાયમાં પણ એક કલાક સુધીનો વિજકાપ નખાયો છે. ગામડામાં વિજ ધાંધીયાની ફરીયાદો વધી છે તેને ધ્યાને રાખીને સપ્લાયનું આયોજન ગોઠવવા સિનીયર અધિકારીઓને તેડાવાયાની અટકળો છે.

ગુજરાતને વધુ કોલસો ફાળવશે કેન્દ્ર : NTPC 329 મેગાવોટ વિજળી ફાળવશે રાજય સરકાર દ્વારા વિજ સપ્લાય માટે આયોજન ગોઠવાયુ

રાજ્યમાં ઊર્જા ક્ષેત્રે સતત વધી રહેલી વીજ માંગ અને પુરવઠાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અને મુખ્ય સચિવ મનોજકુમાર દાસ મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ખેડૂતો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સરકારે લીધેલાં તાત્કાલિક પગલાં અને ભવિષ્યના સુદ્રઢ આયોજન અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

વીજ માંગ અંગેના મુખ્ય કારણોની વિગતોમાં જણાવવામાં આવ્યું કે, તા. 16.10.2026 ના રોજ રાજ્યમાં અત્યાર સુધીની સર્વોચ્ચ 29,822 મેગાવોટ વીજ માંગ નોંધાઈ હતી. આ માંગ ગત વર્ષે ઓક્ટોબર મહિનામાં નોંધાયેલી 21,822 મેગાવોટની સરખામણીએ 36.6% વધુ છે.

એટલું જ નહિં, તા. 16.10.2026 ના રોજ રાજ્યનો દૈનિક વીજ વપરાશ 574 મિલિયન યુનિટ રહ્યો હતો તે ગત વર્ષના ઓક્ટોબર મહિનામાં આ વપરાશ 457 મિલિયન યુનિટ હતો તે દર્શાવે છે કે વીજ વપરાશમાં 27% જેટલો વધારો થયો છે.

રાજ્યમાં કુલ સપ્લાય કરવામાં આવેલી વીજળીમાંથી PGVCL માં અંદાજે 30%, DGVCL માં 22%, UGVCL માં 22%, MGVCL માં 10% અને અન્ય ડિસ્કોમમાં 16% વપરાશ થયો છે તેમ પણ જણાવવામાં આવ્યું હતું. કૃષિ લોડ વધીને દૈનિક મહત્તમ 12,000 મેગાવોટ સુધી રહ્યો છે. આગામી દિવાળીના તહેવારોને કારણે રાજ્યની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ધમધમતી થતાં વીજ માંગમાં વધારો થયો છે. કોલસાનો પુરવઠો સુનિશ્ચિત કરવા GSECL ને જરૂરી કોલસાના રેક ઉપલબ્ધ કરાવવા માટે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠકો યોજવામાં આવી હતી.તદઅનુસાર કેન્દ્રીય કોલસા મંત્રાલયે નવેમ્બર સુધી રોજના 10 થી 11 રેલવે રેક અને નવેમ્બરથી રોજના 13 થી 14 રેકનો પુરવઠો સુનિશ્ચિત કરવાની ખાતરી આપી છે. રાજ્યનાં વીજ મથકોમાં કોલસાનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સમક્ષ કરાયેલી રજૂઆતના ભાગરૂપે, NTPCના ફરક્કા પ્લાન્ટમાંથી નવેમ્બર માસ માટે 329 મેગાવોટ વીજળી ફાળવવામાં આવી છે. આસામના કેન્દ્ર સરકારના પાવર જનરેશનના ફાળામાંથી લાંબા ગાળા માટે 551 મેગાવોટ વીજળી પ્રાપ્ત થઈ છે. હાલમાં કરારિત NTPCના બાઢ-I અને દાદરી-I થર્મલ પાવર સ્ટેશનના 716 મેગાવોટના કરારની મુદત એક વર્ષ વધારીને માર્ચ 2028 સુધીની કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર હસ્તકના પાવર જનરેશનના અન-એલોકેટેડ ફાળામાંથી 500 મેગાવોટની વધારાની ફાળવણી માટે રાજ્ય દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગ્રામ સેવકોને હવે રૂા.2700 નું પ્રવાસ ભથ્થુ, રાજય કેબીનેટ બેઠકમાં નિર્ણય



અમદાવાદ : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં ગ્રામીણ વિસ્તારોમાં ખેતીવાડી અને કૃષિ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરતા ગ્રામસેવકોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય અંગેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કૃષિ વિભાગ હેઠળ હાલ આશરે 2,900 જેટલા ગ્રામસેવકો કાર્યરત છે. સરેરાશ એક ગ્રામસેવકને પોતાના ફાળવેલા સેજામાં 4 થી 5 ગ્રામ પંચાયતોના ગામો અથવા અમુક વિસ્તારોમાં તેથી પણ વધુ ગામોમાં સતત ક્ષેત્રિય પ્રવાસ કરવાનો રહે છે. આ બાબતને ધ્યાને રાખીને, ગ્રામસેવકોને અગાઉ મળતા માસિક રૂ. 1,850ના પ્રવાસ ભથ્થામાં રૂ. 850નો વધારો કરીને માસિક રૂ. 2,700 કરવાનો પ્રોત્સાહક નિર્ણય કરવામાં આવ્યો છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક એ રાજ્ય સરકાર અને ખેડૂતો વચ્ચેની કડીરૂપ પાયાના કર્મચારી છે. રાજ્યમાં ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં સતત વધારો થયો છે. ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓ અને સહાયનો લાભ સરળતાથી મળે તે માટે ગ્રામસેવકો નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહ્યા છે.

જિયો આઈપીઓ : ઓનલાઇન યુગમાં પણ સૌરાષ્ટ્રના રોકાણકારોમાં 'મેન્યુઅલ ફોર્મ' ભરવાનો અનોખો ક્રેઝ

આઈપીઓ માર્કેટ માટે સૌરાષ્ટ્ર ફેવરિટ : - આઈપીઓ ખુલતા જ ખંભાળિયાના રોકાણકારોમાં અરજી કરવા જોવા મળતો જબરજસ્ત ઉત્સાહ

જામ ખંભાળિયા : દેશના સૌથી આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહેલા જિયોના આગામી આઈપીઓને લઈને સમગ્ર ગુજરાત સહિત ખાસ કરીને ખંભાળિયા, દ્વારકા, જામનગર સહિત સૌરાષ્ટ્રના રોકાણકારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને રોમાંચ જોવા મળી રહ્યો છે.

ડિજિટલ ટ્રાન્જેક્શનના આ આધુનિક સમયમાં પણ સૌરાષ્ટ્રના શેરબજારના જૂના અને અનુભવી રોકાણકારોમાં એક રસપ્રદ અને દ્રઢ માન્યતા પ્રવર્તી રહી છે કે, આઈપીઓ માટે જો ફિઝિકલ એટલે કે મેન્યુઅલ ફોર્મ ભરીને અરજી કરવામાં આવે તો શેર અલોટમેન્ટ લાગવાની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધી જાય છે. આ અનોખી માન્યતાને કારણે જામનગર અને આસપાસના વિસ્તારોમાં શેર બ્રોકર્સ, બેંકો અને ડિડી સબમિશન સેન્ટરો પર અત્યારથી જ મેન્યુઅલ ફોર્મ્સ માટે પૂછપરછ અને આગોતરી તૈયારીઓ તેજ થઈ ગઈ છે.

સ્થાનિક રોકાણકારોનું માનવું છે કે કાગળ પર જાતે વિગતો ભરીને જમા કરાવવાથી નસીબ વધુ સાથ આપે છે. એટલું જ નહીં પરંતુ એક રોકાણ કરે તો એમ પણ કહ્યું હતું કે ઘણીવાર તેમણે યુપીઆઈ મેન્ટેડ મળવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે અને જિયોનો આઈપીઓ ચૂકી જવાય એ તેમને પોસાય એમ નથી એટલે કોઈ પણ પ્રકારનો ચાન્સ લીધા વગર મેન્યુઅલ ફોર્મ સબમીટ કરવા માટે બેંકની બ્રાન્ચ ઉપર આવ્યા હતા.

બુધવારે સવારે બેંકો અને સિક્યુરિટીની ઓફિસો ખુલતાની સાથે જ જામનગરમાં અનેક જગ્યાએ જીઓના આઈપીઓમાં રોકાણ કરવા માટે પરંપરાગત અને આધુનિક રોકાણકારો પણ મેન્યુઅલ ફોર્મ મેળવી સબમીટ કરાવવા માટે લાઈનોમાં લાગી ગયા હતા.



માત્ર જિયો જ નહીં, પરંતુ ભારતીય શેરબજાર અને આઈ.પી.ઓ. માર્કેટ માટે સૌરાષ્ટ્ર હંમેશાથી એક અત્યંત મહત્વનું 'રીટેલ રોકાણ કેન્દ્ર' રહ્યું છે. રાજકોટ, જામનગર, જૂનાગઢ અને ભાવનગર જેવા શહેરોમાંથી મોટા પ્રમાણમાં રીટેલ મૂડીનું રોકાણ થાય છે.

આ જ કારણ છે કે દેશની મોટામાં મોટી કોર્પોરેટ કંપનીઓ અને મરચન્ટ બેંકર્સ તેમના આઈ.પી.ઓ. લોન્ચ કરતી વખતે સૌરાષ્ટ્રના માર્કેટ અને અહીંના રીટેલ રોકાણકારો પર ખાસ ફોકસ રાખે છે.સૌરાષ્ટ્રના રોકાણકારોના આ અજોડ ઉત્સાહ અને 'મેન્યુઅલ ફોર્મ' વાળા દેશી અંદાજને કારણે જિયોનો આઈ.પી.ઓ. સ્થાનિક નાણાકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

પોલીસ આવાસ - કચેરી કેમ્પસમાં મરામત માટે નવી SOP નક્કી કરાઈ

10,000 થી વધુના કામ ખાસ મરામત ગણાશે : સામાન્ય કામો માટે વિવિધ રહીશોને સ્ટોક અપાશે



અમદાવાદ : રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા પોલીસ વિભાગના રહેણાંક તથા બિન-રહેણાંક મકાનોના ચાલુ મરામત અને ખાસ મરામતના કાર્યો માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરતો આદેશ જારી કરવામાં આવ્યો છે.

ગત નાણાકીય વર્ષ 2025-2026 માં ચાલુ મરામત ગ્રાન્ટ અંતર્ગત થયેલા કાર્યોની સમીક્ષા કરતાં ધ્યાને આવ્યું હતું કે, કુલ 4,789 કાર્યો પાછળ થયેલા આશરે રૂા. 19 કરોડના ખર્ચ પૈકી 4,119 જેટલા કાર્યો (રૂા. 17.48 કરોડ એટલે કે 86% કામો) માત્ર "ત્રણ ક્વોટેશન" મેળવીને કરવામાં આવ્યા હતા. આ પદ્ધતિમાં મંજૂરી મેળવવામાં મોટો સમય વ્યતિત થતો હતો તેમજ વહીવટી મુશ્કેલીઓ અને ગેરરીતિના આક્ષેપો પણ થતા હતા.

નવી SOP મુજબ હવેથી "કામોના ત્રણ ક્વોટેશન" મંગાવવાની પદ્ધતિ બંધ કરીને "ચીજવસ્તુઓના ત્રણ ક્વોટેશન" મેળવી જરૂરી સામગ્રીનો પૂરતો જથ્થો કચેરી ખાતે સ્ટોકમાં રાખવાનો રહેશે. પોલીસ હેડક્વાર્ટર ખાતે ક્લોથિંગ આર્ટિકલ્સની જેમ સિવિલ અને વિદ્યુત કામ માટે ખરીદાયેલા તમામ માલસામાનનું નિયત નમૂના મુજબ સ્ટોક રજીસ્ટર અને ઈશ્યુ રજીસ્ટર નિભાવવું પડશે.

સાથોસાથ દર માસની પંચમી તારીખ સુધીમાં વર્ગ-1 કે 2 ના અધિકારી દ્વારા માલસામાનની ભૌતિક ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનું રહેશે. કચેરીના વડાએ દર ત્રણ મહિને એટલે કે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ, ઓક્ટોબરની 10મી તારીખ સુધીમાં જાતે સ્ટોકની ચકાસણી કરવાની રહેશે.

શ્રમ અને રોજગાર વિભાગના દૈનિક વેતન મુજબ અર્ધ-કુશળ શ્રમિકો બોલાવીને કામ કરાવવાનું રહેશે. જો કોઈ મોટું કાર્ય માત્ર માલસામાન ખરીદવાથી ન થઈ શકે અને ત્રણ ક્વોટેશન લેવાની જરૂર પડે, તો કમિશનરેટ, જિલ્લા કે એકમો ખાતે કામ શરૂ કરતાં પહેલાં સક્ષમ ઉપરી અધિકારી (CP / રેન્જ વડા) ની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે.

રૂા. 50 હજારથી વધુના કામોને 'ખાસ મરામત' ગણી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. ના કાર્યપાલક ઈજનેરના પરામર્શમાં રહી દરખાસ્ત મોકલવાની રહેશે.

એકતાનગર ખાતે પ્રવાસીઓ માટે નવું આકર્ષણ

16 કરોડના ખર્ચે નિર્મિત નવી 'એકતા ક્રૂઝ'થી રિવર ટુરિઝમને મળશે વેગ

600 મુસાફરોની ક્ષમતા ધરાવતી આધુનિક ક્રૂઝમાં કેટરિંગ, મનોરંજન અને આધુનિક સેફ્ટી સિસ્ટમની સુવિધા: વિવિધ ઉત્સવો અને પ્રસંગોનું કરી શકાશે આયોજન



અમદાવાદ : ગુજરાતના પ્રવાસન ક્ષેત્રની વિકાસયાત્રાના પ્રતીક સમાન અને નર્મદા જિલ્લામાં એકતા નગર ખાતે સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે પ્રવાસીઓ માટે વધુ એક ભવ્ય આકર્ષણ ઉમેરાયું છે. એકતાનગરની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને રિવર ટુરિઝમનો એક વિશેષ અને અદ્ભુત અનુભવ પ્રદાન કરવાના ઉદ્દેશથી સરદાર સરોવર ડેમના નીચેના ભાગમાં નર્મદા નદી પર વધુ સુવિધાયુક્ત નવી 'એકતા ક્રૂઝ'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

રૂપિયા 16 કરોડના ખર્ચે નિર્મિત આ ક્રૂઝ આધુનિક સેફ્ટી સિસ્ટમ, સંગીતની સુવિધાઓ, આરામદાયક બેઠક વ્યવસ્થા તેમજ કેટરિંગ અને ડાઈનિંગની ઉત્તમ સુવિધાઓથી સજ્જ છે. આ ભવ્ય ક્રૂઝમાં વિવિધ કાર્યક્રમો, ઉજવણીઓ, સામાજિક સમારોહો તથા મનોરંજક પ્રવૃત્તિઓનું ભવ્ય આયોજન કરી શકાશે.

એકતાનગર ખાતે નર્મદા નદી પર રિવર ટુરિઝમ તેમજ મનોરંજનલક્ષી પ્રવૃત્તિઓને મોટો વેગ મળશે. સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ પ્રવાસન પ્રવૃત્તિઓ માટે નર્મદા રિવરફ્રન્ટનો વધુ સારો ઉપયોગ શક્ય બનશે. નદી આધારિત આવા અનોખા પ્રવાસન આકર્ષણથી સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે આવતા પ્રવાસીઓનો એકંદર અનુભવ વધુ યાદગાર બનશે. ક્રૂઝ પર વિવિધ કાર્યક્રમોના આયોજન અને ઓન-બોર્ડ કેટરિંગ સુવિધા દ્વારા સ્થાનિક સ્તરે આવક અને રોજગારીની નવી તકો સર્જાશે. પ્રવાસન સુવિધાઓમાં વૈવિધ્ય આવવાથી પ્રવાસીઓ એકતાનગર ખાતે વધુ સમય રોકાવા માટે પ્રોત્સાહિત થશે.એક અગ્રણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન તથા સાંસ્કૃતિક સ્થળ તરીકે એકતાનગરની ઓળખ વધુ સુદ્રઢ બનશે.

નવી એકતા ક્રૂઝની મુખ્ય વિશેષતાઓ

- મુસાફરોની ક્ષમતા: એકસાથે 600 મુસાફરો પ્રવાસ કરી શકે તેવી વિશાળ ક્ષમતા.
- વિશાળ વિસ્તાર: અંદાજિત 380 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી આધુનિક ડિઝાઇન.
- શક્તિશાળી એન્જિન: સુગમ અને સુરક્ષિત સંચાલન માટે 400 હોર્સપાવર (HP)નું ક્ષમતાવાન એન્જિન.
- વીજ પુરવઠો: ક્રૂઝમાં વીજળીની તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે ચાર ડીઝલ જનરેટર સેટ.
- મનોરંજન સુવિધા: જાહેરાતો, મનોરંજન અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે લાઇવ મ્યુઝિક સિસ્ટમ.
- સુરક્ષા વ્યવસ્થા: આગથી રક્ષણ અને મુસાફરોની સંપૂર્ણ સલામતી માટે આધુનિક સેફ્ટી સિસ્ટમ.
- સુવિધાસભર બેઠક: પ્રવાસીઓ માટે અત્યંત આરામદાયક બેઠક વ્યવસ્થા.
- કેટરિંગ સુવિધા: તાજું ભોજન અને અલ્પહાર પીરસવા માટે ક્રૂઝ પર જ ઓન-બોર્ડ કેટરિંગ અને ડાઇનિંગની વ્યવસ્થા.

ડ્રગ્સની હેરાફેરી રોકવા પોલીસ હવે કુરિયર કંપનીઓની મદદ લેશે

પાર્સલના નામે ડ્રગ્સ ઘુસાડવાના વધતા કિસ્સાને ધ્યાને રાખીને પોલીસ એલર્ટ : માલ મોકલનારના વેરીફીકેશન - ફોટા ફરજીયાત કરવા સહિતની પ્રક્રિયા પર વિચારણા



અમદાવાદ : ગુજરાતમાં ડ્રગ્સ-નશાનો કારોબાર વધી રહ્યો છે અને લગભગ રોજેરોજ નાના-મોટા જથ્થામાં કેફી દ્રવ્યો પકડાય રહ્યા છે.ત્યારે ડ્રગ્સ માફીયાઓ પર ત્રાટકવા તથા હેરાફેરી રોકવા માટે પોલીસે કુરીયર કંપનીઓ તથા ટેકનોલોજી એપ આધારીત ડીલીવરી સર્વીસ કંપનીઓની મદદ લેવાનું નકકી કર્યું છે.

અમદાવાદ હાઈવે પરથી બે દિવસ પહેલા જ 25.65 કરોડનું ડ્રગ્સ પકડાયુ હતુ. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવા મહાનગરોથી માંડીને રાજયભરનાં શહેરોમાં ગાંજો, અફીણ, એમડી ડ્રગ્સ સહિતના કેફી દ્રવ્યો પકડાઈ રહ્યા છે. કુરીયર મારફત હેરાફેરીનાં કેસો પકડાઈ રહ્યા છે.

ત્રણ દિવસ પૂર્વે જ પોલીસે એક ડીલીવરી બોયને આંતરીને સામાનની તલાસી લેતા ઈયરબડના બોકસમાંથી એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. કુરીયર-ટ્રાન્સપોર્ટ મારફત દારૂની હેરાફેરી પણ થઈ રહી છે. કેટલાંક કિસ્સામાં બાતમીનાં આધારે પોલીસ એકશન લેતી હોવા છતાં ઘણા કિસ્સામાં હેરાફેરી પકડાતી ન હોવાની શંકા છે.

સીનીયર પોલીસ અધિકારીઓએ કહ્યું કે ટ્રાન્સપોર્ટ અથવા કુરીયર મારફત ડ્રગ્સ-દારૂની હેરાફેરી કરનારા માલ સ્વીકારના નામ અને મોબાઈલ નંબર પણ બોગસ લગાવતા હોય છે. ડીલીવરી લેવા રૂબરૂ જવાના બદલે ડીલીવરી બોયના નંબર મેળવીને ગમે ત્યાં અધવચ્ચે જ પાર્સલ છોડી દેતા હોય છે.

ઈયરબડમાંથી પકડાયેલા એમડી ડ્રગ્સમાં સમાન મોડસ ઓપરેન્ડી અજમાવવામાં આવી હતી. ત્રીજી વ્યકિતનાં નામે માલનું બુકીંગ કરાવાયું હતું અને ડ્રગ પેડલરે ડીલીવરી બોયનો સંપર્ક કરીને અધવચ્ચે મેળવી લેવાનું પ્લાનીંગ કર્યું હતું.

આ કેસમાં ડીલીવરીબોયને શંકા જતા પોલીસનું ધ્યાન દોર્યું હતું અને તેના આધારે ડ્રગ પેડલરની ધરપકડ શકય બની હતી. આ કેસને ધ્યાને રાખીને શંકાસ્પદ હેરફેરમાં કુરીયરબોય અને ટ્રાન્સપોર્ટરોની મદદ અસરકારક બની શકે તેમ હોવાનું માનીને તેઓની મદદ લેવાનો વ્યુહ અપનાવવામાં આવ્યો છે. પોલીસના સુત્રોએ કહ્યું કે પાર્સલમાં ડ્રગ્સ છે અન્ય કોઈ ગેરકાયદે સામાન-પદાર્થ ન હોવાની બાહેંધરી લેવાની એક રણનીતી છે.આ ઉપરાંત બાહેંધરી લેવાની એક રણનીતિ છે. આ ઉપરાંત બાહેંધરી પત્રના વિકલ્પમાં માલ બુકીંગ કરાવનાર વ્યકિતના ફોટો પાડીને એપ્લીકેશનમાં અપલોડ કરવાની પ્રક્રિયા પણ અસરકારક બની શકે છે. કાંઈ ગેરકાયદે ચીજવસ્તુઓ પકડાય તો ગુનેગાર સુધી પહોંચવાનું આસાન બની શકે છે. નશાનાં કારોબાર પર બ્રેરક લગાવી શકાય તેમ છે. પોલીસ તંત્ર દ્વારા અનેક વિકલ્પો પર વિચારણા કરવામાં આવી રહી છે. પાર્સલ બુકીંગમાં વધુ જવાબદારી ઉભી કરવાનો વ્યુહ છે. અને તેના આધારે ડ્રગ્સ-શરાબનાં દુષણ પર રોક લાગી શકે તેવી ગણતરી છે.

PRINTER / PUBLISHER / OWNER / EDITOR : **SEEMA SHAH** PUBLISHED : "STOCK TODAY" M : 99985 29220 : 102, Atithi Annexi Pritamnagar Akhada Paldi, Ahmedabad. (GUJARAT) 380 007.
Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad - 380 009.